રજિ. નં. બી ૫૩૬૦

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪ અંક ૧

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક ,, ,, ૧-૮

અમદાવાદ, ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭

વાર્ષિક લવાજમ પરદેશમાં
રૂ. ૫ શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (મંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

પંદરમી ઑગસ્ટની ઉજવણી

પંદરમી ઑગસ્ટને દિવસે લોકોને મેં ઉપવાસ અને ઈશ્વરની પ્રાર્થના કરવાની સલાહ આપી છે, તે માટે મને ઊલટો લેવામાં આવ્યો છે. એ શોકનો કાર્યક્રમ નથી? હું જણાવીશ કે એ શોકનો કાર્યક્રમ ખસૂસ નથી. બેશક, દેશના મુલકના બે ભાગલા થયા છે એ ગમગીનીને માટે પૂરતું કારણ છે. પરંતુ બ્રિટિશ લોકો પોતાની સત્તા સંકેલી લઈ હિંદમાંથી ચાલી નીકળે છે તેટલા ખાતર આનંદ ઊજવવાનું યે પૂરતું કારણ છે. ઉપરાંત એ પ્રસંગે આપણને સૌને પસ્તાવો કરી અંતરની પરીક્ષા કરવાને જોઈએ તેટલાં કારણો છે. ૧૯૧૯ની સાલના એપ્રિલ માસની છઠ્ઠી તારીખે આખો દેશ જાગીને બેઠો થયો હતો અને હિંદુ ને મુસલમાન તેમજ બીજા પરસ્પર છૂટથી હળતામળતા હતા તે દિવસની ઉજવણીને માટે પણ મેં

પ્રાર્થના, ઉપવાસ અને કાંતણનો કાર્યક્રમ આપ્યો હતો. આજે જ્યારે ભાઈ ભાઈની સામે લડે છે, ખોરાકના પદાર્થોની અને કાપડની તંગી છે, અને ઈશ્વરની રહેમ વિના જે ઉપાડવાથી જબરા જબરા માણસોનીયે કેડ ભાંગી જાય એવો બોજો ઉપાડવાની જવાબદારી દેશના આગેવાનોને માથે આવી છે, તે પ્રસંગે ઈશ્વરની આગળ નમ્ર બનવાની આજે તો તે દિવસના કરતાં કેટલીયે વધારે જરૂર છે.

૧૯૪૭ ગાંધીજી

આપણી ફરજ

ઘણી વાર આપણે આપણી સાચી ફરજમાંથી છટકવા માટે કોઈ ને કોઈ રસ્તો શોધી કાઢીએ છીએ. કોઈ ખેડૂત અનાજ ઉત્પન્ન કરતો હોય તો કર આપવાની ફરજમાંથી શી રીતે છટકી શકાય એ જ ઘણું કરીને તે વિચારતો હોય છે. અમલદારને કંઈ લાંચ-રુશવત જેવું આપીને ઓછો કર શી રીતે અપાય એની તે પેરવી કરે છે. ઘણાખરા વેપારી વગેરે પણ એ જ પ્રમાણે વર્તવાનો ખોટો માર્ગ શોધે છે. અને અધૂરામાં પૂરું રાજ્યના અધિકારીઓ પણ એમાં ભળતા હોય છે. પછી દેશનું કલ્યાણ શી રીતે થાય?

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. મુસ્લિમ ધર્મના વડા તે બધાં મુસ્લિમ રાજ્યના વડા મનાતા અને તેમને ખલીફાને નામે ઓળખવામાં આવતા. જ્યારે હારુન અલ રશીદ ખલીફા થયા ત્યારે તેમની ઉંમર નાની હતી. તે વખતે મિસર દેશમાં તેમનો જે સૂબો હતો તે પ્રજા પર જુલમ

ગુજારતો હતો અને ખલીફાની વિરુદ્ધમાં લોકોને ઉશ્કેરતો હતો. તેથી ખલીફા હારુન અલ રશીદે પોતાના દરબારીઓને ભેગા કર્યા અને બધી વાત કહી. દરબારીઓને થયું કે, આપણામાંથી કોઈને એ જગ્યા મળે તો કેવું સારું! પણ ખલીફા બોલ્યા: 'એ જગ્યા માટે અબુ હાફિજને મોકલીએ તો કેમ?'

દરબારીઓ કહેવા લાગ્યા: 'નેક નામદાર, આપ આ શું બોલ્યા? અબુ હાફિજનો દીદાર તો જુઓ! એને શી રીતે ખલીફાનો સૂબો બનાવી શકાય? બાડી આંખો, કદરૂપું મોં અને લઘરવઘર કપડાં! એથી તો આપણી આબરૂ જાય.'

ખલીફા બોલ્યા: 'મારે સારાં કપડાંમાં સજ્જ થયેલો સેતાન નથી જોઈતો; મારે તો ઉમદા હૃદયવાળો માણસ જોઈએ છે. અબુની લાયકાત એના ઉમદા હૃદયમાં રહેલી છે.'

પછી ખલીફાએ અબુને બોલાવ્યો અને તેને બધી વાત કહી. અબુ હાફિજે નમ્રતાથી કહ્યું, 'નામદાર, આપનો હુકમ માથે ચડાવું છું. પણ એક શરત છે: મિસરમાં જઈ ત્યાંના રાજકારભારનું ગાડું ચીલે ચડાવી હું અહીં પાછો ચાલ્યો આવીશ.'

ખલીફાએ શરત કબૂલ કરી અને અબુ હાફિજ મિસર ગયો. ત્યાં જઈ પૂછપરછ કરતો તે મિસરના રાજા મૂસાના મહેલમાં ગયો. મૂસા તે વખતે પોતાના દરબારીઓની ખુશામતભરી વાતો સાંભળી રહ્યો હતો. દરબારી ગયા એટલે અબુ મૂસા પાસે આવ્યો. મૂસાને થયું કે, કોઈ ગરીબ માણસ દયાની અરજી કરવા આવ્યો હશે. તેથી તે બોલ્યો: 'તારે કંઈ ફરિયાદ છે?'

અબુ ઊભો થઈ શાંતિથી બોલ્યો, 'મારે મિસરની સૂબાગીરી જોઈએ છે. આ રહ્યો ખલીફાનો આજ્ઞાપત્ર.'

આ સાંભળી મૂસાને ભારે નવાઈ લાગી. તેણે અબુને માન આપી બેસાડ્યો.

બીજે દિવસે મિસરમાં ખલીફાના સૂબા તરીકે અબુને જાહેર કરવામાં આવ્યો. જૂના રિવાજ મુજબ મિસરના લોકો નવા સૂબાને ભેટ આપવા ભેગા થયા. અબુને એની જાણ થતાં તે બોલ્યો: 'ભેટ કેવળ રોકડ નાણાંમાં લેજો અને દરેકના પડીકા ઉપર ભેટ આપનારનું નામ લખજો.' કારભારીઓને આવા વિચિત્ર હુકમની સમજ પડી નહીં. પણ તેઓએ અબુના હુકમનો અમલ કર્યો.

અબુના અમલનું પહેલું વર્ષ તો લોકોને આશીર્વાદરૂપ ગયું. પરંતુ બીજે વર્ષે લોકો રાજ્યનો કર આપવાની બાબતમાં ખોટાં બહાનાં બતાવવા લાગ્યા. એટલે અબુએ તેમને બોલાવ્યા અને રાજ્યની તિજોરીમાંથી તેમના નામનાં ભેટનાં પડીકાં તેમને પાછાં આપી કહ્યું: 'આ તમારા જ પૈસા છે. એમાંથી રાજ્યને જે કર આપવાનો છે તે આપી દો. કર એ આપણા ઉપર રાજ્યનું પ્રામાણિક દેવું છે. એ આપણે ચૂકવવું જ રહ્યું. હંમેશ યાદ રાખજો કે, જે પોતાનું પ્રામાણિક દેવું ભરતો નથી તે ખુદાનો ગુનેગાર છે અને તે પોતાની સાચી ફરજ પણ ચૂકે છે.'

આ વાતની લોકો ઉપર ઊંડી અસર થઈ અને લોકોને પોતાના રાજ્ય પ્રત્યેની સાચી ફરજનું ભાન થયું.

શકુલભાઈ

ગધેડાની યુક્તિ

પોતાના ગધેડા પર મીઠું લાદીને એક વેપારી ગામ જતો હતો. રસ્તામાં એક વહેળિયું આવતું હતું. તેના પર પાટિયાંનો સાદો ગામઠી પુલ હતો. તે પરથી જતાં એક દહાડો ગધેડાનો પગ સરક્યો અને તે નીચે પડી ગયું. વહેળિયામાંથી તરીને સામે પાર આવ્યું. પણ પાણીમાં પલળવાથી મીઠું ઓગળીને ઘણું ઓછું થયું. આથી ગધેડાને બોજો ઓછો થયેલો લાગ્યો, તેથી તેને મજા પડી. પછી તો જ્યારે જ્યારે આ જગાએથી જવાનું થાય ત્યારે ત્યારે ગધેડું નીચે ગબડી પડે; એમ ભાર ઓછો કરી લેવાની રીત જ એણે તો બનાવી કાઢી. વેપારીને આમ કેમ પાલવે? તેને તો મીઠાનું નુકસાન થાય. તેણે વિચાર કર્યો કે, ગધેડાને પાઠ શીખવવો પડશે. એક વાર તેણે એવું કર્યું કે મીઠું ભરવાને બદલે વાદળીના ટુકડાનો ઢગ તેના પર લાદ્યો, અને ગામ જવા નીકળ્યો. પેલો પુલ આવતાં ગધેડું તેના નિયમ પ્રમાણે પાણીમાં પડી ગયું, અને તરીને સામે પાર આવ્યું. પણ આ વખતે ભાર હળવો થવાને બદલે એવો તો વધી ગયો કે, માંડ માંડ પાણીમાંથી નીકળાયું અને કેમે કર્યું ચલાય નહીં. વાદળીના ટુકડા પાણીથી તરબોળ થયા હતા. વેપારીએ એ બધા ભાર સાથે તેને ગામ સુધી હાંકી આણ્યું.

પ્રામાણિકપણે પોતાનું કામ ન કરનારા આમ જ મૂર્ખ બનીને છેવટે ફસાય છે.

૧૦-૮-'૫૧ મગનભાઈ દેસાઈ

મોટા માણસોનાં મન

(૭)

૧૯૩૦ની વાત છે. શ્રી. મહાદેવભાઈને સજા થયા પછી પોલીસ તેમને જેલગાડીમાં લઈ જવા લાગી. બહાર લોકોનું ટોળું મહાદેવભાઈનું સ્વાગત કરવા ભેગું થયું હતું. પણ પોલીસ સાર્જંટને આ ગમ્યું નહીં, એટલે મહાદેવભાઈને જેલગાડીમાં બેસાડીને ઝડપથી ગાડી હંકારી મૂકી. આથી લોકો ઉશ્કેરાયા અને એક જણે પેલા સાર્જંટ તરફ તાકીને પથ્થર માર્યો. પથ્થર પેલા સાર્જંટને બરાબર દાઢી પર વાગ્યો. તે એકદમ બૂમ પાડી ઊઠયો અને પથ્થર હાથમાં લઈ ગાળો દેવા લાગ્યો. મહાદેવભાઈએ સાર્જંટને કહ્યું: 'તમે મોટર જરા થંભાવો. હું લોકોને સમજાવું અને તેમની આ ભૂલ માટે તમારી માફી માગવા કહું.' પણ પેલા ગોરાએ માન્યું નહીં અને બબડયા કર્યું. એટલે મહાદેવભાઈ બોલ્યા: 'જે બન્યું છે તેનાથી મને ભારે વસમી ચોટ પહોંચી છે, પણ અહીં ગાડીમાં પુરાયેલો હું શું કરું? મને અત્યંત શરમ ઊપજે છે, અને તમે કહો તે પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું. તમે એ પથ્થરથી મને મારો. લાવો, એ પથ્થર મને આપો. જો તમારા હૃદયને શાંતિ થતી હોય તો એ પથ્થરથી હું મારી જાતને સજા કરું.'

મહાદેવભાઈના આવા પ્રેમાળ શબ્દો સાંભળીને પેલો સાર્જંટ શાંત થયો અને થોડી વારમાં તો તે મહાદેવભાઈ સાથે વાતો કરવા મંડી પડયો. મહાદેવભાઈએ સાર્જંટને આશ્રમ જોવા નિમંત્રણ આપ્યું અને તેમનું નામ પૂછયું.

સાર્જંટે લખવા માટે કાગળની ચબરખી કાઢી. મહાદેવભાઈએ લખવા પોતાની પેન આપી.

એટલામાં જેલનો દરવાજો આવી ગયો. ગોરાએ પેન મહાદેવભાઈને પાછી આપવા માંડી. એટલે મહાદેવભાઈ બોલ્યા : 'એ પેન આ પ્રસંગના સ્મરણ તરીકે ભલે તમારી પાસે રહી. અને પેલો પથરો મને આપી દો.'

સાર્જંટે પથરો તેમને આપ્યો. મહાદેવભાઈ પથરો ગાડી બહાર ફેંકતા બોલ્યા : 'આની સાથે આ પ્રસંગની કડવી યાદ પણ ફેંકી દેજો.'

પેલો સાર્જંટ હસતાં હસતાં બોલ્યો : 'એ તો ક્યારનીય ફેંકાઈ ગઈ.'

ચુનુભાઈ

દારૂનિષેધ સફળ છે

'આજે દિવાસાનો દિવસ છે. આ જિલ્લામાં આ દિવસ એ ખાસ કરીને પછાત ગણાતી કોમો માટે ઉત્સવનો દિવસ ગણાય છે. આજથી ચાર વર્ષ પહેલાં, આ દૂબળા (હળપતિ) લોકો આ દિવસે પણ ચીંથરેહાલ દશામાં જોવામાં આવતા, હવે તેઓ અને ખાસ કરીને તેમની સ્ત્રીઓ વ્યવસ્થિત કપડાં વગેરે પહેરીને ફરવા નીકળે છે. એ દારૂનિષેધનો પ્રતાપ છે : મારા ઘરમાં હજી સ્ટેઇનલેસ સ્ટીલનાં વાસણો નથી વસ્યાં, પણ મારી નોકર બાઈનાં ઘરમાં આ વાસણો આવી ગયાં છે એ પણ દારૂનિષેધનો પ્રતાપ છે.'

સુરત જિલ્લાની એક કૉલેજના અધ્યાપકે ઉપરના શબ્દોમાં દારૂનિષેધની નીતિને અંજલિ આપી. છૂટાછવાયા લોકો ચોરીછૂપીથી દારૂ પીતા હશે. પણ જનતાના સામાન્યવર્ગ ઉપર

સરકારની આ ભૂતદયાની નીતિની જે અસર થઈ છે તેનું આ પ્રમાણપત્ર છે. ઈશ્વર આપણને આ દિશામાં વધારે સફળતા આપો.

પરીક્ષિતલાલ મજમુદાર

આપણા હાથ

આપણને બીજાં સર્વ પ્રાણીઓ કરતાં આગળ વધારનાર શું હશે?

આપણી આંખો? ના રે ના! આંખની બાબતમાં તો બીજાં પ્રાણીઓ આપણા કરતાં બહુ જ શક્તિશાળી છે. સમડી અને ગરુડની આંખો દૂરબીન જેવી હોય છે. બિલાડી, વાઘ વગેરેની આંખો દિવસ અને રાત બંને વખતે કામ આપે તેવી હોય છે. કૂતરાં કબૂતર જેવાં પ્રાણીઓની નજર એવી છે કે, એક વાર જે માર્ગે નીકળે, તે માર્ગે પાછા ફરતાં તે કદી વાટ ચૂકતાં નથી.

એ જ પ્રમાણે આપણાં નાક અને કાન પણ બીજાં જનાવરોની સરખામણીમાં બહુ જ નબળાં છે. પાણીની માછલીના કાન કેટલા બધા સરવા છે! તેને પકડવા ખાતર બગલાને કેટલી બધી ચુપકીદી જાળવતાં શીખવું પડે છે! ઘોડાનું તેમજ કૂતરાનું નાક કેવું અદ્ભુત છે! માત્ર વાસથી તેઓ પોતાના માલિકને ઓળખી કાઢે છે. અરે, કીડી જેવા ઝીણા જંતુનું નાક પણ જુઓ ને. તેની સાથે સરખાવતાં આપણું નાક તો સાવ નકામું જ ગણી શકાય. એક ખાંડની કણી ક્યાંક ખૂણામાં પડી હશે તે પણ કીડી શોધી કાઢશે! ત્યારે આપણે માણસો, નજીકમાં ખાંડની વખાર હશે તે પણ નાકથી જાણી શકીશું નહીં.

આપણી પાસે એક જ અંગ એવું છે કે જેણે આપણને

આગળ વધારવામાં અતિ મોટો ફાળો આપ્યો છે. તે છે આપણા હાથ. કેવા અદ્‌ભુત એ હાથ! મજબૂત કાંડાંમાં બેસાડેલા, ત્રણ ત્રણ વેઢાવાળી પાંચ આંગળીઓવાળા, અને સુંદર ગાદીથી મઢેલા પંજાવાળા! કેવી અદ્‌ભુત એ હાથની શક્તિઓ! નાની સરખી ચપટી પકડી શકે તેમ મોટા મોટા ધણ ઉપાડી શકે. ઘા કરે તો ધારી તાક મારી શકે, ઘા આવે તો ઝીલી શકે. વગર કાંટે વજન પારખી શકે, વગર-માપે ધાર્યો ઘાટ ઉતારી શકે.

માણસના હાથની ખૂબી એના અંગૂઠામાં છે. ચાર આંગળીઓથી જુદો હોવા છતાં એ એમની સાથે સહકાર કરી શકે છે. એટલે જ આપણને પૂણી કે સોય પકડતાં ફાવે છે, ચપટીથી ટાંકણી પણ ઊંચકી શકાય છે. અંગૂઠો ન હોત તો આપણને કઈ કઈ અગવડો આવત એનો વિચાર કરશો તો ખબર પડશે.

ભીલનો છોકરો ધનુર્વિદ્યા શીખી અર્જુનથી ચઢિયાતો થયો એ સારું ન લાગવાથી દ્રોણાચાર્યે એ ભીલ પાસેથી તેનો અંગૂઠો માગી લીધેલો, એ કથા તમે સાંભળી હશે. એ કથા સાચી હોય કે ન હોય, પણ અંગૂઠાનું મહત્ત્વ બતાવવા બરોબર કામની છે.

વળી, વણવાના કામમાં પણ અંગૂઠો ઘણો ઉપયોગી છે. તેથી જ્યારે ઈસ્ટ ઇંડિયા કંપનીના અંગ્રેજ અમલદારો બંગાળના વણકરો પાસે જોરજુલમથી વણવાનું કામ લેતા, ત્યારે કેટલાક વણકરો ત્રાસીને પોતાના અંગૂઠા નકામા કરી નાખતા. એ વાત ઇતિહાસમાં મશહૂર છે.

હાથનો ઉપયોગ કરતાં કરતાં માણસની બુદ્ધિને બહુ બહુ સૂઝ

પડી. તેણે હાથથી ઝાલી વાપરવાનાં જાતજાતનાં ઓજારો શોધી કાઢયાં. હાથમાં ઓજારો લઈ માણસે માટીનાં માટલાં ઘડયાં, લાકડાં ઘડયાં, લોઢું વગેરે ધાતુઓના ઘાટ ઘડયા. તેણે ખેતર ખેડયાં અને દેવતા સળગાવ્યા. તેણે ઘર બાંધ્યાં, કૂવા તળાવ ખોદ્યાં. વળી તેણે સૂતર કાંતી કપડાં વણ્યાં અને ચામડાં કેળવી જોડા પહેર્યા. તેણે જમીન પર દોડવા ગાડાં અને પાણીમાં દોડવા વહાણ બનાવ્યાં. તેણે આંગળીઓમાં નાની નાજુક પીંછીઓ, મજેદાર ટાંકણાં અને કલમો પકડી ચિત્રો દોર્યાં, કોતરકામ કર્યાં, અને પુસ્તકો લખ્યાં.

પશુપક્ષી કીટકોએ પણ પોતાની અક્કલ કંઈક તો ખીલવી છે. હાથ ન હોવા છતાં એટલું કર્યું એ માટે તેમને શાબાશી આપવી જોઈએ.

જુઓ ને, આપણા ઘરમાં જ રહેનારી બિલાડી બાઈ. ઊંચે ટાંગેલું શીંકું સર કરવા તે કેવી ચારે તરફ ડોકી મરડી હિસાબો કરે છે! હિસાબ લગાવી અંતે બિલાડી જે રસ્તો ઠરાવે છે, એના કરતાં વધારે સારો રસ્તો કોઈ ઇજનેર સાહેબ પણ ન શોધી શકે.

મધમાખી તો તેનાથીયે નાની. પણ વગર ફૂટપટ્ટીએ અને વગર કોણમાપકે તે ષટ્કોણોનો સુંદર પૂડો રચે છે, તેવો કોઈ કારીગર બનાવી આપે તો ખરો!

ચતુર સુઘરી પોતાની કઠણ ચાંચ અને પગનાં આંગળાં વડે માળો ગૂંથે છે તે જોઈ આશ્ચર્ય થતું નથી? અરે, પેલું છ પગવાળું જંતુ કરોળિયો જે સુંદર જાળ રચે છે, એમાં તે ઓછી ખૂબી વાપરે છે? એ પ્રાણીઓએ હાથ અને ઓજારો વિના આવી અક્કલ

ચલાવી, તો તેમને બે હાથ હોત તો ?

ખરેખર, હાથ એ આપણને મળેલી મોટામાં મોટી ઇશ્વરી બક્ષિસ છે. તેણે આપણને જાનવરમાંથી માણસ બનાવ્યા છે.

મહાભારતમાં એક શિયાળ અને માણસ વચ્ચેનો સંવાદ છે. નિરાશ થયેલા એક માણસને શિયાળ કહે છે: ઇશ્વરે તમને અમારા કરતાં વધારે બુદ્ધિ આપી છે, તે ઉપરાંત અમને નહીં એવા બે હાથ આપ્યા છે, છતાં તમે હિંમત કેમ હારો છો ?

આપણી ફરજ છે કે આવા બે હાથ વડે આપણે કામકાજ કરીએ, બુદ્ધિ વધારીએ, અને સૌ પ્રાણીઓની સેવા કરીએ.

ગુંડાતત્ત્વનો સામનો

મુંબઈમાં જુહુનો સાગરતટ તેની રમણીયતા માટે સુપ્રસિદ્ધ છે. ત્યાં દરરોજ સાંજે હજારો સ્ત્રીપુરુષો અને બાળકો ફરવા માટે આવે છે. જાણે મોટો મેળો ભરાયો હોય એવું દશ્ય ત્યાં ખડું થાય છે. પૂરીપકોડી અને નાળિયેર-વેચનારાઓની લારીઓ પણ ત્યાં ગોઠવાઈ જાય છે. જ્યાં આવી મોટી સંખ્યામાં લોકો મળતા હોય ત્યાં ખિસ્સાકાતરુ અને ગુંડાઓ પણ પોતાની પ્રવૃત્તિ માટે ફરતા જ હોય છે.

એક સાંજે ત્યાં જે બનાવ બન્યો તે મહત્ત્વનો અને પ્રેરણાદાયી છે. ત્યાં ફરવા આવેલાં સ્ત્રીપુરુષોમાંથી એક પતિપત્નીનું જોડું લોકોનાં ટોળાંથી ઘણું દૂર નીકળી ગયું. હાથમાં હાથ મિલાવી, વાતો કરતું કરતું, તે આનંદની ધૂનમાં ચાલતું હતું. તેમની પાછળ કોણ આવે છે તે તેમણે જોયું ન હતું. દૂર એકાંત જેવું સ્થળ લાગતાં તે ઊભું રહ્યું અને પોતાનાં કપડાં ઉતારી પતિ સમુદ્રમાં સ્નાન કરવા ઊપડ્યો. તેનાં કપડાં નજીક પત્ની બેઠી હતી અને પતિનું સમુદ્રસ્નાન જોવામાં મશગૂલ હતી. તેના ગળામાં સોનાના દાગીના હતા. તે જોઈ પાછળ આવતો યુવક

એકાંત મળતાં લૂંટી લેવાની દષ્ટિથી આવતો હશે. તેણે પેલી સ્ત્રી પર હુમલો કર્યો અને દાગીના ખેંચવા લાગ્યો. સ્ત્રીએ થોડી ટક્કર ઝીલી અને ગુંડાનો સામનો કર્યો. તેની ચીસો સાંભળી તેનો પતિ મદદમાં આવી પહોંચે તે પહેલાં પેલો ગુંડો દાગીના તોડીને નાસવા લાગ્યો. સ્ત્રી પાછળ દોડતી હતી અને "પકડો પકડો"ની બૂમો પાડતી હતી. થોડે દૂર ફરતા એક યુવાને આ અવાજ સાંભળ્યો. તેનું શરીર પણ કસરતથી કસાયેલું હોય એવું લાગતું હતું. તે ગુંડાની પાછળ દોડ્યો. પકડાઈ જવાની બીકે ગુંડાએ સમુદ્રમાં ઝંપલાવ્યું. સમુદ્રમાં પણ યુવાને તેનો પીછો પકડ્યો. તરતા તરતા તે બંને ઠીક ઠીક દૂર નીકળી ગયા. પેલી સ્ત્રી અને તેનો પતિ આ દૃશ્ય જોઈ જ રહ્યાં! અંતે યુવાને ગુંડાને પકડ્યો. ત્યાં એકાએક ગુંડાએ છરો કાઢી પેલા યુવાન પર ઉગામ્યો. યુવાને તેનો સફળ સામનો કર્યો. દાગીના પરથી પેલા યુવકનું લક્ષ છરા તરફ ગયું. તે ઝૂંટવી લેવા સમુદ્રમાં જ હોંસાતુંસી ચાલતી હતી. તે દરમિયાન માછીની એક હોડી ત્યાં આવી પહોંચી બંને ડૂબી જશે એ ભયે તેણે તેમને હોડીમાં ચઢી જવાની વિનંતી કરી. બંને થાકીને લોથપોથ થઈ ગયેલા હોવાથી હોડીમાં ચઢી ગયા. પછી શાંત રહ્યા। સમુદ્રતટે હોડી આવી કે ગુંડાએ કૂદકો મારી નાસવા પ્રયત્ન કર્યો. યુવાન પણ તેની પાછળ કૂદી પડ્યો અને તેને પકડી પાડ્યો. બીજાઓ મદદમાં આવી પહોંચતાં ગુંડાનું તોફાન ચાલ્યું નહીં અને તેને પોલીસને હવાલે કરી દેવામાં આવ્યો.

કદાચ છાપાંને પાને નહીં ચઢેલો હોય એવો આ એક નાનો બનાવ છે. સ્ત્રીઓની છેડતીના, અને ગુંડાઓનાં વિવિધ અટકચાળાંના બનાવો હંમેશાં બનતાં જ હોય છે. છાપાંમાં તે જ્યારે ચમકે છે ત્યારે લોકો રોષે ભરાઈ સરકાર પર દોષ ઢાળવી કહે છે કે આવાં ગુંડાતત્ત્વોને સરકાર કેમ કડક હાથે દાબી દેતી નથી! આવાં ગુંડાતત્ત્વોને નિર્મૂળ કરવા માટે સરકારી યંત્ર તો પોતાની ઢબે કામ કર્યા જ કરતું હોય છે. પણ એક નાગરિક તરીકે આપણું શું કર્તવ્ય છે તે પેલા

બહાદુર અનામી યુવકે આપણને બતાવ્યું છે. સ્ત્રીઓની છેડતી થતી જોવા છતાં આપણે પોતાના રસ્તે ચાલતા થઈ જઈએ છીએ! ગુંડાઓનાં તોફાન કે અટકચાળાં જોઈ દૂર રહેવાની સલામતી શોધીએ છીએ! સમાજના નાગરિકોમાં પડેલી સજ્જનતા આજે એટલી નિષ્ક્રિય થઈ ગઈ છે કે ગુંડાઓને આડકતરી રીતે ઉત્તેજન મળી રહ્યું છે. એ સજ્જનતા સચેતન અને સક્રિય બનવી જોઈએ. અને આવા પ્રસંગોએ પેલા યુવકની જેમ પ્રાણને જોખમમાં મૂકીને ગુંડાઓનો પ્રતિકાર કરવો જોઈએ. તો જ સમાજમાંથી ગુંડાતત્ત્વ નિર્મૂળ થાય.

૧૮-૭-'૫૧ બબલભાઈ મહેતા

આપણો અમલદાર

હું ભાલનાં ગામડાંના પ્રવાસે ગયો હતો. એમાં ધોળેરા જઈ ચડયો. ભાલનાં ઘણાં ગામડાંઓમાં ટપાલ કચેરી નથી, આથી મારે મારી કેટલીક ટપાલ અહીંથી રવાના કર્યા વગર છૂટકો ન હતો. મેં તપાસ કરાવી જોઈ તો ખબર પડી કે વહેલી સવારમાં ૭–૩૦ વાગ્યા પહેલાં, મારે ઉતાવળે મારી ટપાલ પહોંચતી કરવી હોય તો, ટપાલમાં ટપાલ નાખી દેવી જોઈએ.

સવારે વહેલા ઊઠીને મેં મારી ટપાલનું કામકાજ પતાવ્યું. તેમાં પત્તાં અને પરબીડિયાં હતાં, તે તો મેં ટપાલ-પેટીમાં સીધેસીધાં નાખી દીધાં. પણ મારે એક બુક-પોસ્ટ નાખવાનું હતું, અને તેનું વજન પણ સાથોસાથ કરાવવાનું હતું. કેમ કે પ્રવાસમાં વજન કરવાનાં સાધનો મારી પાસે ન હતાં.

મને પોસ્ટ-કચેરી બતાવનાર ભાઈ ત્યાંના જ સ્થાનિક ઉત્સાહી જુવાન છે. તે પોસ્ટ-કચેરીએ મને લાવ્યા, ત્યારે હું બારી તરફ જવા ફર્યો, ત્યારે તેમણે કહ્યું, 'વજન કરાવવું છે ને! અંદર આપણે જઈએ. જાતે કામ પતાવી લઈશું.'

મેં કહ્યું, 'ભાઈ, અંદર જવાનો કાયદો નહીં હોય. થોડી વાર થશે, ત્યાં સુધી આપણે અહીં ઊભા રહીએ.'

'ના, ચાલો ને!'

મારું અંદર જવાનું જરાય મન ન હતું. પણ મારી સાથે આવનાર ભાઈનો ખૂબ આગ્રહ. વળી સ્થાનિક

માણસ. ધોળેરા નાનકડું શહેર — કસબાનું ગામ. આથી કદાચ ટપાલ અંગેના કડક નિયમોનો અમલ ન પણ થતો હોય; એવું વિચારતો હું અંદર જાઉં છું ત્યાં તોછડાઈભરી રીતે, સત્તાવાહક અવાજે પાતળા સરખા જુવાન અમલદારે કહ્યું, 'બહાર બારી પર આવો.'

ઉત્સાહી જુવાન ભાઈ છોભીલા પડી ગયા. મેં તેમને આશ્વાસનના બે વેણ કહ્યાં અને અમે બારી પર ગયા. ટપાલ અમલદાર તેમનું કેટલુંક કામ પતાવીને મારી તરફ નજર નાખી બોલ્યા, 'લાવો, શું કામ છે?'

મેં મારું બુક પોસ્ટ તેમની સામે ધર્યું ને કહ્યું, 'સાહેબ, જરા વજન કરાવવું છે. વજન કરી આપશો?' 'તમને ખબર નથી કે વજન અહીં નથી થતું!' મેં કહ્યું, 'ખબર છે, સાહેબ! પણ બહારગામનો છું, તેથી મારે આપની મદદની જરૂર ઊભી થઈ છે. મહેરબાની કરી વજન કરી આપો તો સારું.'

તેમના મનમાં પ્રભુ વસ્યા, ને તેમણે વજન તો કરી આપ્યું. પણ આ બની ગયેલ પ્રસંગે મને વિચારતો કરી દીધો કે, ટપાલખાતામાં પણ આટલાં તોછડાઈ અને અવિનય! સ્વતંત્ર દેશનો આ અમલદાર! આ અમલદારને આપણે સેવક કહી શકીશું? અમલદારે તો પ્રજાની ગુરકલીમાં પડખે ઊભવું જોઈએ.

પુષ્કર ચંદરવાકર

જનતા અને સમાજશિક્ષણના કાર્યકર્તાઓને વિનંતી

સમાજશિક્ષણને વેગ મળે અને પ્રૌઢોને સાચી કેળવણી મળે તે માટે અત્યાર સુધી સમાજશિક્ષણ વર્ગોમાં 'લોકજીવન' વિના મૂલ્યે મોકલવામાં આવતું હતું. સરકારે કરેલી ખર્ચની કાપકૂપને લઈને હવે તેમને મોકલવાનું બંધ કરવું પડે છે. આશા છે કે સમાજ-શિક્ષણ વર્ગના સંચાલકો 'લોકજીવન'ના લવાજમની વાર્ષિક રૂા. ત્રણ, ગામના ઉદાર ગૃહસ્થો અથવા પ્રૌઢો પાસેથી મેળવી લઈ પરબાર્યું એ લવાજમ 'નવજીવન કાર્યાલય, અમદાવાદ—૯.'ને મોકલી 'લોકજીવન' ચાલુ રાખવા તજવીજ કરશે.

જ૦ શી૦ કાનૂગા
મંત્રી,
પ્રાદેશિક સમાજશિક્ષણ સમિતિ, ગુજરાત

ડાંખળાં-પાંદડાંની સુકવણીમાંથી ઢોરનું ખાણ

વટાણા, વાલોળ, કોબી, ભાજી, બીટ વગેરે શાકભાજીનાં પાન-ડાંખળાંમાંથી, અમેરિકન ખેતરો પરનાં પશુઓ માટે ઊંચી જાતના પોષણવાળું ખાણ બનાવવામાં આવે છે.

પોતાની વાડીમાં ઊગેલાં શાકભાજીનાં પાંદડાં, ડાંખળાં અને રેસાઓને ખેડુતો હવે ફેંકી દેતા નથી. છોડવાઓના આ નકામા ગણાતા ભાગની યંત્ર વડે સુકવણી કરીને પશુઓને માફક આવે તેવું ખાણ બનાવી શકાય છે, એમ અમેરિકન સરકારના ખેતીખાતાનો અહેવાલ જણાવે છે.

તપાસ પરથી જણાયું છે કે શાકના વેલા ને છોડવાઓના પાંદડાંવાળા ભાગમાં 'કેરોટીન' અને 'પ્રોટીન' તત્ત્વો મોટા પ્રમાણમાં હોય છે, અને તે ઢોરને આપવાની ઘણી જરૂર છે. કેરોટીન અને પ્રોટીનથી ભરેલો આ ખોરાક સાધારણપણે વપરાતા 'આલ્ફાલ્ફા' નામના ઘાસના જેટલું જ, અને ક્યારેક તો તેથીય વધુ, પોષણ આપે છે.

છોડવાઓના આ અણવપરાતા ભાગને ઢોરના ખોરાકમાં ફેરવી નાખવા માટે એના તાજા, બારીક ટુકડા કરી 'ડ્રાયર' યંત્રમાં મૂકીને સીધી ગરમી આપવામાં આવે છે. સુકાવાના સમયનું અને ગરમીનું નિયમન કરવામાં આવે છે જેથી પાંદડાંનો કોમળ ભાગ પૂરેપૂરો સુકાઈને બરડ બની જાય અને છતાં ડાળીઓ મોટે ભાગે હોય તેવી જ રહે.

સુકવણીની આ ક્રિયામાં પાંદડાં ડાળી પરથી ખરી જાય છે. ત્યાર પછી ડાળ-પાંદડાંને જુદાં પાડવામાં આવે છે. પાંદડાંના સૌથી વધુ પોષક એવા કિનારીવાળા ભાગને દળીને ખાણ સાથે મેળવવામાં આવે છે. અધસૂકી ડાળીઓને એકઠી કરીને પાછળથી એને પૂરેપૂરી સૂકવી શકાય છે.

('અમેરિકન જીવન', ૨૧-૪-'૫૧ માંથી)

પૂરું થતું પખવાડિયું

ભારતના ચૂંટણી કમિશનર શ્રી. સેનના જણાવ્યા પ્રમાણે હિમાચલ પ્રદેશમાં ઑક્ટોબર માસમાં સામાન્ય ચૂંટણીઓ થશે, જ્યારે દેશના બાકીના ભાગોમાં ૧૯૫૨ના જાન્યુઆરી મહિનાના પહેલા અઠવાડિયામાં થશે. ચૂંટણીનું કામ ત્રણ અઠવાડિયાં ચાલશે.

ભારત સરકારની માહિતીખાતાની યાદી જણાવે છે કે, દેરાદૂનની જંગલ સંશોધન સંસ્થાએ વનસ્પતિ ઘી વરતી શકાય માટે તેને આપવાનો રંગ શોધી કાઢ્યો છે. એ રંગ પીળાશ પડતો લીલો છે અને તે વનસ્પતિ ઘી સાથે ભેળવવામાં આવે તો પાકો રંગ થાય છે.

સંદેશવહેવાર ખાતાના પ્રધાન શ્રી રફી અહમદ કિડવાઈએ પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે અને રાષ્ટ્રપતિએ તેનો સ્વીકાર કર્યો છે.

પુનર્વસવાટ ખાતાના પ્રધાન શ્રી. અજીતપ્રસાદ જૈને પણ પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હતું પરંતુ વડા પ્રધાન પંડિત નેહરુના આગ્રહને વશ થઈને તેમણે પ્રધાનમંડળમાં ચાલુ રહેવાનું સ્વીકાર્યું છે.

જ્યાં રાષ્ટ્રપતિ રહે છે તે સરકારી ભવન આવતી તા. ૧૫મીથી રાષ્ટ્રપતિભવન તરીકે ઓળખાશે.

પંડિત જવાહરલાલ નહેરુએ કારોબારી સમિતિમાંથી તેમજ કૉંગ્રેસ પાર્લમેન્ટરી બોર્ડમાંથી રાજીનામું આપ્યું છે એવા ખબર છે. તેમને પોતાનાં એ બંને રાજીનામાં ખેંચી લેવા માટે સમજાવવાના પ્રયત્નો શરૂ થઈ ગયા છે.

મ૦

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ—૯

લોકજીવન

"યથા પ્રજા તથા રાજા"

વર્ષ ૪ ... અંક ...

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૪ | છમાસિક ,, ,, રૂ. ૨ — અમદાવાદ, ૧લી સપ્ટેમ્બર, ૧૯૫૨ — વાર્ષિક લવાજમ: પરદેશમાં રૂ. ૫ શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

આપણું કર્તવ્ય

સમાજ ગાડરિયા ટોળાની જેમ વગર વિચારે, વગર જોયે ધસ્યે જાય છે, ને તેને કોઈ પ્રગતિ પણ માને છે. આવી ભયંકર સ્થિતિ હોવા છતાં આપણો વ્યક્તિગત માર્ગ સરળ છે. જેઓ જાણે છે તેઓ પોતાના ક્ષેત્રમાં પડ્યા, જેટલો નીતિનો પ્રચાર થઈ શકે તેટલો કરે. પ્રથમ પ્રચાર તો પોતે પોતાનામાં જ કરે. બીજાના દોષોનું મનન કરતાં આપણે પોતે બહુ ભલા જેવા લાગીએ છીએ. પોતાના દોષોનું મનન કરીએ તો આપણે આપણને પોતાને કુટિલ ને કામી જાણીશું. જગતના કાજી થવા કરતાં પોતાનું કાજીપણું કરવું વધારે ફળદાયી છે ને તેમ કરતાં આપણને બીજાઓને સારુ માર્ગ મળી રહે છે. 'આપ ભલા તો જગ ભલા'નો આ પણ એક અર્થ છે. સંત પુરુષને તુલસીદાસે પારસમણિની ઉપમા આપી છે

એ મોટી નથી. આપણે બધાએ સંત થવા પ્રયત્ન કરવો રહ્યો છે. એવા થવું અલૌકિક મનુષ્ય માટે ઉપરથી ઊતરી આવેલી પ્રસાદી નથી, પણ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે, એ જ જીવનનું રહસ્ય છે.

૧૯૨૬ ગાંધીજી

મોટા માણસોનાં મન

(૯)

રામશાસ્ત્રી નામે નીડર ન્યાયાધીશ મહારાષ્ટ્રમાં ખૂબ જ જાણીતા થઈ ગયા છે. તે શ્રીમંત માધવરાવ પેશવાના સમયમાં થઈ ગયા. રામશાસ્ત્રી ઘણા જ નિઃસ્પૃહ અને નિષ્પક્ષપાતી હતા.

શ્રીમંત માધવરાવે રામશાસ્ત્રીને બ્રાહ્મણોને દક્ષિણા વહેંચવાનો અધિકાર આપ્યો હતો. એક વાર રામશાસ્ત્રી દક્ષિણા વહેંચતા હતા. તે વખતે રામશાસ્ત્રીના મોટાભાઈ પણ દક્ષિણા લેવા આવ્યા. રામશાસ્ત્રીની બાજુમાં રાજ્યના મોટા મુત્સદ્દી નાના ફડણવીસ બેઠા હતા. તેમણે રામશાસ્ત્રીને સહજ ભાવે કહ્યું:

"શાસ્ત્રીજી, આ આપના મોટાભાઈને વીસ રૂપિયાની દક્ષિણા આપો."

રામશાસ્ત્રીએ મક્કમ અવાજે કહ્યું:

"ના જી. એ કંઈ મોટા વિદ્વાન પંડિત નથી, જેથી તેમને વધુ દક્ષિણા આપું. મારા મોટાભાઈ હોવાથી મારે જો તેમને કંઈ આપવું હશે અને એવી જરૂર જણાશે, તો હું મારી પોતાની મૂડીમાંથી આપવા ચૂકીશ નહિ. અહીં હું રાજ્યના સેવક તરીકે મારી ફરજ બજાવું છું. એ કામમાં પક્ષપાત કદીય થઈ શકે નહીં."

મુકુલભાઈ

સૂવર અને શિયાળ

[ઈસપની એક વાત]

એક જંગલી સૂવર એક ઝાડના થડ જોડે તેના દંતૂશળ ઘસતું હતું. તે વખતે ત્યાંથી એક શિયાળ જતું હતું, તેણે એ જોયું. તે સૂવર પાસે ગયું ને કહેવા લાગ્યું, "અત્યારે તમે તમારા દંતૂશળ કેમ ઘસો છો? કોઈ શિકારી તો છે નહીં; હમણાં બીજો કશો ભય પણ નથી; પછી દંતૂશળ ઘસીને તૈયાર થવાની શી જરૂર?"

સૂવર કહે, "શિયાળભાઈ, તમારી વાત સાચી. હમણાં તો શિકારીનો કે કશાનો ભય નથી. પણ વાત એમ છે કે, ખરેખર ભય જે વખતે આવીને ઊભો રહે, ત્યારે મારે દંતૂશળ ઘસવાના કરતાં વધારે અગત્યનાં બીજાં કામો કરવાનાં આવી રહે છે. ત્યારે કાંઈ દંતૂશળ ઘસવા વખત ન હોય. આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય."

૨૪-૮-૫૧ મગનભાઈ દેસાઈ

ઝાડનું મહત્ત્વ

આપણા પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં સ્તુતિ છે:

'હે વનસ્પતિ! તમે માતા છો. હું તમને દેવીઓને મળવા માટે ઘોડા, ગાય, વસ્ત્રો તથા મારી પોતાની જાતને અર્પણ કરું છું.'

બીજા પ્રાચીન ગ્રંથ શુક્રનીતિમાં રાજાઓને આજ્ઞા કરી છે:

'તમે ગામેગામ વૃક્ષો રોપો; તમે વનોવન વૃક્ષો રોપો.'

વૃક્ષોની આ સ્તુતિ ઉચિત છે, કારણ કે વૃક્ષો ફળફળાદિ

ખસે છે અને લાકડાં આપે છે; છાંયો આપે છે અને વાતાવરણને લીલુંછમ સુંદર બનાવે છે; જમીનનો ભેજ ટકાવે છે અને પૂર અટકાવે છે; તેમ જ વરસાદ લાવે છે અને ધોવાણ અટકાવે છે. આમાં વૃક્ષો અને વનો દેશની કુલ જમીનમાંથી ૨૦ થી ૨૫ ટકા જમીનમાં હોવાં જોઈએ. તેને બદલે આપણા દેશમાં ફક્ત ૧૬ ટકા જમીનમાં છે. અને ગુજરાતમાં તો તે પ્રમાણ ઘણું ઓછું છે. એટલે આપણે ખાસ કાળજી લઈને વધુ ને વધુ વૃક્ષો ઉછેરવાની જરૂર છે.

આ હેતુથી સારાય દેશમાં અને આપણા પ્રાંતમાં સરકારે વનોત્સવોની યોજના કરી છે અને જુદે જુદે ઠેકાણે ઝાડો રોપવાને ઉત્તેજન આપવામાં આવે છે. છેલ્લાં ત્રણેક વર્ષમાં મુંબઈ પ્રાંતમાં તેનું નીચે મુજબ પરિણામ આવ્યું છે:

	ઝાડ રોપ્યાં	ઝાડ ઊછર્યાં
૧૯૪૮	૧૭ લાખ	૭॥ લાખ
૧૯૪૯	૨૨ ,,	૮ ,,
૧૯૫૦	૪૪ ,,	?

આ પ્રમાણે પ્રયત્ન થાય છે તેમાં સૌ કોઈ મદદ કરી શકે છે. દરેક માણસ આ ભૂમિમાં અવતરીને એકેક ઝાડ ઉછેરીને વારસામાં મૂકતો જાય તોપણ તેણે કંઈક ઉપયોગી કામ કર્યું ગણાય. એટલું ખરું કે; ઝાડ વાવવું એટલું જ બસ નથી. વાવ્યા પછી માવજત કરીને તેને ઉછેરવું જોઈએ.

છેલ્લા મહાયુદ્ધમાં ઘણાં જંગલો કપાઈ ગયાં છે અને રોજ બળતણ અને ઇમારતોનાં કામ માટે ઘણાં ઝાડ કપાય છે. તે ખોટ પૂરવી જોઈએ. તે ઉપરાંત નવાં ઝાડ ઉછેરવાં જોઈએ. તો જ લડાઈ દરમિયાન પડેલી ખોટ પૂરી પડે અને એકંદરે વૃક્ષોની

ઊણપ છે તે દૂર થાય. આ મોસમમાં આવું નાનું સરખું પણ અતિ ઉપયોગી સામાજિક કામ કરીને હરકોઈ પોતાનો ફાળો આપી શકે છે.

વિઠ્ઠલદાસ કોઠારી

ભાઈચારો

"મારી જાત ...... છે. અમારી જાતિ તદ્દન નિરક્ષર હોવા છતાં તેનો સમાવેશ પછાત ગણાતી કોમોમાં થતો નથી. એટલે સરકાર તરફથી મને મદદ મળી શકી નથી. જેમ તેમ કરીને હું કૉલેજના દરવાજા જોઈ શક્યો. એટલામાં મારા પિતા અવસાન પામ્યા. છતાં મેં અભ્યાસ ચાલુ રાખવાનું ઠરાવ્યું અને અમદાવાદમાં ગરીબ લોકોની એક વસાહતમાં રહેવાનું શરૂ કર્યું. એક કૉલેજના સાથીને ખબર પડતાં, તેમણે હોસ્ટેલના ગૃહપતિની ખાસ રજા મેળવી મને વધારાના સાથી તરીકે રાખ્યો. મને વાંચવાની સગવડ કરી આપી અને રખેને હું પરીક્ષામાં નિષ્ફળ થાઉં એટલા માટે તેણે હું બહાર પણ વિશેષ ન જાઉં તેની તકેદારી રાખી. એ વર્ષે હું પસાર થયો. હાલ મારી પાસે નાણાં નથી.' છતાં એ જ મિત્રે મને નાણાં ઉછીનાં આપવાં ચાલુ રાખ્યાં છે."

આ બંને વિદ્યાર્થીઓ પ્રત્યે મને માન થવાથી મેં મદદ કરનારનું સ્થાન વગેરે પૂછ્યું અને મને જણાવવામાં આવ્યું કે ખેડા જિલ્લાના એક ગામનો પાટીદારનો છોકરો છે. નાની બાબતમાં પણ અણીને વખતે આપેલી હૂંફ માણસના જીવનમાં કેટલો ફેરફાર કરી શકે છે? આવા ભાઈચારાના દાખલાઓ અનેક બનતા રહે તો કેવું સારું!

પરીક્ષિતલાલ મજમુદાર

ચિત્તની સ્વસ્થતા

સ્વરાજ મેળવવા માટે આપણા દેશના કેટલાક યુવાનો એટલા અધીરા થયા હતા કે તેમને હિંસાનો રસ્તો ટૂંકો અને સહેલો લાગતો. ગાંધીજીની અસર તે વેળા આ રસ્તે ચઢેલા યુવાનો પર જોઈએ તેટલી ન હતી. આ વિચારના કેટલાક યુવાનોએ દિલ્હીના ઍસેંબ્લી હૉલમાં બૉમ્બ ફોડવાનો એક છૂપો કાર્યક્રમ રાખ્યો હતો. તેઓ પણ દેશદાઝવાળા હતા, પણ તેમનો માર્ગ ગાંધીજી સહિત અનેક નેતાઓને ગમતો ન હતો.

તે જમાનામાં પંડિત મોતીલાલજી અને બીજા નેતાઓ સ્વરાજપક્ષ તરફથી ઍસેંબ્લી હૉલમાં બેસતા હતા. એક દિવસ ત્યાં એકાએક બૉમ્બનો મોટો ધડાકો થયો. ધુમાડાના ગોટાથી હૉલ ભરાઈ ગયો હતો. લાંબાં લાંબાં ભાષણો કરી સભાગૃહને ધ્રુજાવનારા અનેક સભ્યો ગભરાયા અને હાલમાં નાસભાગ કરવા લાગ્યા. કેટલાકને તો નાસવાનો રસ્તો પણ જડતો ન હતો. તે વેળા એક સભ્ય જરાયે ગભરાયા વિના પોતાની બેઠક પર બેસી રહ્યા હતા. જાણે કશું જ ન બન્યું હોય એવી તેમની શાંત મુખમુદ્રા હતી. તે બેઠા બેઠા આશ્ચર્યપૂર્વક બૉમ્બ ફેંકનાર યુવાન તરફ જોઈ રહ્યા હતા. પછી ધીમેથી બૉમ્બથી શું નુકસાન થયું તે જોવા જતા હતા. ગૃહપ્રધાનની બેઠક નજીક તે પહોંચ્યા અને બીજો ધડાકો થયો! પછી ઉપરાઉપરી રિવૉલ્વરની બે ગોળીઓ છૂટી, તોપણ તે ડગ્યા નહીં! ત્યાં જ ઊભા રહ્યા અને આસપાસ નિરીક્ષણ કરી રહ્યા હતા. પોતાની જિંદગી જોખમમાં મુકાઈ જાય એવા પ્રસંગે પણ

આટલી નીડરતા, શાંતિ અને ધીરજ બતાવવા માટે બીજા સભ્યોએ આ સભ્યની ખૂબ પ્રશંસા કરી હતી. એસેંબ્લીના આ નીડર સભ્ય તે પંડિત મોતીલાલ નેહરુ.

આપણી મોટી સભાઓ કે મેળાવડામાં કાનખજૂરો નીકળે કે એકાદ ગાય માથું હલાવતી હલાવતી આવી ચઢે તો લોકો ગભરાઈને હોહા કરી નાસભાગ કરી સભાનું વાતાવરણ ડહોળી મૂકે છે. પરંતુ ગંભીર પ્રસંગે પણ ચિત્તની સ્વસ્થતા, દૃઢ મનોબળ અને નીડરતા દાખવી પ્રસંગને શાંતિપૂર્વક પહોંચી વળવાની ખાસ આવશ્યકતા છે. એ સદ્‌ગુણો પંડિત મોતીલાલજી જેવા રાષ્ટ્રનાયકના જીવનમાંથી આપણે કેળવીએ.

મહવાક, ૮-૮-'૫૧ ઉકલુભાઈ મકનજી

સૌ માટેની સવડોનો ઉપયોગ

કોઈ પણ દેશના લોકો કેટલા સુધરેલા છે એ જાણવું હોય, તો આગગાડી જેવી સૌ માટેની સવડોનો ઉપયોગ તેઓ કેવી રીતે કરે છે, તે ઉપરથી જાણી શકાય. ટિકિટ લેવા જઈએ ત્યારથી માંડીને આપણી પરીક્ષા શરૂ થાય છે. તે વખતે આપણે ધક્કામુક્કી કરીએ છીએ; આપણી પહેલાં આવનારને પણ હડસેલી કાઢવા પ્રયત્ન કરીએ છીએ; ટિકિટ લેનારની હાર થઈ હોય તો તેમાં વચ્ચે ઘૂસવા જઈએ છીએ, અથવા પોલીસને કે રેલવેવાળાને લાંચ આપીને વહેલી ટિકિટ કઢાવીએ છીએ, અથવા ટિકિટ વિના જ મુસાફરી કરવાની ઇચ્છા રાખીએ છીએ; તેમ જ ઘરડાં, નબળાં કે સ્ત્રીઓને પહેલી સગવડ આપવાનો વિચાર કરતા નથી.

વળી, આગગાડી આવ્યા

પછી તેમાં બેસવા જતી વખતે પણ આપણે એમ જ પડાપડી કરીએ છીએ. ઘરડાં વગેરેને બેસવામાં મદદ નથી કરતા, અને એ ડબ્બામાં બેઠેલા હોઈએ, તો નવા આવનારને અંદર પેસવા દેતા નથી.

ડબ્બામાં બેઠા પછી, પાસે બેઠેલાનો વિચાર કર્યા વિના ગમે તેમ બોલીએ છીએ અથવા બૂમો પાડીએ છીએ; ગમે તેમ બીડી પીને ધુમાડાના ગોટા કાઢીએ છીએ; બેઠા બેઠા જ ફળનાં છોડાં કે કૂચા, પડીકાંના કાગળ, એઠવાડ, થૂંક અને લીંટ પણ પગ આગળ નાખીએ છીએ; જાજરૂમાં પણ ગમે તેમ ગંદકી કરીએ છીએ.

આ બધું જોઈ ગાંધીજીને ઘણું દુઃખ થતું. લોકોની હાડમારીનો જાત-અનુભવ લેવા તે ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા. તે ઉપરથી તેમણે કેટલીક સૂચનાઓ રેલવેવાળાઓ અને મુસાફરો બંનેને કરેલી છે. મુસાફરો પોતે પણ જો અરસપરસ બીજાનો વિચાર કરીને વર્તે, તો મોટા ભાગની હાડમારીઓ એની મેળે દૂર થઈ જાય એવી છે.

ગાંધીજીએ મુસાફરોને આપેલી સૂચનાઓ સૌએ ધ્યાનમાં લેવા જેવી છે. તે નીચે મુજબ છે:

૧. સ્ટેશનમાં જતાં કે આગગાડીમાં બેસતી વેળા તમે બળ કરીને પહેલા પેસી જવાને બદલે પાછળ રહેશો તોપણ કાંઈ હરકત નથી એમ સમજીને વર્તજો. તેથી તમને ખાસ નુકસાન નહીં થાય; ઉપરાંત બીજાઓને તેથી લાભ થશે.

૨. ગાડીમાં બેઠા પછી તમારે યાદ રાખવું કે લખેલી સંખ્યા સુધી બીજાઓને ડબ્બામાં બેસવાનો હક તમારા જેટલો જ છે. એટલે જો તમે જગા હોવા

છતાં બીજાને આવતા અટકાવો, તો તમે જૂઠું બોલીને નીતિના કાયદાનો તેમ જ રેલવેના કાયદાનો ભંગ કરો છો.

૩. ત્રીજા વર્ગના ઉતારુને જેટલો સામાન રાખવાનો અધિકાર છે તેટલો જ સામાન તમે સાથે રાખશો, તો બીજાઓ સુખેથી બેસી શકશે. એથી વધારે સામાન તમારે લઈ જવો હોય તો તમારે તે સામાનને માલ મૂકવાના ડબામાં મુકાવવો; અને વધારાનું ભાડું આપવું.

૪. તમારો સામાન એવા પ્રકારનો હોવો જોઈએ કે તે બાંકડાની નીચે અથવા તો સામાન રાખવાની પેઢલી ઉપર સહેલાઈથી સમાઈ શકે.

૫. તમે પૈસેટકે સુખી હો તો તમારે ઉપલા વર્ગની ટિકિટ લેવી જોઈએ. કેવળ કંજૂસપણાથી તમે ત્રીજા વર્ગની ટિકિટ લો, તેથી તમે ગરીબ ઉતારુઓ ઉપર બોજારૂપ જ થાઓ છો.

૬. તમારે યાદ રાખવું જોઈએ કે, લાંબી મુસાફરીએ જતા બધા ઉતારુઓને સૂવાની કાંઈક સગવડ મળવાનો અધિકાર છે; એટલે તમારાથી ભાગે પડતી નિદ્રા જ લઈ શકાય.

૭. ગાડીમાં બેઠા પછી તમારે વિચારવું જોઈએ કે, તમે બીડી પીનારા હો તો બીજાને અગવડ ન પડે તેમ તેઓની રજા લઈને જ તમે પી શકો છો.

૮. તમારે થૂંકવું હોય ત્યારે તમે એ ગાડીની અંદર જ પગ મેલવાની જગા ઉપર થૂંકશો તો એથી ઘણી ગંદકી થશે. તેથી દરદો થવાનો પણ સંભવ છે. અને કેટલાક ચોખ્ખાઈના નિયમો જાળવનાર ઉતારુઓને એ કુટેવ અસહ્ય વેદના આપનારી થઈ પડશે.

૯. રેલવેનાં પાયખાનાં સંભાળથી વાપરશો તો બધાની સુખાકારીમાં વધારો થશે. જેમ તેમ વાપરીને ચાલ્યા જવામાં તમારી પાછળ જનારા ઉતારુઓનો તમે જરા પણ વિચાર નથી કરતા.

૧૦. મુસાફરી કરતી વખતે તમે બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર છો, અને બીજા તેથી અલગ વર્ણના છે; અથવા તમે હિંદુ છો અને બીજા મુસલમાન છે; અથવા તમે મુંબઈ ઇલાકાના છો અને બીજા મદ્રાસના છે, એવો ભેદભાવ લાવી દ્વેષ ઉત્પન્ન ન કરતા. પણ તમે બધાં હિંદુસ્તાનનાં સંતાન છો, અને અત્યારે મુસાફરીના પ્રસંગને લઈને એક છાપરી નીચે ભેગા થયા છો એમ જાણો અને ભ્રાતૃભાવ રાખો, તો તે જ ઘડીએ સુખી થશો અને હિંદુસ્તાનને શોભાવશો.

મનની ઇચ્છા

મન એ ખૂબ જ ગહન વસ્તુ છે. એ ખૂબ ચંચળ અને અસ્થિર છે. એને જો કાબૂમાં ન રાખવામાં આવે તો એ આપણને ક્યાંય ને ક્યાંય ઘસડી જાય છે અને આપણને પોતાને શરમ આવે એવા વિચારો જગાડે છે. તેથી આપણે ઘણી વાર અકળાઈ જઈએ છીએ અને આપણને થઈ આવે છે કે, આપણો મોટામાં મોટો શત્રુ હોય તો તે મન જ છે.

વળી, આપણે જે ઉચ્ચ આદર્શ સેવતા હોઈએ, તેની ઊલટી દિશામાં જ મન આપણને ઘસડવા મથતું હોય છે. એક બાજુથી આપણે કહેતા હોઈએ:

'નથી મને કામના રાજ્યની વા,
ના સ્વર્ગની કે ભવ છૂટવાની;
છે કામના એક ખરી જવાની,
પીડિતનાં દુઃખ નિવારવામાં.'

જ્યારે બીજી બાજુથી મન આપણને તુચ્છ ઇચ્છાના વમળમાં ફસાવતું હોય છે. તેથી આપણે ખૂબ જ સાવધ રહીને, ઉચ્ચ આદર્શ પોતાની જડ આપણા મનમાં ઊંડી નાખી શકે, એવા પ્રયત્ન કરતા રહેવું જોઈએ. નહીં તો એક દિવસ એવો આવવાનો સંભવ છે, જ્યારે આપણે મનના ગુલામ બની હીન દશામાં સબડતા થઈ જઈએ. આ બાબતમાં મહાત્મા સૉક્રેટીસની એક બોધકથા યાદ આવે છે.

એક વખત નસીબની દેવીને થયું કે, 'હું દરેક જણને જે કંઈ આપું છું, તેથી તેને સંતોષ થતો નથી અને તે મારો દોષ કાઢ્યા કરે છે. તેથી એક વખત બધાંને દુઃખથી મુક્ત કરી દઉં અને પછી એમનું મન જે ઇચ્છતું હોય તે પામીને ભલે તેઓ સુખી થાય.'

બીજે દિવસે તેણે ઢંઢેરો પિટાવ્યો: 'હે દુનિયાનાં બધાં માણસો! સાંભળો. જે માણસને પોતાનું જે દુઃખ અસહ્ય લાગતું હોય તેણે તે દુઃખને આ મેદાનમાં મૂકી જવું; અને તે દુઃખના બદલામાં તેને એક ચિઠ્ઠી આપવામાં આવશે. એ ચિઠ્ઠીમાં તે માણસે મનમાં જે વસ્તુ ઇચ્છેલી હશે તે મળશે.'

ઢંઢેરો સાંભળીને આખી દુનિયા ખળભળી ઊઠી. સૌ કોઈને દુઃખ તો હતું જ. એટલે રાજા, પ્રધાન, શેઠ, નોકર, ચોર, ઠગ, સાધુ, ગરીબ, સંત વગેરે બધાં જ લોકો પોતપોતાનાં દુઃખનાં મોટાં પોટલાં બાંધીને મેદાનમાં મૂકવા દોડ્યાં. સૌને એમ થતું હતું કે, આ દુઃખ જતું રહે તો બસ છે અને મન ઘણા વખતથી જેની ઇચ્છા કરે છે તે વસ્તુ મળી જાય

તો કેવું સારું? તેથી બધાં પોતાનાં દુઃખને મૂકી આવવા રાજી હતાં. એક જણે આંતરડાંના રોગનું પોટલું બાંધ્યું હતું, તો બીજાએ કબજિયાતનું પોટલું બાંધ્યું હતું; રાજાનો પગ હાથીના પગ જેવો થઈ ગયો હતો, પ્રધાન પ્રમેહથી પીડાતો હતો, કોઈને છોકરું ન હોવાથી તેનું દુઃખ હતું, કોઈને ખાવાનું મળતું ન હતું, કોઈનું મોં કરૂપું હતું, કોઈની આંખો બાડી હતી, તો કોઈનું નાક ચપટું હતું! આમ દરેકને કોઈ ને કોઈ વાતનું દુઃખ હતું જ.

થોડી જ વારમાં મેદાન દુઃખનાં પોટલાંથી ભરાઈ ગયું.

પછી એક સ્ત્રી મોટું પોટલું લઈને આવી અને તે છોડી બધાંને કહેવા લાગી: 'આમાંથી તમારા મનમાં જે વસ્તુની તમે ખૂબ ઇચ્છા કરતા હશો તે વસ્તુ મેળવવા ચિઠ્ઠી ઉપાડો. તમને તમારી તે વસ્તુ મળશે. પછી તમે સુખી થશો.'

બધાં પોતપોતાની ચિઠ્ઠી લઈને ઘેર ગયાં. દરેકનું જૂનું દુઃખ દૂર થઈ ગયું હતું. પણ દરેકના મનમાં તો એવી ઇચ્છા જાગતી હતી જે ખરી રીતે સુખરૂપ ન હતી. તેથી જૂનું દુઃખ દૂર થયું હોવા છતાં નવી વસ્તુ નવું જ દુઃખ લઈને આવી હતી. એટલે સૌ કોઈ સુખી થવાને બદલે બીજા નવા જ દુઃખથી દુઃખી થવા લાગ્યા!

જેવી ઇચ્છા રાખી હતી તેવું સૌને ફળ મળ્યું. તેથી મન ઉચ્ચ ઇચ્છા સેવતું થાય અને તેમાં જ સુખ માનતું થાય, એ રીતે આપણે દિનરાત પ્રયત્ન કરીએ; તો પછી મન આપણું શત્રુ ન બનતાં મિત્ર બને અને આપણા જીવનમાં સુખ સ્થાપે.

મુકુલભાઈ

આપણા દેશનું રાજ્યતંત્ર

આપણા દેશના રાજ્યબંધારણે દરેક નાગરિકને બક્ષેલા પ્રાથમિક મૂળ હક આ અગાઉ આપણે જોઈ ગયાં. ત્યાર પછી આપણે, બંધારણે હિંદમાં કઈ જાતના રાજ્યને સ્થાપવાનો આદર્શ દેશની સરકારો સામે રાખ્યો છે, તેનો ચિતાર મેળવ્યો. બંધારણના આ બે ખંડો (૩, ૪) તેના આત્મા જેવા ગણાય. પછી બંધારણના ખંડ ૫માં ભારત સંઘની રચના કેવી રીતની થશે, એ જણાવ્યું છે. એ મુજબ પહેલી ચૂંટણી હવે થોડા મહિના પછી થવાની છે, તેને આધારે ભારતની સરકારની રચના થશે. એટલે સંઘની રચના વિષેના આ ખંડમાં શું કહ્યું છે તે જાણવા જેવું ગણાય. હવે આપણે તે તરફ વળીશું.

રાજ્યતંત્રનાં ત્રણ અંગ

માનવ સમાજમાં ધર્મ, નીતિ વગેરે જરૂરનાં છે; સમાજની વ્યવસ્થા માટે લગ્ન, વારસાહક, માલકીહક વગેરે વિષે નીતિનિયમો જરૂરના હોય છે; તેમ જ રાજ કે રાજ્યવ્યવસ્થા પણ જરૂરની હોય છે. બલકે, તે જો ન હોય તો સમાજ કે તેનું કામકાજ વગેરે ટકી ન શકે. તેથી સમાજમાં નીતિ અને ધર્મની આણ જોઈએ, તેની સાથે રાજ્યની આણ પણ હોવી જોઈએ. આમ માનવ-સમાજના ધારણને માટે રાજ્ય સંસ્થા જરૂરની છે.

રાજ્ય સંસ્થાનાં મુખ્ય ત્રણ અંગ ગણાય છે —

૧. કારોબારી
૨. ધારાસભા કે પાર્લમેન્ટ
૩. અદાલત

પહેલું અંગ રાજ્યવહીવટ ચલાવે, બીજું અંગ કાયદા ઘડે, અને ત્રીજું અંગ ન્યાય ચૂકવે. પહેલું કારોબારી અંગ સામાન્ય રીતે જેને સરકાર કહેવાય છે તે છે. રાજ્યતંત્રનું આ અંગ બહુ મહત્ત્વનું છે. લોકોના રોજ-બ-રોજના જીવનમાં તેમને આ અંગ જોડે લેવાદેવા રહે છે. તે અંગની રચના કેવી રીતે થશે તે બંધારણના ખંડ ૫ના પ્રકરણ ૧માં બતાવ્યું છે. તે જોઈએ.

રાષ્ટ્રપતિ

ભારત સંઘની કુલ કારોબારી સત્તા રાષ્ટ્રપતિને સોંપવામાં આવી છે. તેમણે

તે સત્તાનો ઉપયોગ બંધારણ અનુસાર કરવો જોઈએ. જો તે બંધારણનો કોઈ રીતે ભંગ કરે તો તેમને સંઘની પાર્લમેન્ટ પૂછી શકે અને તેમના ઉપર કામ ચલાવી શકે. મતલબ કે, રાષ્ટ્રપતિ ભારતના રાજ્યના કુલ સત્તાધીશ છે, પણ તે બંધારણે આંકેલી મર્યાદામાં. રાષ્ટ્રપતિ પણ બંધારણ ઉલ્લંઘી ન શકે.

એમની ચૂંટણી કરવામાં આવશે. ભારત સંઘનાં જુદાં જુદાં રાજ્યોની ધારાસભાઓમાં તથા વડી ધારાસભા કે પાર્લમેન્ટમાં ચૂંટાયેલા બધા સભ્યો મળીને રાષ્ટ્રપતિ ચૂંટશે. તેને સારુ મત આપવાની પદ્ધતિ એવી નક્કી કરી છે કે જેથી કોઈ રાજ્યને વધારે પડતો લાભ ન મળી જાય.

એક વાર ચૂંટાયા પછી રાષ્ટ્રપતિ પાંચ વરસ કામ કરશે. બાદ નવી ચૂંટણી થશે. જોકે તેમાં તેની તે વ્યક્તિ ફરી ચૂંટાઈ શકશે. મતલબ કે દર પાંચ વરસે રાષ્ટ્રપતિની ચૂંટણી થશે.

જે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય તે ભારતનો નાગરિક હોવો જોઈએ. તેની ઉંમર ૩૫ વરસથી ઓછી ન હોવી જોઈએ. પાર્લમેન્ટની લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવા માટેની લાયકાત તેની હોવી જોઈએ. પણ તે પાર્લમેન્ટનો સભ્ય નહીં રહી શકે; જો સભ્ય હોય ને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય તો રાષ્ટ્રપતિ તરીકે આપોઆપ મટી જશે. ઉપરાંત તે કોઈ રીતે સરકારની નોકરીમાં ન હોવો જોઈએ.

રાષ્ટ્રપતિને પગાર, ભથ્થું વગેરે પાર્લમેન્ટ ઠરાવે તે મુજબ આપવામાં આવશે. રહેવા માટે ઘરતું મકાન અપાશે. એક વખત પગાર, ભથ્થું ઇ૦ ઠરાવ્યા પછી, પાંચ વરસની તેમની કારકિર્દી દરમિયાન તેમાં સુધારો નહીં કરી શકાય.

રાષ્ટ્રપતિ રાજીનામું આપે કે મરણને કારણે જગા ખાલી થાય, તો બનતી ઉતાવળે અને વધુમાં વધુ છ માસની અંદર નવા રાષ્ટ્રપતિની ચૂંટણી કરવામાં આવશે. દરમ્યાન તે જગાએ ઉપ-રાષ્ટ્રપતિ કામ કરશે, કે જે પદની જોગવાઈ પણ બંધારણમાં કરવામાં આવી છે.

ઉપરાષ્ટ્રપતિ

ઉપરાષ્ટ્રપતિ પણ ચૂંટણીથી નક્કી થશે. તે પદ પણ પાંચ વરસનું રહેશે. પછી ફરી ચૂંટણી થશે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પાર્લમેન્ટની બંને શાખાના સભ્યોની ભેગી બેઠકમાં છૂપો મત આપવાની પદ્ધતિથી થશે.

પાર્લમેન્ટની બે શાખા — લોકસભા અને રાજ્યસભા. ઉપરાષ્ટ્રપતિ પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના પ્રમુખ તરીકે કામ કરશે. તેને માટે બંધારણે નિયત કર્યા પ્રમાણે તેને પગાર મળશે. બીજી કોઈ કામગીરીથી તે, આ પગાર ઉપરાંત, મળતર નહીં કરી શકે.

રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિ પોતાના હોદ્દા ઉપર આવે તે પહેલાં તેમણે બંધારણની વફાદારીના સોગન લેવા જોઈશે.

પ્રધાનમંડળ

રાષ્ટ્રપતિને તેમના કામમાં મદદ કરવા તથા સલાહ આપવા વડા પ્રધાનની આગેવાની તળે પ્રધાનમંડળ હશે. વડા પ્રધાનની નિમણૂંક રાષ્ટ્રપતિ કરશે અને વડા પ્રધાનની સલાહ પ્રમાણે રાષ્ટ્રપતિ બીજા પ્રધાનો નીમશે.

પ્રધાનમંડળ સંયુક્ત રીતે પાર્લમેન્ટને જવાબદાર રહેશે. કોઈ પણ પ્રધાન પોતાના પદ પર આવે તે પહેલાં તેણે પોતાના પદને અંગે તથા ગુપ્તતાના સોગન લેવા જોઈશે.

પ્રધાનોનો પગાર, ભથ્થાં વગેરે પાર્લમેન્ટ વખતોવખત કાયદાથી જેમ નક્કી કરે તે મુજબ રહેશે.

પ્રધાનમંડળ ઉપરાંત રાષ્ટ્રપતિ એક બીજા અધિકારીને પણ નીમશે, તે હિંદના 'એટૉર્ની'-જનરલ', એટલે કે વડા-વકીલ. દેશની સૌથી વડી અદાલતનો જજ બની શકે એવી લાયકાતવાળો તે માણસ હોવો જોઈએ. કાયદા અંગે કાંઈ સલાહ લેવી તથા તે વિષે ભારત સરકારને કે રાષ્ટ્રપતિને જે કાંઈ કામ પડે તે આ વડા-વકીલે કરવાનું રહેશે. રાષ્ટ્રપતિ નક્કી કરે તે પગાર તેને મળશે.

આ રીતે દેશનું કારોબારી તંત્ર કે તેની સરકાર રચાશે. રાષ્ટ્રપતિ તેના કાનૂની અધ્યક્ષ છે. પોતે નીમેલા પ્રધાનમંડળની સલાહ લઈને તે રાજ્ય ચલાવશે. તે માટે તે પ્રધાનોને જુદાં જુદાં કામોનાં ખાતાં સોંપશે અને કામકાજ કઈ ઢબે ચાલે તેના નિયમો કરી આપશે.

વડા પ્રધાનની ફરજ હશે કે, તે સંઘનાં કામકાજ વિષે તથા કયા કાયદા ઘડવા છે તે વિષે પ્રધાનમંડળ જે ઠરાવો કરે, તે બધું રાષ્ટ્રપતિને જણાવતા રહે.

રાષ્ટ્રપતિ તેમને આ બધા અંગે વિશેષ કાંઈ પૂછવું કરવું હોય તો પૂછશે અને તે બધી માહિતી વડા પ્રધાને આપવી જોઈશે. કોઈ ખાતાના પ્રધાને પોતાના ખાતાના કોઈ કામ વિષે અમુક નિર્ણય કર્યો હોય, પણ તે પ્રધાનમંડળે ન વિચાર્યો હોય, ને રાષ્ટ્રપતિ ઇચ્છે કે તે પ્રધાનમંડળ વિચારે, તો તે તેમ કરાવી શકશે.

આમ વડા પ્રધાનની આગેવાની તળે પ્રધાનમંડળ કામ કરશે, અને તેમની સુજબ દેશનું રાજ્ય રાષ્ટ્રપતિ ચલાવશે.

રાજ્યનું બીજું અંગ પાર્લમેન્ટ છે. તે ધારા ઘડે છે, અને કારોબારી તંત્રે પણ તેને જવાબદાર રહેવાનું છે. એ વિષે હવે પછી જોઈશું.

૨૪-૮-'૫૧ મગનભાઈ દેસાઈ

પૂરું થતું પખવાડિયું

મધ્ય પ્રદેશના ગૃહપ્રધાન શ્રી દ્વારકાપ્રસાદ મિશ્રે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે.

પંડિત જવાહરલાલે કારોબારી સમિતિ તથા મધ્યસ્થ ચૂંટણી સમિતિમાંથી આપેલા રાજીનામાને લીધે ઊભી થયેલી પરિસ્થિતિનો વિચાર કરવા માટે સપ્ટેમ્બર માસની ૮મી તથા ૯મી તારીખે નવી દિલ્હી ખાતે મહાસમિતિની ખાસ બેઠક બોલાવવામાં આવી છે.

મધ્યસ્થ ધારાસભાના કૉંગ્રેસ પક્ષની મળેલી સભાએ પંડિત જવાહરલાલ નેહરુમાં પોતાનો સંપૂર્ણ વિશ્વાસ દર્શાવતો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો છે.

જાપાન સાથે સંધિ કરવા માટે સાનફ્રાંસિસ્કો ખાતે મળનારી પરિષદમાં હિંદે ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે કેમ કે, એ સંધિની કેટલીક શરતો હિંદ સરકારને માન્ય નથી. પછીથી હિંદ સરકાર જાપાન સાથે જુદી સંધિ કરશે.

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪ | અંક ૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

સંપાદકમંડળ

ચમનભાઈ દેસાઈ — ગોપાલદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — છગનજી દેસાઈ (વ્યવસ્થાપક)

આપણે કેવા છીએ ?

પવિત્ર પર્યુષણ પર્વનો છેલ્લો દિવસ હતો. દર્શનાર્થે જતા ભાવિકોનું ટોળું મ્યુનિસિપાલિટીની મોટરમાં ભેગું થઈ ગયું અને બેઠકને અંગે બે મુસાફરોમાં તકરાર થઈ. બંને મુસાફરો જૈન જણાયા અને એક જ દેરાસરમાં દર્શનાર્થે જતા હોય તેમ જણાયું. તેમાં એકે કહ્યું: "દેરાસરમાંથી તમે દર્શન કરીને પાછા નીકળો પછી જોઈ લઈશ."

વળતી સવારે તો મિત્રો, શુભેચ્છકો અને સંબંધીઓ જોડે પૂરા થયેલા વર્ષની ભૂલચૂકની ક્ષમાયાચના કરવાની, તેની આગલી સાંજે ભગવાન મહાવીરના ધર્મની કેવી કમનસીબ મશ્કરી કહેવાય? પરમેશ્વર આપણને આ અસહિષ્ણુતામાંથી ઉગારો.

પરીક્ષિતલાલ મજમુદાર

પૈસો!

આજકાલ માણસો પૈસાને ખાતર માણસાઈ વેચી રહ્યા છે! જ્યાં જુઓ ત્યાં બસ પૈસો એ જ મુખ્ય વસ્તુ થઈ પડી છે. જાણે માણસાઈ કે પ્રેમ જેવી વસ્તુ જ વ્યવહારમાં ન હોય એવા કડવા અનુભવો માણસને ડગલે ને પગલે થાય છે. ગરીબ માણસ મરવા પડયું હોય અને જાહેર ધર્માદા ઇસ્પિતાલમાં કોઈ લઈ જાય, તો પેલો દરદી બિચારો હેરાન-પરેશાન થઈ જાય. ત્યાંના નોકરો એની પરવા પણ ન કરે અને દાક્તર સુધી એ પહોંચે તો ભગવાનનો મોટો ઉપકાર! પણ કોઈની પાસે પૈસા હોય અને પેલા નોકરોને ખુશ કરે તો એનું કામ તરત થઈ જાય. જ્યાં જુઓ ત્યાં પૈસાનું જ જાણે રાજ હોય. રેલવેમાં શું કે સરકારી દફતરોમાં શું, બધે જ માણસો આ વાતથી ત્રાસી ગયા છે. જ્યાં ત્યાં લાંચ-રુશવત આપીએ, તો જ કામ ચાલે, એવી દુઃખદ સ્થિતિ થઈ ગઈ છે! પૈસા કરતાં પણ ઉચ્ચ વસ્તુ આ દુનિયામાં છે, એ જાણે ભુલાતું જાય છે. સામો માણસ ભીડમાં હોય, મુશ્કેલીમાં મુકાયો હોય, ત્યારે તેને સહાય કરવાને બદલે પોતાને એમાંથી શી રીતે કંઈક લાભ થાય, એની જ પેરવીમાં આજે માણસો જાણે પડેલા હોય એમ લાગે છે.

પૈસાની ખાતર નહીં પરંતુ પોતાના માનવબંધુઓની ખાતર, પોતાના દેશ માટે કે ભગવાનની ખાતર સારું કામ કરવામાં જ માણસાઈ રહેલી છે, એ સત્ય આપણે જીવનમાં ઉતારવું જોઈએ. બીજાની પાસેથી પડાવી લીધેલા પૈસાથી મળનારું સુખ એ તો ક્ષણિક છે. આ વસ્તુ જે માણસ

સમજે છે, તે પૈસાની પાછળ કદી પડતો નથી અને પોતાની માણસાઈને વેચતો નથી.

આ ઉચ્ચ સદ્‌ગુણ આપણને સામાન્ય દેખાતા માણસોમાં પણ નજરે પડે છે. એક વાર મુસ્લિમ સંત ઇબ્રાહિમને કોઈએ પૂછ્યું :

"સાંઈબાવા, આજ સુધીમાં આપને મોટામાં મોટો ધર્માત્મા કોણ મળ્યો છે?"

સંત ઇબ્રાહિમે કહ્યું: "મને મોટામાં મોટા ધર્માત્માનાં દર્શન એક હજામમાં થયાં છે."

પેલો માણસ નવાઈ પામી પૂછવા લાગ્યો, "એ શી રીતે બને?"

સંત ઇબ્રાહિમ બોલ્યા : "એક દિવસ મેં એક હજામને કહ્યું: 'ભાઈ ખુદાની ખાતર મારી હજામત કર.' તેણે ખૂબ પ્રેમભાવથી મારી હજામત કરી, જાણે બાદશાહ કે અમીરની ન કરતો હોય? હજામત પૂરી થઈ એટલે મેં તેને કહ્યું: 'ભાઈ, તને આપવા જેવું મારી પાસે હમણાં કંઈ જ નથી. પણ મને સૌથી પહેલું જે કંઈ મળશે, તે હું તને આપીશ.' એટલામાં મારો એક શિષ્ય મારી પાસે આવ્યો અને તેણે મને હજાર સોનામહોરોની એક થેલી ભેટ ધરી. હું તે થેલી પેલા હજામને આપવા લાગ્યો, ત્યારે તે બોલ્યો: 'સાંઈબાવા, તમે નહોતું કહ્યું કે, ખુદાની ખાતર હજામત કર?' મેં કહ્યું: 'એ વાત તો સાચી છે- પણ જરા જો તો ખરો; આ તો એક હજાર સોનામહોરોની થેલી છે!' પણ પેલા હજામે હસીને મને કહ્યું: 'સાંઈબાવા, ખરી સોનામહોરો એ થેલીમાં રહેલી નથી, પણ ખુદાની ખાતર કામ કરવામાં રહેલી છે.' બોલ ભાઈ, આ હજામને મોટામાં મોટો ધર્માત્મા કહેવો કે નહીં?"

મુકુલભાઈ

મોટા માણસોનાં મન

(૯)

અમદાવાદમાં શ્રી હરિલાલ સેતલવાડ નામે એક સરકારી અમલદાર થઈ ગયા. એક દિવસ એક માણસ પોતાના લાભના કામમાં તેમની મદદ લેવા તેમને લાંચ આપવા આવ્યો.

થોડી વાર વાતો કર્યા પછી પેલો માણસ બોલ્યો: "સાહેબ, આપ મોટા સરકારી અમલદાર છો. આપ જો મને મારા લાભમાં આટલું કામ કરી આપશો, તો આપનો આભાર હું કદી ભૂલીશ નહીં. વળી તે કામના બદલામાં આપને આપવા માટે ગાડું ભરીને રૂપિયા પણ લઈ આવ્યો છું."

શ્રી હરિલાલ સેતલવાડે જવાબ આપ્યો: "ના ભાઈ, મારાથી એવું ન થાય. જેની વાત સાચી હશે તેની તરફેણમાં જ મારે કહેવું પડશે. માટે તમે તમારા રૂપિયા પાછા લઈ જાઓ."

પેલો માણસ કહે: "સાહેબ, સમજી જાઓ. આ કંઈ થોડા રૂપિયા નથી; ગાડું ભરીને રૂપિયા છે. આવો લાભ નકામો જવા ન દો."

શ્રી હરિલાલ સેતલવાડ બોલ્યા, "ભલેને એવાં પચીસ ગાડાં ભરીને કોઈ રૂપિયા આપવા આવે; પરંતુ મારે આમ લાંચ લઈ અપ્રામાણિક કામ કદી કરવું નથી."

એ સાંભળીને પેલો માણસ ગુસ્સે થઈને બોલ્યો: "ઠીક ત્યારે. પણ યાદ રાખજો, આવડી મોટી રકમ આપનાર તમને બીજો કોઈ નહીં મળે!"

શ્રી હરિલાલ સેતલવાડ

શાંત અવાજે બોલ્યા: "ભાઈ, આટલી રકમ આપનાર કોઈક તો હશે જ. પણ એ લેવાની ના પાડનાર મળવો મુશ્કેલ છે!"

સુકુભાઈ

ઠાલું ન મળે ઠામ

મોટાભાઈએ નાના ભાઈને કહ્યું: 'મોહન! ખાલી શીશી લાવ.' મોહન દૂધની શીશી ધોઈ બરાબર સાફ કરી લાવ્યો. પરંતુ તેના મોટાભાઈ બોલ્યા, 'આ તો ખાલી નથી.' એટલે તે બીજી દવાની શીશી. ધોઈ, બરાબર સૂકવી લાવ્યો. પણ ફરી 'ના' સાંભળતાં બીજી ત્રણચાર શીશીઓ લાવ્યો. પરંતુ બધી શીશીઓ ખાલી નથી તેમ સાંભળી વિચાર કરવા લાગ્યો. છેવટે તેના મોટાભાઈ બોલ્યા; 'હવે વિચારવાનું છોડી દે. જો આ બધી શીશીઓ તો ભરેલી છે. ચાલ તને સમજાવું.' એમ કહી એક ડોલમાં પાણી ભરી મોહનને કહ્યું: 'શીશી બરાબર ઊંધી કર અને પાણીમાં ડુબાડ.' તેમ કરતાં તે પૂરેપૂરી ડૂબી નહીં એટલે ફરીથી કહ્યું: 'આડી કર અને ડુબાડી જો.' એમ ડુબાવતાં પાણીની અંદર પરપોટા થવા લાગ્યા અને પાણી અંદર ભરાવા લાગ્યું. છેવટે આખી શીશી ભરાઈ જતાં તે ડૂબી. મોહન એકદમ બોલી ઊઠયો, 'બરાબર હવે હું સમજ્યો. શીશીઓ તો હવાથી ભરેલી હતી.'

પછી મોટા ભાઈએ એક કાણાવાળો રબરનો દાટો લઈ તેમાં કાચની ગળણી ઘાલી અને શીશીને દાટો બરાબર બંધ બેસાડયો. પછી પાણી રેડવા માંડયું તો થોડું પાણી અંદર ગયા પછી જતું બંધ થયું. એટલે તેમણે મોહનને પૂછયું, 'બોલ તો આમ શાથી

ચયું?' મોહને કહ્યું, 'શીશીમાં હવા છે તે તેને પેસવા દેતી નથી.' એટલે દાટો ઢીલો કરવામાં આવ્યો તો પાણી ફરી અંદર જવા લાગ્યું. ફરી પૂછ્યું, 'હવે શાથી જાય છે?' તે બોલ્યો, 'દાટો અને શીશીની દીવાલ વચ્ચે થઈ હવા બહાર નીકળી જાય છે, એટલે જ અંદર પાણી જતું હોવું જોઈએ.' મોટાભાઈ બોલ્યા, 'બરાબર, હવે તું બરાબર સમજી શક્યો હોઈશ કે સામાન્ય રીતે ખાલી દેખાતી કે મનાતી વસ્તુ ખાલી હોતી નથી. પરંતુ તે હમેશાં હવાથી ભરેલી હોય છે. વળી બધી વસ્તુઓની માફક હવા જગ્યા રોકે છે અને તે નીકળે નહીં કે ખસી ન જાય ત્યાં સુધી બીજી વસ્તુ તેની જગ્યાએ જઈ શકતી નથી. આપણે પેટીમાં કપડાં કે ચોપડીઓ મૂકીએ ત્યારે પણ હવા બહાર નીકળી જાય છે અને કપડાં કે ચોપડીઓ તેની જગ્યા લે છે, પ્યાલામાં પાણી રેડતાં પાણી હવાને ધકેલી બહાર કાઢી મૂકે છે અને પોતે તેની જગ્યાએ ભરાઈ જાય છે. આપણા શરીરમાં, ચોપડીનાં બે પાન વચ્ચે, દાણા ભરેલા વાસણમાં પણ દાણાઓની વચ્ચે રહેલી જગ્યામાં પણ હવા આવેલી છે. એટલે કે, જ્યાં જ્યાં તે જગ્યા દેખે છે કે જગ્યા કરી શકે છે ત્યાં ત્યાં તે ભરાઈ જાય છે.

શાકરભાઈ રા૦ પટેલ

આપ ભલા તો જગ ભલા

બજારમાં જાઓ, સ્ટેશને જાઓ કે ગાડીમાં બેસો, બધેથી આજકાલ એક જ અવાજ સંભળાય છે કે દુનિયા બગડી ગઈ છે.

પેલા બ્રાહ્મણ અને ત્રણ ઠગની વાત તો જાણીતી જ છે કે વારંવાર ઠગોના કહેવાથી બ્રાહ્મણે

બકરાને કૂતરો માનીને છૂટો મૂકી દીધો અને ઠગ ફાવી ગયા. એ જ પ્રમાણે સારા માણસને પણ બધા ખરાબ કહે તો એ ખરાબ બની જાય છે. દુનિયાને બગડી ગઈ છે બગડી ગઈ છે એમ બધા કહે તો એ બગડી જાય.

સવાલ તો એ છે કે, તમને બગડેલી દુનિયા ગમે છે કે સારી? એ સારી ગમે છે તો એ સારી બને એવા ઉપાય લેવા જોઈએ.

દુનિયામાં પ્રાચીન કાળથી જોવાની બે દૃષ્ટિ ચાલતી આવી છે:

એક એવી છે કે પહેલાં માણસને લુચ્ચો માની લેવો. અનુભવે એ સારો જણાય તો એને સારો માનવો.

બીજી એવી છે કે પહેલાં માણસને સારો માની લેવો અને અનુભવે એ ખરાબ લાગે તો એનાથી ચેતવું.

ગાંધીજીએ આમાંની બીજી દૃષ્ટિ સ્વીકારી હતી. વધારેમાં એ તો ખરાબ માણસની ખરાબી પોતાના પ્રેમથી દૂર કરવામાં માનતા હતા. અને ઇરાદાપૂર્વક ખરાબી કરનાર સામે સત્યાગ્રહ કરીને એનેય સીધા રાહ ઉપર લાવવામાં માનતા હતા.

પહેલેથી માણસને ખરાબ માની લેવાથી એ થોડો ખરાબ હોય છે તો વધારે ખરાબ થાય છે, અને પહેલેથી માણસને સારો માની લેવાથી એની ખરાબી હોય છે એ પણ એને છોડવાનું મન થાય છે.

માણસને એની દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ દેખાય છે. સારી દૃષ્ટિ રાખવાથી સૃષ્ટિ પણ સારી દેખાય છે. એટલું જ નહીં, પણ એ સારી બને છે. એથી જ અનુભવીઓએ તારવી કાઢ્યું કે 'આપ ભલા તો જગ ભલા.'

બબલભાઈ મહેતા

શહેરોમાં ભરતી

આપણા દેશમાં શહેરો બહુ ઓછાં છે. મોટા ભાગના લોકો ગામડાંમાં વસે છે. પણ ધીમે ધીમે શહેરોમાં વસનારાંનું પ્રમાણ વધતું જાય છે. છેલ્લી વસ્તી-ગણતરી ૧૯૫૧ના માર્ચમાં થઈ. તેના વિગતવાર આંકડા તો ૧૯૫૩માં બહાર પડશે પણ કેટલાક આંકડા તૈયાર થતા જાય તેમ બહાર પાડવામાં આવે છે. હમણાં એક લાખથી વધારે વસ્તીવાળાં ૭૫ મોટાં શહેરોની હકીકત બહાર પાડવામાં આવી છે તેમાંથી જાણવા જેવું નીચે મુજબ છે:

૧. સને ૧૯૪૧થી ૫૧માં આખા દેશમાં વસ્તી ૧૩.૮ ટકા વધી ત્યારે આ ૭૫ શહેરોમાં ૪૩.૮ ટકા વધી. એટલે લગભગ દોઢી થઈ.

૨. ચાર મુખ્ય શહેરોમાં વધારો નીચે મુજબ થયો છે:

	વસ્તી	વધારો ટકા
કલકત્તા	૩૪,૯૦,૨૮૧	૨૦.૯
મુંબઈ	૨૮,૪૦,૦૧૧	૬૩.૧
મદ્રાસ	૧૪,૨૯,૯૮૫	૮૩.૯
અમદાવાદ	૭,૮૮,૩૧૦	૩૨.૩

આ શહેરોમાં વસ્તી વધે છે પણ ઘણા લોકો કુટુંબો સાથે રહેતા નથી. એટલે પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું હોય છે. કલકત્તામાં ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ ૫૭૧ છે, ત્યારે મુંબઈમાં ૫૯૭ છે અને અમદાવાદમાં ૭૬૪ છે. આથી દુરાચાર વધે છે અને ઘણા લોકો હલકું જીવન ગુજારે છે. તેથી શહેરો વધ્યાં, તેમની વસ્તી વધી તેથી લાભ શો થયો? તેથી પ્રજાની ઉન્નતિ થઈ કે અવનતિ?

આ સ્થિતિ દૂર કરવા માટે ગામડાંનું જીવન પગભર અને સુખી બનાવવું જોઈએ. ખેતી સુધરે અને ગ્રામોદ્યોગ વધે તો જ એ બની શકે.

વિઠ્ઠલદાસ કોઠારી

આપણી પાર્લમેન્ટ

ગયા અંકમાં આપણે રાજ્યસંસ્થાનાં મુખ્ય ત્રણ અંગ — ૧. કારોબારી, ૨. ધારાધીય, ૩. અદાલતી- માંનું પહેલું અંગ કેવી રીતે ચાલશે તે જોયું. બીજું અંગ કાયદાકાનૂન ઘડે તે. એ વિષે હવે જોઈએ. રાષ્ટ્રની સર્વસત્તાધીશ ધારાસભાને અંગ્રેજીમાં 'પાર્લમેન્ટ' કહે છે. તેથી આપણા દેશની સર્વોપરી ધારાસભાનું નામ પાર્લમેન્ટ આપણે સામાન્ય ભાષામાં વાપરીએ છીએ. તેને માટે દેશી શબ્દ **સંસદ** યોજવામાં આવ્યો છે.

પાર્લમેન્ટનાં ત્રણ અંગ

ભારત સંઘ માટે પાર્લમેન્ટ કે **સંસદની** જોગવાઈ કરવામાં આવી છે. તેનાં નીચેનાં ત્રણ અંગ છે:

૧. રાષ્ટ્રપતિ,
૨. લોકસભા,
૩. રાજ્યસભા.

રાષ્ટ્રપતિ વિષે આપણે જોઈ ગયા. સંસદના કામમાં તેમણે પણ અમુક ભાગ ભજવવાનો હોય છે, તેથી તેમને સંસદના અંગ તરીકે ગણવામાં આવે છે. બંધારણ મુજબ તેમણે શો ભાગ ભજવવાનો છે, તે આગળ આપણે જોઈશું.

લોકસભા

સામાન્ય રીતે દેશની ધારાસભાના બે ભાગ રહે છે. તે બંને મળીને કાયદા વિચારે છે. જેમ કે, વિલાયતની પાર્લમેન્ટમાં સામાન્ય લોકોના પ્રતિનિધિઓની **આમની સભા** કે **આમ-સભા** અને અમીર ઉમરાવોની **ઉમરાવ-સભા** કે **ખાસ-સભા** છે. હિંદના બંધારણમાં પણ વડી ધારાસભાના આવા બે ભાગની જોગવાઈ રાખી છે. આમ લોકના પ્રતિનિધિઓની આમ-સભાને **લોકસભા** કહેવામાં આવે છે; અને પ્રજાના ખાસ વર્ગો કે મંડળોમાંથી ચૂંટેલા

પ્રતિનિધિઓની સભાને રાજ્યસભા કહેવામાં આવે છે.

લોકસભાના ૫૦૦ કરતાં વધારે સભ્યો ન હોઈ શકે. ભારતનાં જુદાં જુદાં પ્રદેશરાજ્યોના મતદારો એમને ચૂંટશે. દર પાંચ લાખની વસ્તીએ એક સભ્ય ચૂંટાશે, વધારે નહીં અને દર સાડા સાત લાખની વસ્તીએ ઓછામાં ઓછો એક સભ્ય તો ચૂંટાશે જ. આ નિયમ પ્રમાણે, રાજ્યોના પ્રદેશને વહેંચીને અલગ અલગ મતદારવિભાગો ગોઠવવા જોઈશે.

જે માણસ હિંદનો નાગરિક ન હોય તે લોકસભાનો સભ્ય નહીં થઈ શકે. તેની ઉંમર ૨૫ વરસથી ઓછી નહીં હોવી જોઈએ. ઉપરાંત તેને માટે લાયકાત ઠરાવતો કોઈ કાયદો સંસદ કરે, તો તે મુજબની તેની લાયકાત હોવી જોઈએ. મતલબ કે, સંસદ પોતાના સભ્યની લાયકાત કે ના-લાયકાત વિષે કાયદો કરી શકે છે.

સરકારી નોકર કે કોર્ટે નાદાર ઠરાવેલો માણસ કે ગાંડો માણસ કે જેણે બીજા દેશની નાગરિકતા લીધી હોય તેવો માણસ — આવા માણસો લોકસભાના કે રાજ્યસભાના સભ્ય ન થઈ શકે.

આમ ચૂંટાયેલી લોકસભા સામાન્ય રીતે પાંચ વરસ સુધી કામ કરશે. દેશમાં ખાસ કટોકટી જાહેર થઈ હોય અને તે જ વખતે વચમાં પાંચ વરસ જો પૂરાં થાય તો સંસદ કાયદો કરીને એકીસાથે એક વરસ સુધી પોતે વધારે ખેંચી શકે. પરંતુ તે સાથે એવી શરત મૂકી છે કે, કટોકટી પૂરી થયા પછી ૬ માસથી વધારે તો તે ન જ ખેંચી શકે, — ભલે ગમે તે સંજોગો હોય.

લોકસભા પોતાના સભ્યોમાંથી એકને પોતાના પ્રમુખ કે 'સ્પીકર' અને બીજાને ઉપપ્રમુખ કે નાયબ "સ્પીકર" તરીકે ચૂંટશે, આ બને અધિકારીઓ પગારદાર હશે. તેમનો પગાર સંસદ નક્કી કરશે.

ઉપર મુજબ લોકસભા રચવાને માટે હવે મતદારવિભાગો, સભ્યોની સંખ્યા વગેરે નક્કી થયું છે, અને થોડા વખત પછી ચૂંટણીનું કામ શરૂ થશે.

રાજ્યસભાની રચના કેવી રીતે થશે તે હવે પછી જોઈશું.

૧૧-૯-'૫૧ મગનભાઈ દેસાઈ

આપણો મહાન દેશ

તમે નકશા ઉપર આપણો ભારત દેશ ઘણી વાર જોયો હશે. પરંતુ તે પરથી તેની મોટાઈ કદાચ તમારા સમજવામાં નહીં આવે.

આપણો દેશ પૂર્વથી પશ્ચિમ બે હજાર માઈલ જેટલો પહોળો છે; તેમ જ ઉત્તરથી દક્ષિણ પણ બે હજાર માઈલ જેટલો છે. ઇંગ્લંડ, જાપાન, જર્મની, ફ્રાન્સ એ બહુ જબરા દેશો કહેવાય છે. પણ આપણા દેશમાં તો તે દેશો જેવડા જિલ્લાઓ અને રાજ્યો છે।

આ વિશાળ ભરતખંડમાં આપણે ૩૬ કરોડ હિંદીઓ વસીએ છીએ. આટલાં માણસો હારબંધ ખડા રહી જાય, અને એક દરવાજે ઊભા રહી આપણે ગણવા માંડીએ તો તેમને ગણી રહેતાં બારેક વર્ષ લાગે। અને તે પણ ખાવું, પીવું, સૂવું એ બધું છોડીને ચોવીસે કલાક ગણ્યા કરીએ તો; અને મિનિટે ૬૦ જણને ગણી કાઢો તો.

આખી દુનિયામાં દર ૭ માણસે એક માણસ હિંદી છે. એટલે કે આખી દુનિયાની વસ્તીનો છઠ્ઠો ભાગ આપણે હિંદીઓ છીએ. અને તે પણ નમાલા કે નબળા નહીં. જૂના સમયથી દુનિયામાં કેટલેય ઠેકાણે જુદા જુદા દેશોમાં આપણા લોકો જઈને વસ્યા છે અને કામ કરે છે. બધે ઠેકાણે શરીરની તાકાતમાં, ખડતલપણાની બાબતમાં, ઉદ્યોગહુન્નરમાં, તેમ જ બુદ્ધિમાં આપણા લોકો બીજી કોઈ પ્રજાથી ઊતરતા જણાયા નથી. દુનિયાના કેટલાક વેરાન ભાગોમાં તો આપણા લોકોએ જ જઈને જંગલો સુધાર્યાં છે, જમીન તૈયાર કરી છે, નગરો વસાવ્યાં છે અને વેપાર-ધંધા ઊભા કર્યા છે. આપણા કુશળ વહાણવટીઓ જૂના વખતથી દરિયો ખેડીને આપણાં વહાણોને દૂર દૂર સુધી લઈ ગયા છે. આપણા સાધુસંતો પણ જૂના સમયથી ચીન, જાપાન, જાવા, સુમાત્રા અને છેક યુરોપની સામેના કિનારા સુધી ફરતા પહોંચ્યા છે, અને ઠેરઠેર ઉપદેશ આપી ધર્મ અને નીતિનો ફેલાવો તેમણે કર્યો છે. આપણા ઇતિહાસમાં કોઈ વખત આપણા દેશના લોકોએ બીજા દેશોને

જીતીને લૂંટવા કે બીજા દેશોના લોકોને વટલાવવા ઇચ્છા કરી નથી.

આટલા બધા કુશળ અને મહેનતુ લોકો હોવા એ જ દેશનું મોટું ધન છે. પરંતુ કુદરતે પણ પોતાની સંપત્તિ આ દેશમાં ઠાલવવામાં પાછી પાની નથી કરી. મોટા મોટા પર્વતો અને મોટી મોટી નદીઓ આ દેશને વરસાદ-પાણી પૂરાં પાડે છે. હિમાલય પર્વત એવી રીતે દેશને મથાળે ગોઠવાયો છે કે, દેશને રક્ષણ પણ મળે છે તથા પુષ્કળ વરસાદ-પાણી પણ મળે છે તે જો ન હોય, તો ઉત્તરનું વેરાન રણ છેક નીચે સુધી ધસી આવે; અને વરસાદનાં વાદળો પણ રોકાયા વિના દૂર ઘસડાઈ જાય. અત્યારે તો વાદળોનું પાણી હિમાલયની ગંગા જમના વગેરે મોટી મોટી નદીઓમાં થઈને આપણા દેશને નિરંતર મળે છે.

આપણા દેશને સૂર્યનાં સોનાનાં કિરણોની બારે સગવડ છે. તમે કહેશો કે સૂર્યનો તાપ તો બધા દેશોમાં હોય છે. તે વાત ખરી; પણ જુદા જુદા દેશોમાં સૂર્યનો તાપ ઓછોવત્તો હોય છે. આપણે ત્યાં તો સૂર્યનો તાપ એવી રીતે પડે છે કે ખેડેલી જમીન અને આપણાં શરીરને જોઈતી તાકાત મળે છે, અને સમુદ્રનાં પાણીનાં વાદળ બનીને નિયમિત ચોમાસું આવે છે. આપણા દેશના ખેડૂતોએ ખેડેલી જમીનમાં વરસાદનું પાણી પડતાં જ ચારે બાજુ જુદા જુદા પાક ઊગી નીકળે છે. જમીનમાંથી છોડને નાઈટ્રેટ ક્ષાર મળે છે; હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ મળે છે, અને પછી તેમાં મોટો ભાગ પાણી હોય છે. પરંતુ એ બધાને ખાવાલાયક તત્ત્વ બનાવનાર શક્તિ તો સૂર્યની ગરમી અને પ્રકાશમાંથી જ આવે છે. કેટલાક પાક તો આખી દુનિયામાં આપણા દેશમાં જ વધારે થાય છે.

આપણા દેશમાં ઢોર પણ આખી દુનિયાનાં ઢોરના ત્રીજા ભાગ જેટલાં છે. એ ઢોર આપણને દૂધ આપે છે, આપણી જમીન ખેડે છે, આપણો ભાર ખેંચે છે, અને બીજી કેટલીક રીતે આપણને ઉપયોગમાં આવે છે.

આપણા દેશના પેટાળમાં કેટલી બધી કીમતી ધાતુઓ ભરેલી છે! કેટલીક ધાતુઓ તો આપણા દેશમાં જ વધારે નીકળે છે. એ ધાતુઓના ઉપયોગથી

આપણે કેટલાં બધાં કામ કરી શકીએ છીએ !

આપણા દેશમાં આવી કીમતી સાધનસામગ્રી ભરેલી છે. આપણે આળસ કર્યા વિના, પ્રામાણિક મહેનતથી કુશળતાપૂર્વક તેનો ઉપયોગ કરીએ, તો આપણા દેશના સૌ લોકો સુખે રહી શકીએ, તથા બીજા દેશોની પણ સેવા કરી શકીએ. આપણા દેશમાં પહેલેથી એવા સત્પુરુષો થતા આવ્યા છે કે જેઓએ સૌ માણસોને સુખી અને ઉપયોગી જિંદગી જીવવાનો માર્ગ બતાવ્યો છે. આપણે આપણા મહાન દેશને તથા આપણા મહાન પૂર્વજોને લાયક સંતાન બનીએ અને આપણા દેશનું નામ ઉજાળીએ.

અમદાવાદ શહેર સમાજશિક્ષણ સમિતિ

અમદાવાદ શહેર સમાજશિક્ષણ સમિતિની કાર્યવાહક સભા, સામાન્ય સભા અને કાર્યકરોની સંયુક્ત સભા ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રી મગનભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. સમિતિનો ૧૯૫૦-૫૧નો હિસાબ તથા વર્ષભરની કાર્યવાહીનું મંત્રીઓનું નિવેદન રજૂ થયા પછી સમાજશિક્ષણના પ્રચાર માટે અને કાર્યને વેગ આપવા માટે વિચારણા થઈ હતી.

ઑગસ્ટ માસનો વર્ગ હેવાલ

	નવા વર્ગ શરૂ થયા		નવા પ્રૌઢ આવ્યા		પાસ થયા		માસ આખર વર્ગની સં.		માસ આખર પ્રૌઢની સં.	
	પુ.	સ્ત્રી.	પુ.	સ્ત્રી.	પુ.	સ્ત્રી.	પુ.	સ્ત્રી	પુ.	સ્ત્રી.
૧ લી શ્રેણી	૪	૨	૬૫	૧૬૨	૯૩	૧૦૦	૨૫	૧૮	૫૯૫	૪૩૬
૨ જી શ્રેણી	૨	૫	૪૩	૧૨૦	૨૦	૧૮	૮	૧૧	૧૮૭	૨૫૩
કુલ	૬	૭	૧૦૮	૨૮૨	૧૧૩	૧૧૮	૩૩	૨૯	૭૮૨	૬૮૯

મીઠું

આપણે દરરોજ ખોરાકમાં મીઠું ખાઈએ છીએ. મીઠા વગરની વાનગી ફિક્કી લાગે છે. ફિક્કી ચીજને મીઠી બનાવવાનો ગુણ હોવાથી ખારા મીઠાને આપણે 'મીઠું' નામ આપ્યું છે.

મીઠા વગરની વાનગી મોળી પડે છે તેમ કેટલાક માણસો પણ મોળા હોય છે. જેના કામમાં ક્શો ભલીવાર આવે નહીં તેમ જ જે પોતાનું સ્વમાન જાળવી શકે નહીં તેવો માણસ મીઠા વગરનો ગણાય.

મીઠાને આપણે લૂણ, નમક અગર નિમક પણ કહીએ છીએ. લૂણ અને નમક ઉપરથી નીકળેલા લૂણહરામી, નિમકહલાલ, નિમકહરામ વગેરે શબ્દો વપરાશમાં છે.

અસલના વખતમાં આરબ લોકો 'મીઠું' આપી મિત્રાઈ કરતા. કોઈ અજાણ્યો માણસ આવે તો તે મિત્ર છે કે દુશ્મન તેની પરીક્ષા મીઠાથી થતી. મીઠું ખાય નહીં તો તે માણસ દુશ્મન ટોળીનો ગણાતો. મીઠું ખાય તો તે મિત્ર બનતો. મીઠું ખાધા પછી તે જીવને જોખમે પણ સંબંધ જાળવતો. તેમ ન કરે તે માણસ નિમકહરામી ગણાતો.

કોઈ સ્નેહી માણસને ભૂતપ્રેત, વળગાડ વગેરે ન લાગે અગર તેનું રક્ષણ થાય એ ઇરાદે લૂણ ઉતારવાનો રિવાજ કેટલેક ઠેકાણે જોવામાં આવે છે. લોટામાં મીઠું નાખી ખખડાવતાં નવપરિણિત વરવધૂને માથે લોટો ફેરવવાનો રિવાજ આજે પણ ગામડાંમાં પ્રચલિત છે.

વળી કોઈને નજર લાગી છે એમ માની નજર બાંધવાના નિમિત્તે લોકો અગર ભૂવા મીઠું અને રાઈનો ઉપયોગ કરે છે. ઘરનું વાસ્તુ લેતી વખતે અગર તો નવા ભાડે રાખેલા ઘરમાં વાસ કરતા પહેલાં ત્યાં મીઠું અને માટલી મૂકવાનો રિવાજ છે. રશિયામાં કેટલેક સ્થળે નવા મકાનનો મોભ ગોઠવતાં તેની નીચે મીઠા-રોટી મૂકીને વિધિ કરવામાં આવતી.

ઈ. સ. પૂર્વે રોમમાં મીઠાને ખૂબ મહત્ત્વ અપાતું. મોટા મોટા

અમલદારોના પગાર મીઠાની ગૂણોમાં ચૂકવાતા. તમામ શુભ પ્રસંગે આમંત્રિત મહેમાનો ઉપર મીઠું છાંટવામાં આવતું. આજે પણ મધ્ય આફ્રિકામાં અને એવાં કેટલેક સ્થળે મીઠું ચલણી નાણા જેમ વપરાય છે. ત્યાંનાં બાળકોને મીઠાની ગાંગડી મળે તો તે ચૉકલેટ માફક મોઢામાં રાખી મમળાવવાના. ત્યાંનું એક નાણાંનું કોષ્ટક નીચે મુજબનું છે.

૨૦ છુવું (કોડી) = ૧ મીટકા
(પિત્તળનો કકડો)
૨૦ મીટકા = ૧ મરઘી
૧૦૦ મીટકા = ૧ મીઠાથેલી
(૧।। કીલોગ્રામ વજન)
૨ મીઠાથેલી = ૧ બકરો
૪ મીઠાથેલી = ૧ બકરી
૧૦ મીઠાથેલી = ૧ ગુલામડી
૨૦ મીઠાથેલી = ૧ ગુલામ

આ સ્થળે રહેનારા લોકોની એવી માન્યતા છે કે યુરોપમાં મીઠું આકાશમાંથી વરસે છે. સ્થાનિક વપરાશમાં ત્યાંના લોકો વનસ્પતિ બાળીને તેની રાખનો મીઠા તરીકે ઉપયોગ કરે છે. શુદ્ધ મીઠાના ગાંગડા તો તેમને મન કીમતી વસ્તુ ગણાય. સર ચાર્લ્સ ક્રુક એક સ્થળે લખે છે કે આ જંગલી લોકોને મીઠું આપો એટલે એ એના બંધાણી થઈ જશે. પછીથી જે કામ પૈસાથી, વસ્ત્રથી કે સોનાથી પણ નહીં કરાવી શકાય તેવું કામ ચપટી મીઠાથી તે ખુશી થઈને કરી દેશે.

જસીલાલ ગાંધી

સુધારો

ગયા અંકમાં પા૦ ૩૦, કોલમ બીજાની છઠ્ઠી લીટીમાં 'રાષ્ટ્રપતિ તરીકે . . .' એમ છે ત્યાં "સભ્ય તરીકે . . ." એમ જોઈએ.

એ જ લેખમાં ૩૨મા પાના પર બીજા કોલમની ત્રીજી લીટીમાં 'તેમની' શબ્દ પછી 'સલાહ' શબ્દ ઉમેરી લેશો.

પૂરું થતું પખવાડિયું

કાશ્મીર રાજ્યની બંધારણસભા માટેની ચૂંટણીમાં કાશ્મીરની રાજકીય પરિષદના સભ્યો ઘણી જ મોટી બહુમતીથી ચૂંટાયા છે.

ભારતના નવા બંધારણ પ્રમાણેની પહેલી સામાન્ય ચૂંટણી મુંબઈ રાજ્યમાં આવતી જાન્યુઆરીની ત્રીજી તારીખે શરૂ થશે અને તા. ૧૪ મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે.

આખરે શ્રી. ટંડને નવી દિલ્હી ખાતે ગઈ તા. ૮મીએ મળેલી મહાસમિતિની ખાસ બેઠક સમક્ષ કૉંગ્રેસના પ્રમુખ તરીકેનું પોતાનું રાજીનામું આપ્યું હતું. એ પછીથી શ્રી. ટંડનની સેવાઓની કદર કરતો ઠરાવ કરીને પંડિત જવાહરલાલ નેહરુને મહાસમિતિએ કૉંગ્રેસના પ્રમુખ તરીકે મોટી બહુમતીથી ચૂંટી કાઢ્યા હતા.

પ્રમુખપદ સ્વીકાર્યા પછી પંડિત નેહરુએ કૉંગ્રેસનું ખાસ અધિવેશન નવી દિલ્હી ખાતે ભરવાની સૂચના કરી હતી અને તે પ્રમાણે આવતા ઑક્ટોબરની તા. ૧૭, ૧૮ અને ૧૯ મીએ ત્યાં આગળ કૉંગ્રેસનું ખાસ અધિવેશન ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

શ્રી. ટંડનને કૉંગ્રેસના પ્રમુખપદેથી છૂટા થવું પડ્યું એ પરિસ્થિતિ સામેના પોતાના વિરોધ તરીકે મધ્ય પ્રદેશના માજી ગૃહપ્રધાન શ્રી. દ્વારકાપ્રસાદ મિશ્રે કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩ | અમદાવાદ, ૧લી ઑક્ટોબર, ૧૯૫૧ | વાર્ષિક લવાજમ: પરદેશમાં
છમાસિક „ „ રૂ. ૨ | | રૂ. ૫ શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

સાચી શરાફી

[સરદારશ્રીના એક પત્રમાંથી]

. . . . તમે શરાફની પેઢી પર જાઓ છો એ ઠીક છે. એમાં કંઈ ખોટું નથી. શરાફની પેઢી પણ એક શાળા જ છે. ત્યાં ઘણું શીખવાનું મળશે. ધંધો તો શીખવાનો હોય છે જ પણ સાથે સાથે શરાફની પેઢી ઉપર તો જે સૌથી વધારે શીખવાનું હોય છે એ તો શરાફી. અને શરાફી એટલે જેના મુખના બોલ ઉપર સૌ કોઈ ભરોસો રાખી શકે, જેનું ચારિત્ર ઉત્તમ હોય, જે ખોટું ન બોલે, અને ખોટું કદી ન કરે. શાળામાં જે શીખવાનું મળે તેના કરતાં પણ શરાફની પેઢી પર ઘણું સરસ શીખવાનું મળશે. આ સંસાર પણ એક મોટી શાળા જ છે. સેવાધર્મ અને સાફ આચરણ શીખશો તો જરૂર સુખી થશો.

મુંબઈ, ૧૦-૭-'૪૧

ઈશ્વરનું અસ્તિત્વ

'મને ઇશ્વર વિષે શ્રદ્ધા નથી' એમ કહેવું તો સહેલું છે. કારણ ઈશ્વર વિષે જેને જે કહેવું હોય તે કહેતાં ઈશ્વર તેને રોકતો નથી. તે તો માત્ર આપણાં કર્મ જોતો રહે છે. અને તેના નિયમનું ઉલ્લંઘન કરીએ તો તેની સજા અવશ્ય મળે છે જ—પણ તે સજામાં સજાનો ગુણ નહીં પણ પાવન કરવાનો અને અવશ્ય સુધારવાનો ગુણ રહેલો હોય છે. ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે જ નહીં, સિદ્ધ કરવાની જરૂર જ નથી. ઈશ્વર છે જ. તેનું અસ્તિત્વ આપણા હૃદયમાં ન ઊતરતું હોય તો આપણું દુર્ભાગ્ય છે; એ એક રોગ છે જે મને કમને કોક દિવસ તો આપણે કાઢી નાખવાના છીએ જ.

૧૯૨૬ ગાંધીજી

રેંટિયાનો મર્મ

પોતાની જયંતીને ગાંધીજીએ રેંટિયાજયંતી અથવા રેંટિયા-બારશ નામ આપ્યું હતું તેમાં તેમની ભારે દીર્ઘદૃષ્ટિ રહેલી હતી. રેંટિયાના કરતાં વધારે સારું એમના વિચારોનું બાહ્ય, નજરે પડે એવું, પ્રત્યક્ષ પ્રતીક બીજું નથી. રેંટિયો અવરોધી પરિશ્રમ અથવા મજૂરીનું પ્રતીક છે. આપણે જાણીએ છીએ કે પરિશ્રમ, અંગમહેનત અથવા મજૂરી વિના આ દુનિયામાં કશું પેદા થતું નથી. આપણામાંનું હરેક જણ દુનિયાની ચીજો વાપરે છે ખરું પણ એવી ચીજો પેદા કરતું નથી. રેંટિયો આપણને વસ્તુઓ

પેદા કરવાને અંગમહેનત અથવા મજૂરી કરવાની પ્રેરણા આપે છે. માણસમાત્ર કપડું પહેરે છે. પોતાના કાપડને માટે જરૂરી સૂતર એ કાંતે તો એથી તે આખી જનતાની સાથે એકરૂપ થઈ શકે છે. આમ તો વસ્તુઓ પેદા કરવાને માટે દુનિયામાં તરેહતરેહનાં યંત્રો નિર્માણ કરવામાં આવ્યાં છે. પરંતુ એમાંથી માનવજાતમાં વર્ગભેદ પેદા થયા છે, વર્ગવર્ગ વચ્ચેના કલહ વધ્યા છે અને ભોગવાસનાને પોષણ મળતું રહેવાથી આખરે તે બહેકવા માંડે છે.

('હરિજનબંધુ'માંથી) વિનોબા

મજાની સેવા

અમદાવાદમાં ઑફિસ ચલાવવા એક વિભાગીય (ડિવિઝનલ) અમલદારની ઑફિસમાં એક શનિવારે બપોરે ૧૨-૩૦ વાગ્યે ટેલિફોનની ઘંટડી વાગી. સાહેબની તપાસ કરતાં કારકુને સંકોચપૂર્વક જણાવ્યું કે સામાન્ય રીતે આ વખતે સાહેબ ઑફિસમાં આવી જાય છે, પણ તે જ દિવસે આવ્યા ન હતા. સાહેબને કદાચ મોડું થાય અને નાહક ખોટો દેખાવ થાય એ ડરથી કારકુને ટેલિફોનનું રિસીવર ઉપાડીને નીચે મૂકી દીધું એટલે ફરી સાહેબ સંબંધમાં કાંઈ વાત કરવાનો પ્રશ્ન ઊભો ન થાય. થોડા વખત પછી ફરી ટેલિફોન કરતાં ફોન રોકાયેલો જણાવા લાગ્યો. એક્સ્ચેન્જ ઑફિસમાં તપાસ કરતાં જણાયું કે રિસીવર નીચે મૂકી દેવામાં આવ્યું છે.

૧૨-૯-૫૧ પરીક્ષિતલાલ મજમુદાર

રાજ્યસભાની રચના

હિંદની પાર્લમેન્ટની લોકસભાની રચના વિષે ગયા અંકમાં જોયું. હવે તેની ખાસ સભા કે રાજ્યસભા કેવી રીતે રચાશે તે જોઈએ.

રાજ્યસભામાં દેશનાં જુદાં જુદાં રાજ્યોના બધા મળીને વધારેમાં વધારે ૨૩૮ પ્રતિનિધિઓ હશે.

તે ઉપરાંત ૧૨ સભ્યોને રાષ્ટ્રપ્રમુખ નીમશે.

એમ કુલ વધારેમાં વધારે ૨૫૦ સભ્યની રાજ્યસભા બનશે.

જુદાં જુદાં રાજ્યો કેટકેટલા પ્રતિનિધિ મોકલી શકે તે નક્કી કરીને બંધારણના પરિશિષ્ટની યાદી નં. ૪માં આપવામાં આવ્યું છે. તે તે રાજ્યની ધારાસભાના ચૂંટાયેલા સભ્યો પોતપોતાના પ્રતિનિધિઓ ચૂંટશે. એવો નિયમ નથી કે, ચૂંટાય તે પ્રતિનિધિ તે તે ધારાસભાનો સભ્ય હોવો જોઈએ. ગયા અંકમાં જોયું તે મુજબની લાયકાત ધરાવનાર કોઈ હિંદી ઊભો રહી શકે છે.

પ્રતિનિધિઓની ચૂંટણી પસંદગીનો ક્રમ દર્શાવતી એક જ મત આપવાની પદ્ધતિથી કરવામાં આવશે.

રાષ્ટ્રપતિએ જે ૧૨ સભ્ય નીમવાના છે તે એવા માણસો હોવા જોઈએ કે જેમની પાસે સાહિત્ય, વિજ્ઞાન, કળા અને સમાજસેવા જેવી બાબતોમાં ખાસ જ્ઞાન છે અથવા તે વિષેનો પ્રત્યક્ષ અનુભવ છે.

રાજ્યસભા કેટલાં વરસ ટકી શકે એ બાબતમાં એવો કાયદો કરવામાં આવ્યો છે કે, તેનું વિસર્જન કરવામાં નહીં આવે,

પરંતુ દર બીજે વરસે, તેના કુલ સભ્યોનો લગભગ ⅓ ભાગ, પાર્લમેન્ટ કાયદો કરીને ઠરાવે એ ઢબે, સભાના સભ્યપદેથી નીકળી જતો રહેશે. એટલે તેટલા સભ્યો નવેસર આવ્યા કરશે, એમ થયું; એ રીતે તે સભા પલટાતી રહેવાની.

પાર્લમેન્ટ પોતાનું કામ કઈ ઢબે કરશે તે હવે પછી જોઈશું.

૨૬-૯-'૫૧ મગનભાઈ દેસાઈ

વાલિયો લૂંટારો

એક હતો લૂંટારો. એનું નામ વાલિયો. તે જંગલમાં રહે, ચોરી લૂંટફાટ કરે, સહેજ સહેજમાં ખૂન કરી નાખે. એના જંગલમાંથી કોઈ સાજોસમો જાય નહીં, કોઈ લૂંટાયા વિના રહે નહીં.

વાલિયાને મોટું કુટુંબ હતું. એનાં માબાપ હતાં, બૈરીછોકરાં હતાં. એ બધાંને ખવડાવવું પિવડાવવું ઓઢાડવું તો જોઈએ ને? એટલે એ તો લૂંટનો ધંધો કરતો. જંગલમાંથી જતા રસ્તાની ધારે તે લપાઈ રહેતો અને રસ્તે નીકળે એને માર મારીને લૂંટી લેતો.

એક વખત વાલિયો એક ઝાડની ઓથે ભરાઈને બેઠો હતો, એટલામાં એક બ્રાહ્મણ ત્યાં થઈને જતો હતો. તેના એક હાથમાં તંબૂરો હતો અને બીજા હાથમાં કરતાલ હતી. એના શરીર ઉપર પીળું પીતાંબર હતું અને એનાં માથા ઉપર ઊભી શિખા હતી. એના મુખમાંથી નારાયણ નામની ધૂન ચાલે. એ નારદ મુનિ હતા.

શિકાર હાથમાં આવેલો જાણીને વાલિયો તો આગળ ધસી આવ્યો. એણે બૂમ પાડી, 'એ બામણા, મૂકી દે તંબૂરો નીચે અને દેખાડ તારી ઝોળી!'

નારદ મુનિએ બૂમ સાંભળી. પણ એમને બીક કેવી? તે તો ગાતા ગાતા તેની પાસે આવ્યા. નજીક આવી તેમણે દયાથી વાલિયા લૂંટારા સામે જોયું અને બે હાથ પસારી તેને આશીર્વાદ આપ્યા.

લૂંટારાના અચંબાનો પાર ન રહ્યો. આજ સુધી અનેક વટેમાર્ગુ જોયા, પણ કોઈ આવો ન જોયો. બીજા સૌ તો તેની બૂમ સાંભળતાં જ થથરી ઊઠતા. આવો નીડર માણસ જોઈ વાલિયો તો સડક થઈ ગયો, અને મુનિ તરફ જોઈ રહ્યો.

નારદ મુનિ એકાદ બે ક્ષણ થોભીને બોલ્યા: 'ભાઈ! તું લૂંટવાનો ધંધો કરે છે? તું શા માટે એ ધંધો કરે છે?'

લૂંટારો બોલ્યો: 'મારે કુટુંબ છે; માબાપ છે; બૈરીછોકરાં છે. તેમને બધાંને ખવરાવવું પિવરાવવું જોઈએ ને?'

નારદ મુનિ — પણ ભાઈ, તે માટે આવું ઘોર પાપ શા માટે કરે છે? તારાં બૈરીછોકરાં તારા પાપમાં ભાગીદાર થશે ખરાં?

વાલિયો — થાય જ ને? હું થોડો મારા એકલા સારુ આ પાપ કરું છું?

નારદ મુનિ — પણ તેં એમને પછી જોયું છે?

વાલિયો — ના, પૂછ્યું તો નથી.

નારદ મુનિ — ત્યારે બાપુ, તું ઘેર જઈ પૂછી આવીશ? તું પાછો આવે ત્યાં સુધી હું અહીં જ ઊભો રહીશ.

વાલિયો લૂંટારો દોડતો દોડતો ઘેર ઊપડ્યો.

જઈને પ્રથમ તેણે પોતાની માને પૂછ્યું: 'મા મા, હું લૂંટ કરીને તને ખવડાવું છું, તો મારા તે પાપમાં તું ભાગીદાર ખરી કે નહીં?

મા — પાપમાં હું ભાગીદાર શાની? કરે તે ભરે! એ કર્મનો કાયદો છે.

પછી તો તેણે એ જ પ્રમાણે પોતાના બાપને પૂછ્યું. તેમણેય તેવો જ જવાબ આપ્યો. સ્ત્રીને પૂછ્યું તો તેણે પણ તેવો જ જવાબ આપ્યો.

આથી વાલિયાનું મોઢું પડી ગયું. એ તો નારદ મુનિ પાસે આવીને રડી પડયો; એમને પગે પડીને કહેવા લાગ્યો: 'મહારાજ, હવે તો તમે મને બચાવો. મારાં સગાં તો સૌ ખાવાનાં જ સગાં છે. મારા પાપમાં કોઈ ભાગિયાં નથી. હું એકલો આવડા મોટા પાપની સજા કેમ કરીને ભોગવીશ?'

પછી નારદ મુનિએ તેના ઉપર દયા કરી તેને રામનામ શીખવ્યું, અને કહ્યું: 'હું પાછો આવું ત્યાં સુધી આ પીપળાના ઝાડ નીચે બેસી આ મંત્રનો જપ કરજે. તારાં સર્વ પાપો બળી જશે.'

એમ કહી નારદ મુનિ ચાલ્યા ગયા. વાલિયો લૂંટારો પીપળા નીચે આસન જમાવી રામનામનો જપ કરવા લાગ્યો. તેને શરીરનું પણ ભાન ન રહ્યું.

બહુ વર્ષે ફરી નારદ મુનિ એ જ રસ્તે થઈને નીકળ્યા. ત્યારે વાલિયાના શરીર ઉપર તો ઊધઈના મોટા વલ્મીક (રાફડા) બાઝેલા હતા!

નારદ મુનિ પ્રેમભર્યા સ્વરે બોલ્યા: 'હે વાલ્મીકિ મુનિ! ઊઠો.'

વાલિયો ઊઠયો, પણ હવે એ પહેલાંનો વાલિયો રહ્યો નહોતો. એના મોઢા ઉપર તો તેજ છવાયું હતું. રામનામના જપથી તેનાં પાપ બળી ગયાં હતાં.

આ વાલ્મીકિ ઋષિએ જ પછીથી રામાયણની કથા રચી.

શ્રી રામકૃષ્ણ ઉપનિષદ

૧

પરમાત્મા

[શ્રી રામકૃષ્ણ પરમહંસ આપણા જમાનાના એક મહાન સંત થઈ ગયા. જન્મે તેઓ બંગાળી હતા પરંતુ તેમના ઈશ્વરપરાયણ જીવન અને ઉપદેશની અસર આપણા આખા દેશ પર થઈ છે. તેમના ઉપદેશનો નિચોડ રાજાજીએ 'રામકૃષ્ણ ઉપનિષદ' નામના એક નાનકડા પુસ્તકમાં પોતાની અનોખી શૈલીમાં આપ્યો છે. અભ્યાસક સૌને માટે એ બોધપ્રદ હોઈ ક્રમે ક્રમે એ 'લોકજીવન'માં આપવા વિચાર છે. આ તેનો પહેલો હપ્તો છે. મ૦ ભ૦ દે૦]

શ્રી રામકૃષ્ણ પરમહંસનો ઉપદેશ ઉપનિષદોની કોટીમાં આવી શકે છે. પ્રાચીન કાળના ઋષિમુનિઓ જેવા જ આ તપસ્વી મહાત્મા આપણા સમયમાં પેદા થયા. એમણે પોતે કોઈ પુસ્તક નથી લખ્યું કે ભાષણો નથી આપ્યાં. એક શુદ્ધ સંન્યાસી-જીવન ગાળીને તેઓ દુનિયામાંથી વિદાય થયા. પરમહંસના જે શિષ્યો તેમના ઉપદેશોને શ્રદ્ધા અને ભક્તિથી સાંભળતા હતા તેમણે પછીથી તે લખી કાઢ્યા.

ભણેલાગણેલા લોકોને સુંદરમાં સુંદર લેખ લખવામાં કશી મુશ્કેલી નથી નડતી, પણ એવાં લખાણો ઘણું ખરું પ્રતિભા-રહિત હોય છે. શ્રીરામકૃષ્ણ પરમહંસે જે રીતે પોતાનામાં પરમાત્માનો અનુભવ કર્યો એ જ રીતે વસ્તુમાત્રમાં પણ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો. તેઓ ઘણા મોટા જ્ઞાની હતા. આવા જ્ઞાનીઓ દુનિયામાં કોક કોક વાર જ જન્મે છે.

આપણને સ્વતંત્રતા તો મળી ગઈ છે. પણ એનો પૂરેપૂરો લાભ લેવા માટે આપણે ધર્મનો રસ્તો કદી ન છોડીએ એ જરૂરી છે. એમાં જ આપણું શ્રેય છે. આજ-

કાલ લોકો છડેચોક નાસ્તિકવાદની તરફેણ કરે છે અને પોતાને બહુ જ બહાદુર માને છે. એ આપણું દુર્ભાગ્ય છે. આ બ્રહ્માંડની તથા તેની અનેક શક્તિશાળી અદ્દભુત વસ્તુઓની રચના કોઈ એક બીજી મહાન વિભૂતિએ જ કરી છે. તેના આદેશથી બધું નિયમ પ્રમાણે ચાલી રહ્યું છે. એ મહાન વિભૂતિને સમજવાનું કે સમજવવાનું સહેલું નથી. એ જ પરમેશ્વર છે, પરમ તત્ત્વ છે. પ્રકૃતિ પોતાની રીતે ચાલે છે, સંચાલકની જરૂર નથી, એમ કહીને ઈશ્વરને બદલે પ્રકૃતિની જ આરાધના કરવાથી કશું થઈ શકતું નથી.

આપણે ઈશ્વરને જોઈ નથી શકતા એ તે ન હોવાનો પુરાવો છે? રાત્રે આકાશમાં જે તારાઓ આપણે જોઈએ છીએ તે દિવસે દેખાતા નથી. એથી, અમુક વસ્તુ આપણે આંખોથી નથી જોઈ શકતા એટલે તે વસ્તુની હસ્તી જ નથી એવા નિર્ણય પર આપણે ન આવવું જોઈએ. ઈશ્વર જેવી કશી વસ્તુ છે જ નહીં, તેની કશી જરૂર જ નથી એમ આપણે કહેતાં ફરવું ન જોઈએ.

એક વાર શ્રીરામકૃષ્ણે કહ્યું: 'ગામમાંથી કોઈ શહેરમાં આવે છે. શહેરમાં પહોંચીને પોતાનો સરસામાન કોઈક સુરક્ષિત જગ્યાએ મૂકીને તે ફરવા નીકળે છે. આખો દિવસ ફરીફરીને રાત્રે નિયત સ્થળે પહોંચી જાય છે અને નિશ્ચિંત બનીને સૂઈ જાય છે. શરૂઆતમાં જ જો તેણે આરામની જગ્યા ખોળી લીધી ન હોત તો રાત્રે થાકયાપાકયા પાછા ફર્યા પછી તેને ઘણી જ તકલીફ પડત. સંસારના ક્લેશોથી થાકેલા મનનો આશરો પરમાત્મા છે. એ સ્થાન પોતાને માટે ખોળી રાખો, નહીં તો લટકતા રહેશો.

સંસારના સુખભોગનો સમય પૂરો થતાં અંધકાર છવાઈ જશે; એ વખતે તમારે આશ્રયસ્થાનની જરૂર પડશે."

પીવા માટે આપણે તળાવમાંથી ઘડામાં પાણી ભરીએ છીએ. પાણીને વધુ હલાવ્યા વિના ધીરેથી ભરી લઈએ તો ઘડામાં સ્વચ્છ પાણી આવશે; બહુ હલાવી હલાવીને એકે સપાટે ભરીએ તો કાદવવાળું પાણી આવશે. ભિન્ન ભિન્ન પ્રકારના ગ્રંથો વાંચીને, વિવિધ પ્રકારની વાતો સાંભળીને આપણે આપણી બુદ્ધિને કલુષિત અને શંકાશીલ ન કરવી જોઈએ. મન પવિત્ર રાખીને અવિચળ ભક્તિ, ધ્યાન તથા ઉપાસના ધીરે ધીરે પણ કરતા જઈએ તો આપણે યોગ્ય માર્ગ પર ચાલી શકીએ છીએ. તળાવની પેઠે આપણી બુદ્ધિ પણ વધારે પડતી ન ચલાવવાથી જ સ્વચ્છ રહે છે, નહીં તો કીચડ જેવી જ થઈ જાય છે.

ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા ઇચ્છતાં હો તો ભક્તિ અને આતુરતા રાખો. જીવાત્મા અને પરમાત્માનાં તત્ત્વોની ચર્ચામાત્રથી ભગવાનને નહીં જોઈ શકો. દહીંમાં માખણ છે એ સૌ કોઈ જાણે છે. તે ધીરજથી વલોવવાથી જ મળે છે; હું જાણું છું, દહીંમાં માખણ છે એમ પોકારવાથી કે એનું રટણ કરવાથી તે નહીં મળે. બાળક લાંબા વખતથી વિખૂટી પડેલી માતાની ગોદમાં જવાને માટે જેટલી આતુરતાથી ઝંખે છે એટલી જ આતુરતાથી ભગવાનને મેળવવાની ઇચ્છા સેવતા રહો.

સાચો પુત્ર

એક રાજા હતો. તેને ત્રણ છોકરા હતા. એક દિવસે રાજાએ પોતાના છોકરાઓને બોલાવીને કહ્યું: "હવે હું ઘરડો થયો છું. કોણ જાણે હું કેટલા દિવસ જીવીશ. પણ તમને એક સવાલ પૂછવાનું મને મન થાય છે. બોલો, તમે મને કેટલો ચાહો છો ?"

મોટા છોકરાએ કહ્યું: "બાબા, તમારા પર મારો પ્રેમ સમુદ્ર જેટલો અગાધ છે. હું તમને ખૂબ જ ચાહું છું."

વચલો છોકરો કહે: "બાબા, મારા પ્રેમની તો કોઈ સાથે સરખામણી થઈ શકે એમ નથી."

સૌથી નાનો છોકરો બોલ્યો: "બાબાજાન, હું તો એટલું જ જાણું છું કે, તમને મારા અબ્બાજાન તરીકે હું ચાહું છું."

પછી રાજાએ ત્રણે છોકરાઓને વિદાય કર્યા.

થોડા દિવસ પછી રાજાએ પોતાના વજીરને બોલાવીને કહ્યું: "પ્રધાનજી, હવે હું ઘરડો થયો. મારી ઇચ્છા મક્કાની હજ કરવા જવાની છે. તેથી હું આવતી કાલે જઈશ. મારી ગેરહાજરીમાં તમે રાજકારભાર ચલાવજો. અને જો હું રસ્તામાં અધવચ્ચે મરણ પામું તો મારું રાજ્ય ત્રણે ભાઈઓ સાથે મળીને ચલાવે એવો બંદોબસ્ત કરજો."

રાજા તો બીજે દિવસે હજ કરવા ગયા. બેએક મહિના પછી એવા સમાચાર આવ્યા કે, રાજા રસ્તામાં મરણ પામ્યા છે. આ વાત સાંભળીને આખા રાજ્યમાં શોક છવાઈ ગયો. અને વજીરે રાજાની ઇચ્છા મુજબ રાજ્યની વ્યવસ્થા કરી.

નવા રાજાના અમલને એક વર્ષ વીતી ગયું હતું. એક દિવસ

એક વૃદ્ધ ફકીર રાજધાનીના દરવાજા પાસે આવીને વિસામો ખાવા બેઠો. તેણે ત્યાં જોયું કે, એક જુવાન માણસ ચીંથરેહાલ દશામાં ગમગીન બનીને થોડે દૂર બેઠો હતો. ફકીર તેની પાસે ગયો અને બોલ્યો: "અરે જુવાન, તું આમ નિરાશ થઈને અહીં શા માટે બેઠો છે? તારા પર એવું તે શું દુઃખ આવી પડ્યું છે?"

એ સાંભળીને જુવાનની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે ગદ્દગદ કંઠે બોલ્યો: "સાંઈબાબા, મારા અબ્બાજાન એક વર્ષ ઉપર મક્કાની હજ કરવા ગયા હતા તે રસ્તામાં જ ગુજરી ગયા. મને એમની ગેરહાજરી ખૂબ જ સાલે છે. એમના પર મને ઘણો પ્રેમ હતો. મારા બીજા ભાઈઓની માફક હું એમને ભૂલી શકતો નથી." એમ કહીને તે પાછો રડવા લાગ્યો.

પેલા ફકીરે પૂછ્યું: "ત્યારે તારા બીજા ભાઈઓ શું કરે છે?"

જુવાન બોલ્યો: "મારાથી નાનો ભાઈ તો અબ્બાજાન ગયા પછી એશઆરામમાં પડી ગયો છે. બાબાએ એકઠી કરેલી મિલકતને તે વેડફી નાખે છે અને મન ફાવે તેમ વર્તે છે."

ફકીરે પૂછ્યું: "તો પછી રાજ્યનો બંદોબસ્ત કોના હાથમાં છે?"

તેણે જવાબ આપ્યો: "મારો સૌથી નાનો ભાઈ એ બધું સંભાળે છે. અમારા અબ્બાજાનના મરણ પછી રાજ્યની બધી જવાબદારી તેને માથે આવી પડી છે. તે ખૂબ કાળજીથી બધું કામ કરે છે. અબ્બાજાનની આબરૂને ધોકો ન પહોંચે એ રીતે તે કારભાર ચલાવે છે. તેના કારભારથી અમારા અબ્બાજાનની કીર્તિમાં વધારો થયો છે અને પ્રજા અમારા

અબ્બાજાનને ખૂબ જ યાદ કરે છે. તેમની ખોટ મારા ભાઈને લીધે કોઈને લાગતી નથી: સૌને એમ જ લાગે છે કે, અમારા અબ્બાજાન જ રાજકારભાર ચલાવે છે."

ફકીર પછી તરત જ સીધો રાજદરબારમાં ગયો. નવા રાજાએ ફકીરને માનથી આવકાર આપ્યો. પરંતુ ફકીર તો તેની પાસે જઈને એકદમ ભેટી પડ્યો અને બોલ્યો: "બેટા, તેં મારી મુરાદ પૂરી કરી! હું તારો અબ્બાજાન છું. તમારી કસોટી કરવા મેં ખોટા સમાચાર મોકલ્યા હતા. તું જ મારો સાચો પુત્ર છે અને તું જ મને સાચી રીતે ચાહે છે. જે પિતાનું અધૂરું રહેલું કામ ચાલુ રાખે છે અને એની આબરૂમાં વધારો કરે છે તે જ સાચો પુત્ર કહેવાને લાયક છે. આજથી તને બધો કારભાર સોંપું છું અને હવે હું શાંતિથી ખુદાની બંદગી કરી બાકીનું જીવન પૂરું કરીશ."

મુકુલભાઈ

મીઠું – ખોરાક અને ખેતીમાં

મીઠાના ઉપયોગના ત્રણ પ્રકાર ગણાવી શકાય: ૧. ખોરાક, ૨. ખેતી, અને ૩. ઉદ્યોગોમાં થતો વપરાશ.

જીવતા પ્રાણી માત્રના ખોરાકમાં મીઠું જરૂરી છે. માંસાહારી જીવો બીજાં પ્રાણી મારી ખાય છે અને તેમના શરીરમાંથી મીઠું મેળવી લે છે. વનસ્પતિ આહારી પ્રાણીઓ વનસ્પતિમાંથી મીઠું મેળવી લે છે. કેટલીક વનસ્પતિઓ ઠીક ઠીક ખારવાળી હોય છે. લૂણીની ભાજી, ઢોરના ખોરાકમાં વપરાતો લાણો તેમ જ બીજી અનેક વનસ્પતિમાં ઠીક ઠીક ખાર હોય છે. ચણાના છોડમાં પણ ખારનું પ્રમાણ મોટું હોય છે. વનસ્પતિ જમીનમાંથી ખાર ચૂસે છે અને તે મારફત વનસ્પતિ-આહારી પ્રાણીઓ મીઠું મેળવી લે છે. જે પ્રાણીઓને વનસ્પતિમાંથી મીઠું

મળતું નથી તે નબળાં રહે છે. મીઠાની ભૂખ સંતોષવા તે ખારવાળી ભીંજોને ચાટે છે.

આપણા શરીરને પણ મીઠાની જરૂર પડે છે. આપણા શરીરનું લોહી હંમેશાં ખારવાળું જ રહે છે. તેમાંથી ખારનું પ્રમાણ ઘટે તો હાથપગના સ્નાયુઓમાં કળતર થવા માંડે છે. ઉનાળાના સખત તાપમાં મુસાફરી કરનાર માણસને ઘણી વાર પાર વગરનો થાક લાગે છે. તેના શરીરમાંથી પરસેવા મારફત ખૂબ ખાર નીકળી જાય છે. આવો માણસ ચપટી મીઠું ફાકી ઉપર પાણી પીએ તો તેનો થાક ઓછો થાય અને તાજગી અનુભવે. જમીનના પેટાળમાં ઊંડી ખીણોમાં કામ કરનાર મજૂરોને ગરમીને કારણે ખૂબ પરસેવો થાય છે. ભઠ્ઠી ઉપર કામ કરનાર લોઢું કે બીજી ધાતુઓ ગાળનારાની પણ એવી જ સ્થિતિ હોય છે. આવા માણસોને ખૂબ પરસેવો વળતો હોવાથી તેમના શરીરમાંથી ખાર નીકળી જાય છે. ખૂબ પરસેવો ઉતારી કામ કરવાનું હોય ત્યાં કામ કરનારા માણસોને ખોરાકમાં વધારે મીઠું લેવાની જરૂર પડે છે.

આપણા આંતરડામાં ખોરાક શોષાય છે. આંતરડાની દીવાલની એક બાજુએ લોહીની અનેક કેશવાહિની અને બીજી બાજુએ પચીને દૂધ જેવો બનેલો ખોરાકનો રસ હોય છે. કેશવાહિનીનું લોહી આંતરડાની દીવાલની બીજી બાજુએથી પોષણ ખેંચી શકે તે માટે આંતરડાની બંને બાજુએ દબાણ-ફેરની જરૂર પડે છે. આવું દબાણફેર લોહીમાંનો ખાર સાચવી શકે છે. જો લોહીમાં મીઠું ન હોય તો પાચનક્રિયા નબળી પડે.

કૉલેરા જેવા દરદમાં ઝાડાઊલટી મારફત શરીરમાંથી ખૂબ જ પાણી અને ખાર જતા રહે છે. તેથી હાથપગના સ્નાયુમાં ખૂબ કળતર ઊપડે છે. દરદી વારંવાર તરસાની ફરિયાદ કરે છે. શરીરને ઘટતું પાણી અને ખાર પહોંચાડવા ડાક્ટર તેના શરીરમાં પિચકારી મારફત મીઠાનું પાણી પહોંચાડે છે.

આપણી હોજરીમાંથી છૂટતો પાચક રસ એ મીઠાનો તેજાબ છે. તે પૂરતા પ્રમાણમાં ઉત્પન્ન થઈ શકે તેટલા પૂરતી શરીરને મીઠાની ગરજ રહે છે. માંસાહારીને પ્રાણીના માંસમાંથી

ખાર મળી રહે છે. વનસ્પતિ આહારી પણ જો ખારવાળા પદાર્થો પસંદ કરે તો તેને જુદું મીઠું ખાવું પડે નહિ. પરંતુ ખોરાકની એવી પસંદગી કરવી મુશ્કેલ પડે છે. તેથી ખોરાકમાં મીઠું લેવું જોઈએ.

આપણા શરીરને આયોડિનના ક્ષારની જરૂર પડે છે. આ ક્ષાર બહુ થોડા ખોરાકના પદાર્થોમાં હોય છે. આયોડિનનો ક્ષાર મોટા ભાગે દરિયામાં થતા હોઈ તે મીઠા મારફતે આપણને મળે છે. કેટલાક દેશોમાં મીઠું આયોડિન વગરનું પાકે છે. ત્યાં સરકાર મીઠામાં આયોડિનના ક્ષાર ભેળવવાની ફરજ પાડે છે. આયોડિન મેળવેલું મીઠું જ વેચી શકાય એવી વ્યવસ્થા કરવી પડે છે.

આમ આપણા ખોરાકમાં મીઠાની અગત્ય ઘણી મોટી છે. આપણો દેશ ખેતીપ્રધાન છે. આપણે આપણી ચિંતા તો કરીએ જ પણ સાથે સાથે ખેતીના કામમાં ઉપયોગી ઢોરઢાંખરની ચિંતા પણ કરવાની રહે છે. તેમને પણ આપણા જેટલી જ મીઠાની જરૂર છે. આ હકીકત પરત્વે દુર્લક્ષ થતું હોવાથી આપણી ઢોરસંપત્તિ નબળી રહે છે. જરૂરી મીઠું મળતું નહીં હોવાથી આપણાં ઢોરની દૂધ આપવાની શક્તિ ઉત્તરોત્તર ઘટતી જતી આવી છે. ખારવાળી જમીનને ઢોર ચાટે છે. ખારવાળી ભાજી કે ઘાસ ઢોર ખાય છે. પરંતુ બધાં જ ઢોરને તેનો લાભ મળી શકે નહીં. તેથી ઢોરના ખોરાકમાં પણ પૂરતું મીઠું ઉમેરવું જોઈએ.

ખોરાકને લાંબા ગાળા સુધી સાચવી રાખવામાં પણ આપણે મીઠાનો ઉપયોગ કરીએ છીએ. અથાણામાત્રમાં મીઠાની જરૂર પડે છે. માંસાહારી લોકો પણ માછલીને મીઠું ચડાવી સાચવી રાખે છે. માંસને પૅક કરવામાં કે માખણને બગડી જતું અટકાવવા તેમાં મીઠું ઉમેરવામાં આવે છે.

કેટલાક પાકને મીઠાના ખાતરની જરૂર પડે છે. બટાકા, બટાણા, ટર્નીપ, બીટ વગેરેનો પાક ખારવાળા ખાતરથી વધારે ઊતરે છે. વળી વધારામાં આવો પાક કસદાર હોય છે. નાળિયેરી દરિયાના કિનારે જ ફૂલેફાલે છે તે આપણે જાણીએ છીએ. જો તેને કિનારાથી દૂરના પ્રદેશમાં રોપવામાં આવે તો તેને મીઠાનું ખાતર જોઈએ. ફળવૃક્ષ માત્રને

પોટાશિયમની જરૂર પડે છે. જમીનમાં રહેલું પોટાશિયમ મીઠાની હાજરીમાં છૂટું પડી ફળઝાડને પોષણ આપે છે. તેથી તેના વૃક્ષને પોટાશિયમ માટે પણ મીઠાની જરૂર રહે છે.

જસીલાલ ગાંધી

પૂરું થયું પખવાડિયું

મદ્રાસ સરકારના આરોગ્ય ખાતાના પ્રધાન ડૉ. રાજને વૃદ્ધાવસ્થાને કારણે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે. હવે તેઓ રાજકારણમાંથી છૂટા થઈને નિવૃત્તિમય જીવન ગાળવા ઇચ્છે છે.

કિસાન મજૂર પ્રજાપક્ષે કૉંગ્રેસમાં ફરીથી ન જોડાવાનો નિર્ણય કર્યો છે.

કૉંગ્રેસ પ્રમુખ શ્રી જવાહરલાલ નેહરુએ તેમના કારોબારી સમિતિના પંદર સભ્યોનાં નામ જાહેર કર્યાં છે: (૧) મૌલાના આઝાદ (૨) શ્રી ટંડન (૩) શ્રી ગોવિંદવલ્લભ પંત (૪) શ્રી મોરારજી દેસાઈ (૫) શ્રી કામરાજ નાદર (૬) શ્રી શંકરરાવ દેવ (૭) શ્રી જગજીવન રામ (૮) શ્રી નવકૃષ્ણ ચૌધરી (૯) સરદાર પ્રતાપસિંહ (કૈરૉ) (૧૦) શ્રી હીરે (૧૧) શ્રી ગુલઝારીલાલ નંદા (૧૨) શ્રી માણેકલાલ વર્મા (૧૩) શ્રી મુની સ્વામી પીલાઈ (૧૪) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (૧૫) શ્રી શ્રીનિવાસ મલ્લીઆહ.

બાકીનાં પાંચ નામો પાછળથી જાહેર કરવામાં આવશે.

રાષ્ટ્રનિયોજન સમિતિના ઉપપ્રમુખ શ્રી ગુલઝારીલાલ નંદાની નિયોજન પ્રધાન તરીકે પ્રધાનમંડળમાં નિમણૂક કરવામાં આવી છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

રજિ૰ નં. બી ૫૩૯૯

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪ — અંક ૫

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક ,, ,, રૂ. ૨

અમદાવાદ, ૧૫મી ઑક્ટોબર, ૧૯૫૧

વાર્ષિક લવાજમ પરદેશમાં
શ. ૫ શિ. ૮

લોકસેવા

[સરદારશ્રીના એક પત્રમાંથી]

. . . વળી લોકસેવા કરવી હોય તો અનેક પ્રકારના સ્વભાવવાળા માણસો સાથે કામ લેવાનું રહેશે. તેમાં મોટું પેટ રાખી માન અપમાન સહન કરતાં શીખવું જોઈએ. અને આ પાઠ પ્રથમ તો ઘરમાંથી જ શીખવો જોઈએ. ઘરનાં માણસો સાથે સ્નેહથી ન રહી શકીએ તો જાહેરકામ કરવું મુશ્કેલ થઈ પડે. વળી જે ઘરમાં ક્લેશ હોય ત્યાં સુખ ન હોઈ શકે; તેથી હળીમળીને રહેતાં શીખવું જોઈએ. બધાના સ્વભાવ સરખા નથી હોતા.

૨૫–૧૦–'૨૫

દરેક વસ્તુની ઊજળી બાજુ તપાસો.

સાચો પશ્ચાત્તાપ

[સરદારશ્રીના એક પત્રમાંથી]

. . . તમારા દિલમાં ખરેખર પસ્તાવો થયો હોય તો ગઈ-ગુજરી વીસારી જઈ નવેસરથી તમારું જીવન શરૂ કરી શકો છો. માણસ ભૂલને પાત્ર છે. પણ જેને ભૂલનું ભાન થાય છે અને ભૂલ સુધારવાનો નિશ્ચય કરે છે તેને ઈશ્વર સાથ આપે છે. તમારા ઉપર જે વીતી છે તેમાં તો તમારા પ્રત્યે દયાભાવ સિવાય શું હોઈ શકે? પશ્ચાત્તાપ એ જ માણસને સત્યમાર્ગે દોરી શકે છે. . . .

૨૮–૧૧–'૪૮

મોટા માણસોનાં મન

(૧૦)

પૂજ્ય કસ્તૂરબા તા. ૨૨મી ફેબ્રુઆરી ૧૯૪૪ને દિવસે સાંજે ૭–૩૫ વાગ્યે અવસાન પામ્યાં. આખી રાત રામધૂન ચાલી. બાપુજી શાંત ચિત્તે કસ્તૂરબાના દેહ આગળ બેસી રહ્યા. બીજે દિવસે સાડાદસ વાગ્યે દેવદાસ-ભાઈએ બાનો અગ્નિસંસ્કાર કર્યો. બાપુજી લાકડીને ટેકો દઈ ચિતા આગળ જ ઊભા હતા. પછી બે કલાક સુધી ત્યાં બેસી રહ્યા. બધાંએ બાપુજીને કહ્યું કે, બાપુ, આપ જાઓ. બાકીની ક્રિયા પૂરી કરીને બીજા લોકો આવશે. પણ બાપુજી તો ઊઠ્યા જ નહીં. બાપુ બોલ્યા:

"બાસઠ વર્ષ સાથે રહીને હવે છેલ્લે દિવસે મને ઉતાવળેય શી છે? બા પણ શું કહેશે?"

મુકુલભાઈ

ભૂદાન યજ્ઞ

[શ્રી વિનોબાના એક વ્યાખ્યાનમાંથી]

મારી વિનંતી છે કે હવે આપવાનો જમાનો આવ્યો છે. તમે સૌ લોકો દિલ ખોલીને આપજો. આપવાથી એક દૈવી સંપદ્ નિર્માણ થાય છે, તેની સામે આસુરી સંપદ્ ટકી શકતી નથી. આસુરી સંપદ્ લૂંટાઈ જવા ઇચ્છે છે. તે મમત્વ-ભાવ પર આધાર રાખે છે, સમત્વ જાણતી નથી. દૈવી તો સમત્વ પર આધાર રાખે છે. દૈવી અને આસુરી સંપદ્‌ની આ ઓળખ છે.

જ્યાં હું દાન લઉં છું, ત્યાં હૃદયમંથનની, હૃદયપરિવર્તનની, ચિત્તશુદ્ધિની, માતૃવાત્સલ્યની, ભ્રાતૃભાવનાની, મૈત્રીની અને ગરીબોને માટે પ્રેમની આશા કરું છું. જ્યાં બીજાઓની ફિકરની ભાવના જાગે છે, ત્યાં સમત્વ બુદ્ધિ પ્રગટ થાય છે, ત્યાં વેરભાવ ટકી શકતો નથી. વેરભાવનું સ્વતંત્ર અસ્તિત્વ જ હોતું નથી. પુણ્યમાં તાકાત હોય છે, પાપમાં કોઈ તાકાત હોતી નથી. પ્રકાશમાં શક્તિ હોય છે, અંધકારમાં કોઈ શક્તિ નથી. પ્રકાશને અંધકારનો અભાવ કહી શકીએ નહીં. પ્રકાશ વસ્તુ છે, અંધકાર અવસ્તુ છે. લાખો વરસોના અંધકારમાં પ્રકાશ લઈ જાઓ, એક ક્ષણમાં અંધકારનું નિવારણ થઈ જશે. એ પ્રમાણે આજે પુણ્યોદય થયો છે. તેની સામે વેરભાવ ટકી શકશે નહીં. આ ભૂદાન યજ્ઞ એક અહિંસાનો પ્રયોગ છે, જીવન-પરિવર્તનનો પ્રયોગ છે. હું તો નિમિત્તમાત્ર છું. તમે પણ નિમિત્તમાત્ર છો. પરમેશ્વર તમારી પાસેથી અને મારી પાસેથી કામ કરાવવા ઇચ્છે છે. આ કાલ-

પુરુષની, પરમેશ્વરની પ્રેરણા છે, તેથી હું માગું છું ત્યારે તમે લોકો આપજો અને દિલ ખોલીને આપજો. જ્યાં લોકો એક ફૂટ જમીનને માટે ઝઘડે છે, ત્યાં મારા કહેવાથી લોકો સેંકડો હજારો એકર જમીન દેવાને માટે તૈયાર થઈ જાય છે, તો તમે સમજો કે આ પરમેશ્વરની પ્રેરણા છે, તેની સાથે થઈ જાઓ. તેના વિરોધમાં ન ઊભા રહો. આમાંથી ભલું જ ભલું થશે.

જીવન માટે જરૂરી

હવા બધે ફેલાયેલી છે. કેટલીક વખત તે જોરથી ધસી આવે છે તેને પરિણામે ઘરોનાં છાપરાં ઊડી જાય છે. મોટાં મોટાં ઝાડો ઊખડી પડે છે. કોઈ વાર તો આવાં ઝાડ રેલવેના પાટા ઉપર પડી રેલવેવહેવાર પણ થંભાવી દે છે. કેટલીક વખત હવા એવી સ્થિર થઈ જાય છે કે ઝાડનું પાન સરખું હલતું નથી અને જીવો પણ મૂંઝાવા લાગે છે. ક્યારેક ઉનાળામાં હવા ખૂબ ગરમ થઈ જાય છે તેની ગરમીથી હવામાં ઊડતાં પક્ષીઓ નીચે પડી મરી જાય છે. પશુઓ લબલબાટ કરવા માંડે છે અને આપણે પણ આકુળ-વ્યાકુળ થઈ જઈએ છીએ. વળી ક્યારેક તે એવી ઠંડી થઈ જાય છે કે હિમ પડે છે. પાણી ઠરી બરફ બની જાય છે. વનસ્પતિ બળી ખાખ થઈ જાય છે. મહામહેનતે તૈયાર થવા આવેલો પાક એક જ રાતમાં રાખ થઈ જાય છે.

આપણે હવાને જોઈ શકતા નથી. પરંતુ જ્યારે તે ઝડપથી જતી હોય કે આવતી હોય ત્યારે આપણને તેની હસ્તી માલૂમ પડે છે. ઝાડનાં હાલતાં પાન, ચીમનીમાંથી નીકળતો ધુમાડો કે ફરકતી ધજા ઉપરથી તેનો ખ્યાલ

આવી શકે છે. માછલાં તથા બીજાં જળચર પ્રાણીઓ પાણીના મહાસાગરમાં રહે છે તેવી જ રીતે પશુ, પંખી અને મનુષ્યો હવાના મહાસાગરમાં રહે છે. માછલાં પાણીમાં ઉપરનીચે બધે ફરે છે. તેમની માફક પંખીઓ પણ હવામાં ઊંચેનીચે, આમતેમ બધે ઊડી શકે છે. પરંતુ પશુઓ કે મનુષ્યો હવામાં ઊંચે પોતાની જાતે ઊડી શકતાં નથી. મહાસાગરના તળિયે રહેવા નિર્માણ થયેલાં જળચર પ્રાણીઓ માફક પશુઓ અને મનુષ્યો પૃથ્વીના તળ ઉપર જ હરીફરી શકે છે. જોકે આજકાલ બલુન અને એરોપ્લેનની મદદથી હવામાં પંદરેક માઈલ સુધી ઊંચે ઊડી શકાય છે પરંતુ હવાની કુલ ઊંચાઈનો વિચાર કરતાં તેના નહીં જેવા ભાગ સુધી ઊંચે જઈ શકાયું છે કારણ હવાનો મહાસાગર ૨૦૦ માઈલ સુધી ઊંચે આકાશમાં આવેલો છે તેમ પહેલાં મનાતું, પરંતુ આજકાલ રેડિયો વેવ્ઝની મદદથી તે ૬૨૫ માઈલ કરતાં પણ વધારે ઊંચાઈ સુધી હોવો જોઈએ એમ સાબિત કરવામાં આવેલું છે.

પૃથ્વીના બીજા ભાગો જેવા કે પહાડો, જમીન, વૃક્ષો, સરોવર, નદીઓ કે દરિયા જેટલા આપણને બલકે બધા જીવોને જરૂરી છે તેટલી જ અથવા તેનાથી પણ વધારે જરૂરી હવા છે. કારણ તેના સિવાય આપણું બલકે બધા જ જીવોનું તથા વનસ્પતિનું જીવન ટકી શકે નહીં, અગ્નિ સળગી શકે નહીં, પંખીઓ ઊડી શકે નહીં, માણસો હવાઈ જહાજ કે એરોપ્લેન મારફત પણ હવામાં ઊડી શકે નહીં. કદાચ બધાને સહેલાઈથી મળી શકે તેટલા માટે જ, તે બધે ફેલાયેલી રહી શકે તેવા ગુણો તેનામાં હોવા જોઈએ.

શંકરભાઈ કાળીદાસ પટેલ

પુરુષની, પરમેશ્વરની પ્રેરણા છે, તેથી હું માગું છું ત્યારે તમે લોકો આપજો અને દિલ ખોલીને આપજો. જ્યાં લોકો એક ફૂટ જમીનને માટે ઝઘડે છે, ત્યાં મારા કહેવાથી લોકો સેંકડો હજારો એકર જમીન દેવાને માટે તૈયાર થઈ જાય છે, તો તમે સમજો કે આ પરમેશ્વરની પ્રેરણા છે, તેની સાથે થઈ જાઓ. તેના વિરોધમાં ન ઊભા રહો. આમાંથી ભલું જ ભલું થશે.

જીવન માટે જરૂરી

હવા બધે ફેલાયેલી છે. કેટલીક વખત તે જોરથી ધસી આવે છે તેને પરિણામે ઘરોનાં છાપરાં ઊડી જાય છે. મોટાં મોટાં ઝાડો ઊખડી પડે છે. કોઈ વાર તો આવાં ઝાડ રેલવેના પાટા ઉપર પડી રેલવેવહેવાર પણ થંભાવી દે છે. કેટલીક વખત હવા એવી સ્થિર થઈ જાય છે કે ઝાડનું પાન સરખું હલતું નથી અને જીવો પણ મૂંઝાવા લાગે છે. ક્યારેક ઉનાળામાં હવા ખૂબ ગરમ થઈ જાય છે તેની ગરમીથી હવામાં ઊડતાં પક્ષીઓ નીચે પડી મરી જાય છે. પશુઓ લખલખાટ કરવા માંડે છે અને આપણે પણ આકુળ-વ્યાકુળ થઈ જઈએ છીએ. વળી ક્યારેક તે એવી ઠંડી થઈ જાય છે કે હિમ પડે છે. પાણી ઠરી બરફ બની જાય છે. વનસ્પતિ બળી ખાખ થઈ જાય છે. મહામહેનતે તૈયાર થવા આવેલો પાક એક જ રાતમાં રાખ થઈ જાય છે.

આપણે હવાને જોઈ શકતા નથી. પરંતુ જ્યારે તે ઝડપથી જતી હોય કે આવતી હોય ત્યારે આપણને તેની હસ્તી માલૂમ પડે છે. ઝાડનાં હાલતાં પાન, ચીમનીમાંથી નીકળતો ધુમાડો કે ફરકતી ધજા ઉપરથી તેનો ખ્યાલ

આવી શકે છે. માછલાં તથા બીજાં જળચર પ્રાણીઓ પાણીના મહાસાગરમાં રહે છે તેવી જ રીતે પશુ, પંખી અને મનુષ્યો હવાના મહાસાગરમાં રહે છે. માછલાં પાણીમાં ઉપરનીચે બધે ફરે છે. તેમની માફક પંખીઓ પણ હવામાં ઊંચેનીચે, આમતેમ બધે ઊડી શકે છે. પરંતુ પશુઓ કે મનુષ્યો હવામાં ઊંચે પોતાની જાતે ઊડી શકતાં નથી. મહાસાગરના તળિયે રહેવા નિર્માણ થયેલાં જળચર પ્રાણીઓ માફક પશુઓ અને મનુષ્યો પૃથ્વીના તળ ઉપર જ હરીફરી શકે છે. જોકે આજકાલ બલૂન અને ઍરોપ્લેનની મદદથી હવામાં પંદરેક માઇલ સુધી ઊંચે ઊડી શકાય છે પરંતુ હવાની કુલ ઊંચાઈનો વિચાર કરતાં તેના નહીં જેવા ભાગ સુધી ઊંચે જઈ શકાયું છે કારણ હવાનો મહાસાગર ૨૦૦ માઇલ સુધી ઊંચે આકાશમાં આવેલો છે તેમ પહેલાં મનાતું, પરંતુ આજકાલ રેડિયો વેવ્ઝની મદદથી તે ૬૨૫ માઇલ કરતાં પણ વધારે ઊંચાઈ સુધી હોવો જોઈએ એમ સાબિત કરવામાં આવેલું છે.

પૃથ્વીના બીજા ભાગો જેવા કે પહાડો, જમીન, વૃક્ષો, સરોવર, નદીઓ કે દરિયા જેટલા આપણને બલકે બધા જીવોને જરૂરી છે તેટલી જ અથવા તેનાથી પણ વધારે જરૂરી હવા છે. કારણ તેના સિવાય આપણું બલકે બધા જ જીવોનું તથા વનસ્પતિનું જીવન ટકી શકે નહીં, અગ્નિ સળગી શકે નહીં, પંખીઓ ઊડી શકે નહીં, માણસો હવાઈ જહાજ કે ઍરોપ્લેન મારફત પણ હવામાં ઊડી શકે નહીં. કદાચ બધાને સહેલાઈથી મળી શકે તેટલા માટે જ, તે બધે ફેલાયેલી રહી શકે તેવા ગુણો તેનામાં હોવા જોઈએ.

શંકરભાઈ કાળીદાસ પરીખ

ડેમોક્લિસની તલવાર

અસલના વખતમાં ઇટાલી દેશ નજીક આવેલા સિસીલી નામના ટાપુ ઉપર ડાયોનિશિયસ નામે રાજા રાજ્ય કરતો હતો. તે સારો અને ભલો રાજા હતો, પણ નિયમપાલનમાં ખૂબ જ કડક હતો. જરા પણ કચાશ એ ચલાવી લેતો નહીં. તેથી પ્રજાને તે ગમતો ન હતો. ઘણા લોકો મનમાં તેને ધિક્કારતા હતા. એ કારણે તેની જિંદગી હંમેશાં જોખમમાં મુકાવાનો તેને ભય રહેતો.

પરંતુ કેટલાક ઉમરાવો તેની સામે તેનાં ખૂબ વખાણ કરતા. રાજા જે કંઈ કરે તેની તેઓ વાહવાહ કરતા અને એ રીતે રાજાની મહેરબાની મેળવવા મથતા. એ ઉમરાવોમાં ડેમોક્લિસ નામે એક ઉમરાવ હંમેશાં રાજાનાં ખોટાં વખાણ કર્યા કરતો.

તે વારે વારે કહેતો: "રાજા થવું એ કેટલી મોટી વસ્તુ છે! પણ નામવર, આપના જેવા રાજા થવું એ એથીયે મોટી વસ્તુ છે. આપ ખરેખર ઘણા વિદ્વાન છો, ન્યાયી છો, મહાન છો અને સુખી પણ છો. તમને ન મળે કોઈનો ભય, કે ન મળે કોઈ જાતની ચિંતા. આપના જેવો સુખી અને ભાગ્યશાળી માણસ બીજો કોઈ નથી."

રાજા તેનો આ લવારો વારંવાર સાંભળીને કંટાળી ગયો. રાજાએ મનમાં વિચાર્યું: "આ માણસની મૂર્ખાઈભરી નકામી વાતો સાંભળીને હવે હું કંટાળી ગયો! તેને એક પાઠ શીખવવો જોઈએ."

તેથી એક દિવસે જ્યારે ડેમોક્લિસ રાજાનાં બણગાં ફૂંકતો

હતો, ત્યારે રાજાએ તેને કહ્યું : "તું હંમેશાં કહે છે કે, રાજા થવું એ બહુ આનંદની વાત છે. તો પછી તારે રાજા બનીને એનો અનુભવ લેવો જોઈએ. આવતી કાલે હું મારા બધા ઉમરાવોને મિજબાની આપવાનો છું, તે વખતે તું મારી જગ્યાએ બેસજે, મારો તાજ પહેરજે અને મારે બદલે થોડા કલાક માટે તું રાજા થજે."

ડેમોક્લિસ આ સાંભળીને રાજી રાજી થઈ ગયો. તે બોલ્યો: "મહારાજ, આપ કેટલા બધા ઉદાર છો! મારા પર આપે ખૂબ જ મહેરબાની કરી છે."

બીજે દિવસે ડેમોક્લિસે રાજાનો પોશાક પહેર્યો અને મિજબાનીમાં રાજાને સ્થાને પોતે જઈને બેઠો. બધા ઉમરાવો આવી આવીને તેને સલામ કરવા લાગ્યા. એ જોઈને ડેમોક્લિસ ખૂબ ફુલાઈ ગયો. પોતે ખરેખર રાજા જ છે એવો તેને અનુભવ થયો.

ડેમોક્લિસ વિચારવા લાગ્યો: "ખરેખર, આવા ઊંચા સ્થાને બેસવું એ બહુ મોટી આનંદની વાત છે. બધા લોકો માન આપે, ગાડીઘોડે ફરવા મળે, અને સૌ કરતાં ઊંચે સ્થાને આપણી ગણના થાય—એ કેટલું આનંદદાયક અને સુખમય છે!"

એવામાં તેની નજર તેના માથા ઉપરની છત તરફ પડી. અને તેણે એવું કંઈક જોયું કે, તેનું હૃદય ભયથી ધ્રૂજી ઊઠ્યું. તેના માથાની બરોબર ઉપર એક તલવાર લટકતી હતી! એનો અણિયાળો છેડો નીચે હતો અને એને ઉપરથી એક જ વાળને આધારે લટકાવવામાં આવી હતી! ડેમોક્લિસ એને

તાકીને જોતો બેસી રહ્યો. કારણ કે તેને બીક લાગતી હતી કે, રખેને વાળ તૂટી જાય અને તલવાર તેના માથામાં ભોંકાઈ જાય! તેને પોતાની જિંદગી ભયમાં આવી પડેલી લાગી.

તેનો બધો આનંદ જતો રહ્યો. તેને તો પેલી તલવારનો જ વિચાર અકળાવી રહ્યો હતો. પછી તેને ખાવાનું કે પીવાનું ક્યાંથી ગમે? તેના મહેમાનો સાથે પણ તેને વાતો કરવાનું મન ન થાય. તે પોતાની જગ્યાએથી ખસી શકે એમ પણ ન હતું. તે તો ક્યારે મિજબાની જલદી પૂરી થાય એની જ રાહ જોતો બેઠો!

મિજબાની પૂરી થઈ અને છુટકારો અનુભવતો હોય એમ ડેમોક્લિસ ઊંડા નિસાસો નાખીને ઊઠયો. તે ખૂબ ગમગીન બની ગયો હતો.

રાજાએ હસતાં હસતાં તેને પૂછ્યું: "કેમ, મિજબાનીમાં ખૂબ મજા પડીને?"

ડેમોક્લિસ બોલ્યો: "જો આવી રીતે જ રાજા બનીને બેસવાનું હોય તો ક્યાંથી મજા પડે?"

રાજાએ કહ્યું: "હવે પછી તું મૂર્ખાઈભરી રીતે મારાં ખોટાં વખાણ કરતો અટકશે. હવે તને સમજાયું હશે કે, ઊંચે સ્થાને બેસવું એ કંઈ સુખની વાત નથી. તેની જિંદગી હંમેશાં ભયમાં જ રહે છે. તેને માથે મોતની તલવાર હંમેશાં લટકતી હોય છે. મારી પણ એવી જ દશા છે."

ડેમોક્લિસ તો આ સાંભળીને અવાક જ બની ગયો. તેને પોતાની ભૂલ સમજાઈ.

સુકુલભાઈ

શ્રી રામકૃષ્ણ ઉપનિષદ

૨

વિવિધ ધર્મો

'ઈશ્વરની ઉપાસનાના અનેક માર્ગો છે. નદીમાં ઊતરવા માટે જેમ અનેક ઓવારા હોય છે તે જ રીતે આનંદના સાગર સમાન પરમાત્માની પાસે પહોંચવા માટે પણ અનેક ઓવારા છે. એમાંના કોઈ પણ એક ઓવારાથી ઊતરીને આપણે આરામથી એ સાગરમાં નાહી શકીએ છીએ. શુદ્ધ અંતઃકરણથી અને શ્રદ્ધા-ભક્તિથી પાળેલો કોઈ પણ ધર્મ આપણને પરમાત્મા પાસે પહોંચાડી શકે છે. દાદરથી, અથવા વાંસની નિસરણીથી કે દોરડાંની મદદથી પણ માળ પર ચડી શકાય છે. માર્ગો ભિન્ન ભિન્ન પ્રકારના હોવા છતાંયે આપણે ધારેલે મુકામે પહોંચીએ જ છીએ. અલગ અલગ જેટલા ધર્મો છે તે બધા પરમાત્મા પાસે પહોંચવાના માર્ગો જ છે. એથી સૌ પોતપોતાના ધર્મ પ્રમાણે ઈશ્વરની ઉપાસના કરે. ખ્રિસ્તીઓ ખ્રિસ્તી ધર્મની રીતે, મુસલમાનો ઇસ્લામની રીતે અને હિંદુઓ હિંદુ ધર્મશાસ્ત્રો અનુસાર ઈશ્વરની ઉપાસના કરે એમાં જ સૌનું ભલું છે. સાચા ભક્તો બીજા ધર્મવાળાઓનો કદી પણ અનાદર કરતા નથી.'

શ્રી રામકૃષ્ણ પરમહંસે એ ઉપદેશ આજથી સો વરસ પહેલાં આપ્યો હતો. બે હજાર વરસ પહેલાં સમ્રાટ અશોકે પણ શિલાઓ પર એ જ મતલબનું લખાવ્યું હતું: 'દેવોનો પ્રિય પ્રિયદર્શી સમ્રાટ બધા ભિક્ષુઓ તથા બધા ગૃહસ્થોનું સન્માન કરે છે; બધા ધર્મવાળાઓને એક સરખી રીતે દાન વગેરે આપીને સંતુષ્ટ કરે છે.

મહારાજ ઇચ્છે છે કે, સૌ પોતપોતાની રીતે જ આત્મજ્ઞાન વધારે, પોતાના ધર્મનું મહત્વ બતાવવા માટે બીજા ધર્મોનું કદી અપમાન ન કરતાં તેમના પ્રત્યે આદરભાવ રાખે. એથી બીજાઓને ફાયદો થાય છે અને એમાં જ પોતાનું પણ ગૌરવ છે. બીજા ધર્મોની નિંદા કરવાથી પોતાના ધર્મની જ હાનિ થાય છે. બીજાઓની નિંદા કરવા થકી કોઈ પોતાનું માન વધારી શકતું નથી. એથી સૌ કોઈ પોતપોતાના ધર્મનું સારી રીતે અધ્યયન કરે અને ભક્તિભાવ વધારે. સમ્રાટ પ્રિયદર્શી અશોકની સૌના પ્રત્યે એ જ પ્રાર્થના છે. સૌ આ વિચારોનો પ્રચાર કરે'

હજારો વરસ પહેલાં ભગવાન કૃષ્ણે પણ ગીતા દ્વારા લોકોને આવો જ ઉપદેશ આપ્યો હતો.

સમ્રાટ અશોક પછી શ્રી રામકૃષ્ણે અને તેમના પછી આપણા જ જીવનકાળમાં આપણા માર્ગદર્શક મહાત્મા ગાંધીએ પણ આપણને વારંવાર એ જ શીખવ્યું. એ મહાત્માઓની આજ્ઞાની વિરુદ્ધ આપણે શાને ચાલીએ?

બે છોકરાઓ કાચંડાના રંગની બાબતમાં ચર્ચા કરવા લાગ્યા. એકે કહ્યું: "બરાબર જો તો ખરો, એ તો લાલ કાચંડો છે, તું આંધળાની જેમ બકે છે. એ પીળો ક્યાં છે?'

બીજા છોકરાએ જવાબ આપ્યો: 'જા જા, પાગલ! આંધળો તો તું છે. સાફ સાફ દેખાય છે કે એ એકદમ પીળો છે.'

ચર્ચા લડાઈનું રૂપ ધારણ કરવા લાગી. એટલામાં એક ડોશી આવી તેણે ઝઘડાનું કારણ પુછ્યું અને એ તેને કહેવામાં આવ્યું ત્યારે તે ખૂબ હસી. ડોસીએ બંને છોકરાઓને સમજાવ્યું કે એક જ

કાચંડો અનેક રંગોવાળો દેખાય છે — કોઈ વાર લાલ, કોઈ વાર પીળો અને કોઈ વાર બીજા કોઈ રંગનો. એના રંગનો નિર્ણય કરવા માટે લડવું એ ગાંડપણ છે.

એ જ રીતે ભક્તજનો પરમાત્માને જુદે જુદે રૂપે જુએ છે. ભગવાનનું સાચું સ્વરૂપ વિતંડાવાદીઓને કદી દેખાઈ શકતું નથી. અહંકાર અને દંભને વશ થઈને તેઓ વ્યર્થ ચર્ચાઓમાં વખત વિતાવે છે.

ચાર આંધળા ભિખારીઓ ભીખ માગવાને ગયા. રસ્તામાં એક હાથી ઊભો હતો. બધા આંધળાઓએ તેના પર હાથ ફેરવ્યો. મહાવત મશ્કરો હતો. તેણે આંધળાઓને પૂછ્યું, 'કહો જોઈએ, હાથી કેવો છે?' પહેલો આંધળો, જે હાથીના પગ પર હાથ ફેરવતો હતો, તેણે કહ્યું: 'આ જાનવર એક મોટા થાંભલા જેવું લાગે છે.'

હાથીની સૂંઢ પર હાથ ફેરવતા બીજા આંધળાએ કહ્યું: 'અરે જા, એનો દેખાવ ઝાડની ડાળી જેવો હોવો જોઈએ.'

ત્રીજો બોલ્યો: 'મને તો એ એક મોટા પીપ જેવો લાગે છે.' તેણે હાથીના પેટ પર હાથ મૂક્યો હતો.

હાથીના કાનને અડીને ચોથા આંધળાએ કહ્યું: 'તમારા ત્રણેની વાત ખોટી છે. મને તો લાગે છે કે હાથીનો દેખાવ સૂપડા જેવો છે.'

આપણે જો ભગવાનના સ્વરૂપની બાબતમાં વ્યર્થ ચર્ચા કરીએ અને લડવાને તૈયાર થઈ જઈએ તો, બિલકુલ આંધળા જ બની જઈએ છીએ.

જમીન અને તેનો ઉપયોગ

જમીનનો ઉપયોગ માણસે પોતાના વિકાસક્રમમાં બહુ મોડેથી શરૂ કર્યો. તે પહેલાં માણસ શિકાર કરીને, માછલાં પકડીને કે એવા જ હિંસક માર્ગે પોતાની જરૂરિયાતો પૂરી કરતો. તે કાળમાં તીર-કામઠાં, ભાલા અને પાશો વગેરે તેનાં આજીવિકાનાં સાધનો હતાં. આ સાધનોથી જે શિકાર થતો તેનાથી તે પોતાનું પેટ ભરતો અને તેનાં સંકેશ કે વિશેષ ચામડાંથી શરીર ઢાંકતો. એ વખતે વેપારનું નામ નહોતું. માણસ પોતાની જરૂરિયાતો માટે જ કામ કરતો.

પછી તે ભ્રમણનું જીવન છોડી દઈ પોતાની જરૂરિયાતોનું ઉત્પાદન કરવા લાગ્યો ત્યારે તેણે જમીનને પોતાનું સાધન બનાવ્યું. તેમાં તેને વન અને જંગલની ભૂમિ સાફ કરવી પડી અને પોતાની યોજના અનુસાર ખેતી કરવી પડી. આ કામ સારી એવી પૂર્વતૈયારી વિના થઈ શકે એમ નહોતું. તેથી જો કોઈ તેના પર મહેનત કરતો તો તેને તે જમીન પર પોતાનો અધિકાર છે એમ લાગતું. આથી જમીનમાં ખાનગી મિલકતનું તત્ત્વ દાખલ થયું. જમીન અનાજ અને કાપડ ઉત્પન્ન કરવાનું સાધન બની.

આ રચના પર કૃષિઉદ્યોગોનો વિકાસ થયો. તે ઉદ્યોગો પણ મોટે ભાગે ખેડૂત જાતે જ પોતાના નવરાશના દિવસોમાં કરતો. આ ધંધા વરસભર ખેડૂતને પૂરતું કામ આપતા. તેમાં પોતાની જરૂરિયાતથી જે વધારે હોય તે બીજાને આપીને તેની પાસેથી તેની બધારાની ચીજો તે લેતો. આમ વેપારનો આરંભ થયો. આવા વિનિમયમાં બંનેને લાભ હતો.

વિકાસની આ અવસ્થામાં વિનિમયના એક સગવડભર્યા સાધન તરીકે પૈસાનો જન્મ થયો. પરંતુ આ સાધનનો મૂળ યોગ્ય ઉપયોગ જલદી જ ભુલાઈ ગયો. અને તેનામાં ખરીદ-શક્તિનો સંગ્રહ કરવાની સુગમતા હોવાને કારણે તે સાધન મટીને સાધ્ય બન્યું અને બીજી ચીજો કરતાં તેની જ માગ વધી ગઈ.

ત્યાર બાદ નાણાં તરીકે વપરાતી વસ્તુ સિવાયની બીજી બધી ચીજો,

તેનાથી માણસોની જરૂરિયાત સંતોષાય છે કે નહીં તેની પરવા કર્યા વિના, પૈસો કમાવાના ખ્યાલથી જ ઉત્પન્ન કરવામાં આવી. પૈસાદાર લોકોની ઘરાકી મેળવવા માટે તરેહતરેહવાર નિરર્થક ચીજો બનાવીને માગ ઊભી કરવામાં આવી. નાણાના રૂપમાં ખરીદ-શક્તિનો સંગ્રહ કરનારા એ મોહક સાધનને હાથ કરવાની હરીફાઈમાં સામાન્ય માણસની સાચી જરૂરિયાતોની ઉપેક્ષા થવા લાગી.

આ અર્થરચનામાં ઉત્પાદનના બધાં સાધનો માણસની જરૂરિયાતો સંતોષવાનાં સાધનો ન રહ્યાં પણ પૈસો એકઠો કરવાનાં સાધન થઈ ગયાં. આ અધઃપતનની જમીન પર પણ અસર થઈ. આજે તેના પર કામ કરતા મજૂરોને રોટી આપવાનું કામ કરવું તે અટકી ગયું છે. ખેડૂત અને જમીન વિનાનો ઉસડિયો, આ બંનેને આજે ઓછામાં ઓછું ખાવા-પહેરવા મળે છે, અને જમની પાસે પૈસા છે, તેમને જમીનની પેદાશ મળે છે. આ દુર્વ્યવસ્થા કુદરતના કાનૂનની વિરુદ્ધ છે અને માણસે પેદા કરેલી છે. આ પરિસ્થિતિમાં જો જલદી સુધારો કરવામાં આવશે નહીં તો આપણે મુશ્કેલીમાં આવી પડીશું.

* * *

પૈસાના તંત્રમાં ફસાઈને ખેડૂત એવી ચીજોની પણ ખેતી કરે છે, જે સમાજને હાનિકર હોય. ભૂખે ટળવળતી પ્રજાને ખવાડવા માટે બાજરી વાવવાને બદલે તે તમાકુ વાવે છે. સામાન્ય લોકોને બીજી ચીજો મળતી નથી ત્યારે ઉપલા વર્ગોની માગ પૂરી કરનારી મિલો માટે તે કાચો માલ પેદા કરે છે. ભૂમિનો આવો ઉપયોગ કરવો એ જે ધરતી-માતાનો ધર્મ પૈસો પેદા કરવાનો નહીં પણ તેનાં સંતાનોનાં પેટ ભરવાનો છે, તેના પર અત્યાચાર કર્યો જ કહેવાય.

દરેક જગ્યાએ સદા આપણો પ્રયત્ન એ હોવો જોઈએ કે ખેડૂતને એવી લાગણી પેદા થાય કે તેને માથે રાષ્ટ્રનું ભરણપોષણ કરવાનું ઉમદા કાર્ય આવ્યું છે. આજે તો તે પૈસાના મોહમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલી રોગણની ચૂસાઈને ખેતીના ક્ષેત્રમાં પણ ખુશીથી આવવા દે છે. તેને ખ્યાલ પણ નથી કે લોભથી પ્રેરાયેલી આ નીતિ આત્મઘાતક છે. પોતાના રક્ષણની ખાતર પણ લોકોએ સાથે મળીને જમીનને

એના ઉપયોગમાં લગાડવી જોઈએ જેથી તેમની જરૂરિયાતો પૂરી પડે.

અન્નપૂર્ણા બનવાને બદલે ધરતી આજે મૂડી રોકવાનો વેપાર બની છે. જમીનને આ રીતે તેના સ્થાનેથી ઉતારી પાડવાથી પરિણામ એ આવ્યું છે કે દેશને ખોરાક પૂરો પાડવાનું કામ કરતાં બળો વચ્ચેનો સંબંધ છિન્નભિન્ન થઈ ગયો છે. જમીનદાર જમીનને પૂંજી માને છે અને એમાંથી મળે એટલો ઝાઝો નફો મેળવવા કોશિશ કરે છે અને જમીનની સુધારણાની પરવા કરતો નથી. જમીન ખેડનાર ખેડૂત વાર્ષિક પાકની જ ચિંતા કરે છે અને જમીનની ફળદ્રુપતા કેમ જળવાઈ રહે તેમાં રસ લેતો નથી. સરકારની નજર તેમાંથી કેટલું મહેસૂલ ચૂસી શકે છે તે પર જ રહે છે. એનાં પરિણામો આપણી આજની અનાજ તંગીમાં દેખાઈ આવે છે. આ સવાલનો ઉકેલ કરવાનો કોઈ ટૂંકો માર્ગ નથી. જમીનને ફરીથી દેશને ખવાડનાર અન્નપૂર્ણા માતાના જૂના ગૌરવપ્રદ સ્થાને બેસાડવી જોઈશે અને તે માટે ઉત્પાદનનાં જુદાં જુદાં બળોએ સાથે મળીને કામ કરવું જોઈશે. અનાજની આયાત કરવામાત્રથી કશું વળવાનું નથી.

('હરિજનબંધુ'માંથી) જો૦ કો૦ કુમારપ્પા

ઉદ્યોગમાં મીઠું

મીઠું એટલે સોડિયમ ધાતુનો ક્લોરાઇડ. સોડિયમ અને ક્લોરીન એ બેનો સંયોજિત પદાર્થ તે મીઠું. જ્યાં જ્યાં સોડિયમની અગર તેના બીજા ક્ષારોની જરૂર પડે ત્યાં ત્યાં તેના કાચા માલ તરીકે મીઠું વપરાય. વળી જ્યાં જ્યાં ક્લોરીન વાયુ અગર ક્લોરીનમાંથી બનતા પદાર્થો જરૂર પડે ત્યાં ત્યાં કાચા માલ તરીકે મીઠું અગર દરિયાના પાણીનો જ ઉપયોગ થાય. એવા પદાર્થોમાંના મુખ્ય પદાર્થો કયા કયા છે તે આપણે તપાસીએ.

ધોવાનો સોડા: આ સોડા સોડિયમ ધાતુ અને કાર્બોનિક ઍસિડ ગૅસ એ બેનો સંયોજિત પદાર્થ ગણાય. તે મીઠામાંથી બનાવવામાં આવે છે. કેટલીક નદીને કિનારે જામતા ઊસમાં મોટો ભાગ ધોવાના સોડાનો હોય છે. ઊસમાં ચૂનો ભેળવવાથી 'કૉસ્ટિક સોડા' બને છે. કૉસ્ટિક સોડા વગર સાબુ બની શકે નહીં. સાબુના ઉદ્યોગને પહોંચી વળે એટલો ઊસ મળે નહીં.

એટલે કૉસ્ટિક સોડા બનાવવા માટે પણ દરિયાના પાણી અગર મીઠાનો ઉપયોગ કરવો રહ્યો. કૉસ્ટિક સોડા એ સોડિયમ ધાતુ અને પાણીના સંયોજનથી બને છે. મીઠાનો તેજાબ અનેક ઉદ્યોગોમાં ઉપયોગી છે. ધોવાનો સોડા બનાવવામાં આવે ત્યારે આડપેદાશ તરીકે મીઠાનો તેજાબ ઉત્પન્ન કરી શકાય છે. મોટાં શહેરોમાં પાણીને જંતુશુદ્ધ બનાવવા ક્લોરીન વાયુનો ઉપયોગ કરવામાં આવે છે. ક્લોરીન વાયુ ઉત્પન્ન કરવા પણ મીઠાની જરૂર પડે છે. વળી કોરો કળીચૂનો ક્લોરીન વાયુને ચૂસી લે છે. ક્લોરીન વાયુ ચૂસીને તૈયાર થયેલો કળીચૂનો બ્લિચિંગ પાઉડરના નામે ઓળખાય છે. કપડાં રંગવા ધોવામાં તથા નાના પાયા ઉપર જંતુશુદ્ધ કરવાની ક્રિયામાં બ્લિચિંગ પાઉડર વપરાય છે. જાહેર મૂતરડીઓ વગેરેમાં ફિનાઈલ મોંઘું પડે છે. ત્યાં બ્લિચિંગ પાઉડરનો ઉપયોગ થતો જોવામાં આવે છે. ક્લોરીન વાયુ જંતુઘ્ન છે. આમ મહત્ત્વના ઉદ્યોગોના કાચા માલ તરીકે મીઠું જરૂરી છે. મીઠું મોંઘું પડે તો તેના આધારે નભતા ઉદ્યોગને ફટકો પડે. કાચો માલ જેમ સસ્તો તેમ તૈયાર માલ સસ્તો પડે અને બજારુ હરીફાઈમાં પરદેશના માલ સાથે ટકી શકે.

લાકડાને કેળવવામાં મીઠાનો ઉપયોગ શરૂ થયો છે. ઘણાં વૃક્ષનાં લાકડાં ઇમારતી તરીકે નકામાં પડતાં. કારણ કે તેમને જંતુઓ ખાઈ જતાં અને તેથી તે લાકડાં સડી જતાં. બીજું ઠંડી ગરમીને કારણે વાતડ પડવાથી ચીરાવાળાં થઈ જતાં. મીઠાના પાણીમાં રાખવાથી લાકડું સડતું અટકે છે અને તેને જંતુ ખાતાં નથી. વાતડ પડવાનો ભય પણ ઓછો થાય છે એવું જણાયું છે. તેથી લાકડાં કેળવવા માટે મીઠાનો વપરાશ શરૂ થયો છે.

કાચી સડકોને ઘસારો ખૂબ પડે છે. તેથી વરસોવરસ સડકો ખૂબ પૈસા ખાઈ જાય છે. જો આ સડકો ઉપર ઉપલા થરની માટી સાથે મીઠું ભેળવવામાં આવે તો તે સડક જલદી પોચી પડતી નથી. તે સખત રહે છે અને ખૂબ ઘસારો ખમી શકે છે. આ દૃષ્ટિએ પણ મીઠું ઉપયોગી ગણાય.

સાબુના કારખાનામાં, સાબુને છૂટો પાડવા મીઠાનો ઉપયોગ કરવામાં આવે છે. મીઠાના પાણીમાં સાબુ ઓગળતો નથી. કૉસ્ટિકનું પાણી અને તેલના

મિશ્રણમાંથી સાબુ તૈયાર થયા બાદ તેમાં મીઠું ઉમેરવામાં આવે છે. તેથી તરની જેમ સાબુ ઉપર તરી આવે છે. તે ઉપરાંત કાપડ ઉદ્યોગમાં, પ્લાસ્ટિકના ઉદ્યોગમાં, રંગ ઉદ્યોગમાં, કાગળના તેમ જ રેયૉનના ઉત્પન્નમાં મીઠું અગર તેમાંથી બનતા પદાર્થો જરૂરી છે. આમ મીઠું એક ખૂબ મહત્ત્વનો ઉદ્યોગ છે. પણ જ્યારે ખાવા પૂરતું મીઠું પરદેશથી મંગાવવું પડે ત્યારે મીઠાને આધારે વિકસતા ઉદ્યોગો મોંઘા પડે તેમાં શી નવાઈ! મીઠા ઉપરથી કર જતો રહ્યો તોપણ દર બંગાળી મણે સાડાત્રણ આનાની જકાત તો છે જ. મીઠાસમિતિએ એ ઘટાડી ફક્ત એક આનાની જકાત રાખવા સરકારને ભલામણ કરેલી છે. મીઠાનું ઉત્પન્ન વધારવા અનેક સૂચનો તેમ જ માર્ગ પણ બતાવેલા છે.

બસીલાલ ગાંધી

પૂરું થતું પખવાડિયું

મધ્યસ્થ સરકારના કાયદાખાતાના પ્રધાન ડૉ. આંબેડકરે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે. જાણવા મળે છે કે તેમના રાજીનામાનો વડાપ્રધાને સ્વીકાર કર્યો છે.

હમણાં જ થોડા વખત પર કૉંગ્રેસમાંથી છૂટા થઈ ગયેલા શ્રી રફી અહમદ કીડવાઈ એ આજના બદલાયેલા સંજોગોમાં ફરીથી કૉંગ્રેસમાં જોડાવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો છે.

કૉંગ્રેસનું આગામી ખાસ અધિવેશન ઑક્ટોબરની ૧૫મીથી શરૂ થશે અને ૨૦મીએ પૂરું થશે. કૉંગ્રેસની પુંસ્લી બેઠક ઑક્ટોબરની ૧૮મી તારીખે મળશે.

તાજેતરમાં કૉંગ્રેસમાંથી છૂટા થયેલા મધ્ય પ્રદેશના માજી ગૃહપ્રધાન પંડિત દ્વારકાપ્રસાદ મિશ્રે 'ભારતીય લોક કૉંગ્રેસ' નામનો નવો રાજકીય પક્ષ સ્થાપવાનું જાહેર કર્યું છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧

રજિ૦ નં. બી ૫૩૬૬

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪ | અંક ૬

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક „ „ રૂ. ૨

અમદાવાદ, ૧લી નવેમ્બર, ૧૯૪૫

વાર્ષિક લવાજમ પરદેશમાં
રૂ. ૫ શિ. ૮

આપણી અલ્પતા

[સરદારશ્રીના એક પત્રમાંથી]

. . . લડાઈ શરૂ થયાને પાંચ વર્ષ થઈ ગયાં અને આ છઠ્ઠું પણ ચાલવા માંડ્યું. ૧૯૪૪નું વર્ષ પણ પૂરું થઈ જવા આવ્યું. કાળનું ચક્ર એક ક્ષણ પણ અટકતું નથી અને નિયમિત ચાલ્યા કરશે એનો વિચાર કરતાં આપણી અલ્પતાનો ખ્યાલ આવે છે. છતાં આ જગતમાં મોટા મોટા માણસો રાત-દિવસ મિથ્યા અભિમાનમાં પડી પોતે જ બધું કરતા હોય એમ માની ભયંકર સંહારની પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહે છે એ કેવી અજબ માયા છે?

૧૩-૧૧-'૪૪

અન્ન તેવું મન અને પાણી તેવી વાણી.

ભક્તરાજ નંદ—૧

સવા છસો વર્ષ પહેલાં, મદ્રાસ રાજ્યના એક ગામમાં ચમારને ઘેર નંદનો જન્મ થયો હતો. ચમારોની જાત બહુ હલકી મનાતી. તેમને કોઈ અડે નહીં. તેમને રહેવાનું પણ ગામ બહાર. ગંદાં ઝૂંપડાંમાં તેઓ પડી રહે, અને મરેલાં ઢોરનું માંસ પણ ખાય. મંદિરમાં તો તેમને પેસવા જ કોણ દે? તેઓ પોતાનાં જુદાં દેવ-દેવી આગળ બકરાં, પાડા, અને મરઘાં મારે, અને એમ કરવાથી દેવ-દેવી ખુશ થાય છે એમ માને.

નંદ નાનો હતો ત્યારથી જ તેને દેવ-દેવી આગળ બકરાં મરઘાં કપાતાં જોઈને બહુ દુઃખ થતું. તેણે એક નાનકડું બકરીનું બચ્ચું પાળ્યું હતું. જ્યાં નંદ જાય ત્યાં તે પાછળપાછળ જતું. નંદ પણ તેને પાંદડાં ખવરાવે, પાણી પાય અને નચાવે.

એક દિવસ નંદને તાવ આવ્યો. પેલું બચ્ચું નંદની પથારી પાસે જ બેસી રહેતું, અને બેં બેં કર્યા કરતું. થોડા દિવસ પછી નંદ સાજો થયો. પણ તેની માએ નંદ સાજો થાય તે માટે દેવીને બકરું ચડાવવાની બાધા રાખી હતી. એટલે એક દિવસ વહેલી સવારે તેનાં માબાપ તેના બકરાને દેવી આગળ વધેરી આવ્યાં.

નંદે જ્યારે આ જાણ્યું ત્યારે તે ખૂબ રડ્યો. પોતે સાજો થાય તે માટે દેવીને બકરો શા માટે ચડાવવો પડે? એવા તે દેવ હોય? એ દેવી બકરાની પણ માતા નથી? તેને લાગ્યું કે આ સાચા દેવ નથી. તેણે માને પૂછ્યું: "આપણા બ્રાહ્મણ શેઠનો છોકરો

માંદા પડતા હશે, ત્યારે તેઓ પણ બકરો કાપતા હશે ?"

મા — ના ના, તેઓ તો દવા કરે; અથવા મંદિરમાં ભગવાનને પ્રાર્થના કરે. તેઓ બહુ બહુ તો નાળિયેર વધેરે.

નંદ — ત્યારે આપણે શા સારુ બકરાં અને મરઘાં વધેરીએ છીએ ? આપણે પણ ભગવાનની પ્રાર્થના કેમ કરતા નથી ?

મા — ભાઈ, તેમના દેવ જુદા, અને આપણા દેવ જુદા. આપણા દેવ તો લોહી વિના રાજી ન થાય. એ લોકોના મંદિરમાં તો આપણને પેસવા પણ ન દે. આપણે શી રીતે ભગવાનની પ્રાર્થના કરી શકીએ ?

નંદને આ જવાબથી સંતોષ ન થયો. તેને લાગ્યું કે આપણે જો ચોખ્ખા રહીએ અને ખરાબ કામ ન કરીએ, તો આપણે પણ ભગવાનની પ્રાર્થના કરી શકીએ.

જેમ જેમ તે મોટો થતો ગયો, તેમ તેમ તેના વિચારો દૃઢ થતા ગયા. પોતાના દોસ્તોને પણ તે આ બધું સમજાવતો.

એવામાં એક વખત નંદ ખૂબ માંદો પડયો. ઘરડા લોકો એને કહેવા લાગ્યા : 'લે તો જા; તું દેવીને માનતો નથી, તેનું ફળ હવે ભોગવ. તારો બાપ પણ રોગમાં મરી ગયો, અને હવે તું પણ મરીશ. માટે સમજીને દેવીની માફી માગ અને બકરો ચડાવ.'

નંદે કહ્યું : 'ભલે હું રોગમાં મરી જાઉં, પણ બકરો મારીને મારે જીવવું નથી. હું તો ભગવાનની પ્રાર્થના કરીશ.'

નંદ પથારીમાં પડયો પડયો ભગવાનનું નામ લેવા લાગ્યો. તેના દોસ્તો પણ તેને માટે ભગવાનનું નામ લેવા લાગ્યા.

આખી રાત ભગવાનનું

નામ લીધા પછી, નંદને દેખાયું કે જાણે મંદિરમાંથી આવીને મહાદેવ તેના માથા ઉપર હાથ મૂકે છે. તેના આનંદનો પાર ન રહ્યો. સવારે તો તે સાજો થઈ ગયો. તેના દોસ્તોએ 'હર હર મહાદેવ'ની બૂમોથી ગામ ગજાવી મૂક્યું.

મોટા માણસોનાં મન

(૧૧)

દીનબંધુ ઍન્ડ્રૂઝ શાંતિનિકેતનમાં રહેતા હતા. શાંતિનિકેતનમાં માંસ, મદિરાનું કોઈ સેવન ન કરે. એક વાર દીનબંધુની તબિયત ખૂબ નબળી પડી ગઈ હતી. દીનબંધુનો રસોઇયો તેમની ખૂબ જ કાળજી લેતો. તેથી દીનબંધુની તબિયત સુધરે એવા ભાવથી તેણે એક વાર તેમના આહાર માટે બે ઈંડાં રાંધીને તૈયાર કર્યાં. દીનબંધુ ભોજન માટે ટેબલ આગળ બેઠા. ભોજનની થાળી તેમની પાસે પેલા રસોઇયાએ મૂકી અને દીનબંધુ એક મિત્ર સાથે વાતો કરતા ખાવા લાગ્યા. દીનબંધુ તો અંગ્રેજ હતા, એટલે ઈંડાંનો આહાર કરવામાં તેમને બાધા ન હતી.

એવામાં કાંગડી ગુરુકુલનો આર્યસમાજી સ્નાતક ત્યાં આવી ચડયો, અને દીનબંધુ સાથે વાતો કરવા બેઠો. દીનબંધુ પણ સહજ ભાવે તેની સાથે વાતો કરવા લાગ્યા. ત્યાં તો પેલા ચુસ્ત આર્યસમાજી માણસની નજર થાળી પર પડી અને તેમાં ઈંડાં જોયાં!

થોડી વાર પછી પેલો માણસ ચાલ્યો ગયો. પણ તેણે ઈંડાંની વાત બધાંને કહી. આખા આશ્રમમાં દીનબંધુએ ઈંડાં ખાધાં એ બાબતની ચર્ચા થવા લાગી.

કેટલાક તો દીનબંધુની ટીકા કરવા લાગ્યા.

આ બધી ચર્ચા અને ટીકાની વાત દીનબંધુના સાંભળવામાં આવી. સાંજે વાળુ વખતે દીનબંધુ બેઠા હતા, ત્યારે તેમના એક મિત્ર આગળ તેમણે પોતાનું દિલ ખોલ્યું. ટીકા કરનાર તરફ રોષે ભરાવાને બદલે દીનબંધુ બોલ્યા : "ભાઈ, મારે અહીંના જેવા થઈને રહેવું જોઈએ. અહીં જે વસ્તુનો નિષેધ હોય તે મારે ન જ કરવી જોઈએ. મારી ગફલત થઈ ગઈ! હવે અજાણતાં પણ આવી ભૂલ નહીં થવા દઉં." બોલતાં બોલતાં એમની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં !

સંકલિત

આપણા ગામડાંના ઉદ્યોગોને સંરક્ષણ કોણ આપે?

આપણો ભારત દેશ ગીચ વસ્તીવાળો દેશ છે. આપણી પાસે જમીન ઓછી છે. એના પ્રમાણમાં વસ્તી વધારે છે. આથી આપણે ત્યાં બેકારી ખૂબ છે.

આપણે ત્યાં કહેવત છે કે બેઠા બેઠા ખાય તો તો રાજાના ભંડાર પણ ખૂટી જાય. ત્યારે આપણો તો અંગ્રેજોની ગુલામીથી વર્ષોથી ચુસાઈ ગયેલો દેશ, એની વ્યાપારી નીતિથી આપણા ગ્રામ અને ગૃહઉદ્યોગો તૂટી ગયેલો દેશ એ! બેઠો બેઠો શી રીતે ખાઈ શકે?

એણે તો ખૂબ કામે લાગી જવું જોઈએ. આપણા ખોરવાઈ ગયેલા ગ્રામઉદ્યોગો અને ગૃહ-ઉદ્યોગોને ફરી સજીવન કરી દેવા જોઈએ. તો જ આપણી બેકારી દૂર થાય અને આપણા મોઢા ઉપર લાલી આવે.

પણ આજે શું થઈ રહ્યું છે?

અંગ્રેજોની બેડીઓમાંથી આપણો દેશ મુક્ત થયો છે પણ આપણા મનમાંથી એમનો માલ ખસ્યો નથી. આથી સ્વરાજ્ય આવ્યું પણ આપણો સ્વદેશી ધર્મ નથી જાગ્યો. આપણા બધાનું મોઢું તો પરદેશી કારખાના તરફ થઈ ગયું છે.

કારખાનાં કાંઈ કાચા માલમાંથી વધારે માલ નથી પેદા કરી શકતાં. એક શેર રૂમાંથી ૨૦ આંકનું જેટલું સૂતર રેંટિયો કાંતી આપે એથી વધુ સૂતર કાંઈ મિલ નથી પેદા કરી શકતી. હા, એ થોડી ઝડપ લાવી શકે. પણ બીજી બાજુથી એ ૧૦૦ કાંતનારાઓ-માંથી ૯૫ને બેકાર કરી મૂકે.

મૂળે આપણો દેશ બેકારીથી ભરી રહ્યો છે તેમાં આ યંત્રઉદ્યોગ અને કારખાનાં વધુ બેકારી લાવે છે એટલે યંત્ર કારખાનાં ગમે તેટલાં મોહક કે આકર્ષક લાગતાં હોય પણ એ આપણી બેકારી અને કંગાલિયતનો પ્રશ્ન હળવો નથી કરતાં. એથી જ બાપુજીએ કહ્યું કે યંત્રઉદ્યોગની જગ્યાએ ગ્રામ અને ગૃહઉદ્યોગને સ્થાપો તો આપણો દેશ સુખી થશે અને એ રસ્તે જ આખી દુનિયામાં શાંતિ આવવાની છે. યંત્રો વાપરવાં હોય તો વાપરો પણ એ આખી પ્રજાનું સુખ વધારતાં હોય તો, એકેએક માણસને કામધંધો આપતાં હોય તો.

પણ આપણને તો ઝડપનો અને ઉતાવળે આંબા પકવવાનો શોખ લાગ્યો છે. તેથી બધા યંત્રો-દ્યોગ તરફ વળવા લાગ્યા છે. આપણી પ્રજાકીય સરકાર પણ એના તરફ વળી ગઈ છે. પણ એ ધંધો ખાડામાં ઉતારનારો છે. કેટલાક ભાઈઓને આ વાત સાચી લાગે છે પણ કહે છે કે સરકાર આપણા ગ્રામઉદ્યોગોને

સંરક્ષણ નથી આપતી પછી શું થાય? સરકાર કાયદો કરીને ગ્રામોદ્યોગને સંરક્ષણ આપી શકે. જેવી રીતે જાવાની ખાંડ ઉપર પ્રતિબંધ મૂકીને હિંદની ખાંડને સંરક્ષણ આપ્યું.

સરકાર કહી શકે એમ છે કે ગ્રામોદ્યોગમાં માનનારા જ ગ્રામોદ્યોગને સંરક્ષણ નથી આપતા પછી સરકાર પાસે સંરક્ષણની શાની વાતો કરો છો?

ગ્રામોદ્યોગમાં માનનારાઓએ યંત્ર ઉદ્યોગની ચીજોનો બહિષ્કાર કરવો જોઈએ, બધીનો નહીં તો છેવટે ખોરાક અને પોશાક, જે આપણા જીવનની અનિવાર્ય આવશ્યકતા છે એ બેમાં તો આપણે ગ્રામોદ્યોગના આગ્રહી બનવું જોઈએ ને?

સરકારે પણ આ બાબતમાં સંરક્ષણ આપવું જ જોઈએ પણ જો સરકાર ન આપે તો આપણે ગ્રામોદ્યોગમાં માનનારાઓએ ગ્રામોદ્યોગનો સ્વીકાર અને યંત્રોદ્યોગનો બહિષ્કાર કરીને સંગઠન સાધવું જોઈએ. લોકમત કેળવવો જોઈએ, તો સરકારને પણ ગ્રામોદ્યોગને સંરક્ષણ આપવાની ફરજ પાડી શકીએ.

દરેક વિચારી જુએ કે આપણે ક્યાં ક્યાં ગ્રામોદ્યોગ તજ્યો છે.

બબલભાઈ મહેતા

પાર્લમેન્ટની કાર્યપદ્ધતિ

ભારતની પાર્લમેન્ટ કે સંસદનાં ત્રણ અંગ (૧. લોકસભા, ૨. રાજ્યસભા, ૩. રાષ્ટ્રપતિ) વિષે જોયું. તેઓ કઈ હવે પોતાનું કામ કરશે તે હવે જોઈએ.

લોકસભાની રચના કેવી રીતે થશે તે જોયું. તે પરથી સ્પષ્ટ થાય છે કે, પ્રજાના પ્રતિનિધિઓનું મહત્ત્વનું મંડળ એ ગણાય. આમ પ્રજાની સભા એ છે. રાજ્યસભા ખાસ સભા છે. તેથી કામકાજની દૃષ્ટિએ લોકસભાનું મહત્ત્વ વધારે હોવું જોઈએ. તેથી કાયદા કાનૂન બનાવવામાં લોકસભાને બંધારણે વધારે હક આપ્યો છે. જેમ કે, આમ તો એવો નિયમ છે કે રાજ્યસભા કે લોકસભામાં ગમે ત્યાં કોઈ કાયદો કરવાનો વિચાર શરૂ કરી શકાય; પરંતુ તેમાં એક અપવાદ છે. તે એ કે, નાણાંકીય બાબતનો કાયદો કરવાનો હોય તો પહેલો તે લોકસભામાં આવવો જોઈએ ત્યાંથી પસાર થઈને પછી તે રાજ્યસભા પાસે જઈ શકે. ઉપરાંત રાજ્યસભા પર એવું બંધન છે કે, તેને તે કાયદાનું બિલ મળે ત્યારથી ૧૪ દિવસમાં તે ઉપર વિચાર કરી પોતાની ભલામણો સાથે, તેણે તે પાછું મોકલી દેવું જોઈએ. મોડું કરે તો આપોઆપ એમ મનાશે કે, તેણે તે મંજૂર કર્યું છે. વળી ૧૪ *દિવસમાં આવા નાણાંકીય બિલ ઉપર* વિચાર કરી રાજ્યસભા ભલામણો મોકલે, તે બધી કે એકય સ્વીકારવાને માટે લોકસભા બંધાઈ નથી; ઠીક લાગે તે જ એમાંથી લોકસભા સ્વીકારે ને બીજી જતી કરે, તોપણ ચાલી શકશે.

સંસદની બે સભાના હકમાં આ એક મોટો ફેરફાર છે. તે બાદ કરતાં બીજાં કામોમાં બંને સભા સરખી હકદાર છે.

કોઈ પણ કાયદાનું બિલ બંને સભાઓમાંથી પસાર થવું જોઈએ.

એમ પાસ થયેલું બિલ પછી રાષ્ટ્રપતિ પાસે જશે. તે તેને મંજૂરી આપે અથવા તે આપવાનું મોકૂફ પણ રાખે. મંજૂરી આપે તો તે કાયદો થયો ગણાય; પછી સત્તાવાર અમલ થઈ શકે. પરંતુ મંજૂરી મોકૂફ

રાખી રાષ્ટ્રપતિ તે બિલમાં ઇચ્છે તે ભાગ વિષે સંસદને ફરી વિચારવા પણ જણાવી શકશે, અને તે મુજબ તેમાં સુધારો કરવાનું વિચારવા સંદેશો મોકલશે. બિલમાં સુધારો કરવાના રાષ્ટ્રપતિના સંદેશા પ્રમાણે સંસદ પાછી વિચાર કરશે ને પોતાને ઠીક લાગે તો તે સુધારો સ્વીકારશે કે નહીં સ્વીકારે; અને પછી ફરી રાષ્ટ્રપતિ પર મોકલશે. આમ ફરીને આવેલા કાયદાને રાષ્ટ્રપતિ મંજૂરી આપવા ના પાડી નહીં શકે.

નાણાંકીય બિલ હોય તો તેને માટે ખાસ કાર્યપદ્ધતિ બંધારણે નક્કી કરી છે. પ્રજાનાં નાણાંના ઉપયોગની બાબતમાં ખૂબ ચીવટ અને ચોકસાઈ રહે એ તેનો હેતુ છે. રાષ્ટ્રપતિ ભલામણ કરે કે અમુક બાબતનું ખર્ચ કરવા જેવું છે, ત્યારે લોકસભા વિચાર કરી શકે છે; તે ઠીક લાગે તો મંજૂર કરે કે તેમાં ઘટાડો પણ કરી શકે છે.

આ ઉપરાંત સંસદની કાર્યપદ્ધતિ વિષે બીજી બેએક બાબતો જાણવા જેવી છે. કોઈ વાર એમ બને કે, લોકસભા અને રાજસભામાંની કોઈ એક બિલ પાસ કર્યું, પણ બીજી સભા તે નાપાસ કરે કે તેમાં સુધારા અંગે બંને સભા એકમત ન થાય કે બીજી સભા પાસે તે બિલ છ મહિનાથી વધુ વાર પડી રહે, તો કામ અટકી પડે. આવી આંટીને પ્રસંગે બંધારણે એવી જોગવાઈ કરી છે કે, રાષ્ટ્રપતિ સદરહુ કામ પર વિચાર કરવા બંને સભાની ભેગી બેઠક બોલાવી શકશે. એમ મળેલી ભેગી બેઠક પછી બહુમતીથી જે નક્કી કરી તોડ કાઢે તેમ તે કાયદો પસાર કરી શકાય.

કોઈ વાર સંસદ બેઠી ન હોય અને ખાસ સંજોગોને લઈને અમુક કાયદાની તાત્કાલિક જરૂર પડે, તો સંસદને બદલે રાષ્ટ્રપતિ પોતે વટહુકમ કાઢી શકે, એની જોગવાઈ પણ બંધારણમાં રાખી છે. અને તેનો અમલ કાયદા પેઠે થશે. તેમાં મર્યાદા એ છે કે, તે કાઢ્યા પછી સંસદ મળે ત્યારે તેની બંને સભાઓ આગળ તે મૂકવો જોઈએ. જો બંને સભા મળે ત્યાર પછી છ અઠવાડિયાંની

અંદર એને નાપસંદ કરતો ઠરાવ પસાર કરે તો તે રદ થશે. સંસદ મળ્યા પછી છ અઠવાડિયાં પૂરાં થયે તે આપોઆપ રદ થશે; તેને માટે કોઈ ઠરાવ કે કશાની જરૂર નહીં રહે.

મગનભાઈ દેસાઈ

સ્વરાજમાં નાગરિક કેમ વર્તે?

હું ગામડાએ જવા લગભગ સાંજના સાડા છ વાગ્યે અમદાવાદ સ્ટેશનના નાની ગાડીના પ્લેટફૉર્મ પર ઊભો હતો. તેવામાં એક મારવાડી પ્રૌઢ વણઝારો મારી બાજુમાં ઊભેલા વેપારી જેવા દેખાતા ભાઈને પૂછવા લાગ્યો: 'આ ગાડી ક્યારે ઊપડશે?'

પેલા ભાઈએ જવાબ આપ્યો, 'સાત વાગ્યે.'

'ક્યાં સુધી આ ગાડી જશે?'

'આબુ સુધી.'

'આ ગાડી પછી એકેય ગાડી તે તરફ જવા ઊપડશે ખરી કે?'

તેમણે માથું ધુણાવ્યું. પેલા મારવાડી પ્રૌઢ ભાઈએ ગજવામાંથી ટિકિટ કાઢીને કહ્યું: 'મારી ટિકિટ જોઈ આપો ને? મને આ ગાડી લાગુ પડે કે ન પડે!'

પેલા વેપારી જેવા દેખાતા ભાઈ મારવાડી વણઝારા સામે ઘડીભર તાકી રહ્યા અને તેની ટિકિટ સામે તુચ્છકારભરી નજર નાખી કહ્યું, ''લ્યા, હું તારો વકીલબકીલ છું? એટલી ખબર નથી!' પેલો મારવાડી વણઝારો ડઘાઈ ગયો. ઘડીભર તે પણ પેલા વેપારીભાઈ સામે તાકી ઊભો. એના મનમાં એમ જ હશે કે આનામાં આટલોય રામ નથી! પછી તો ટિકિટ જોવામાં બીજાએ તેને મદદ કરી અને વણઝારો જરા મલકાઈ ચાલ્યો ગયો.

થોડી વારે પેલા વેપારીભાઈ હસતો જોડે આનંદ કરી રહ્યા છે. ગપ્પાં હાંકે છે. જોરથી ઘાંટા પાડે છે. તેમની બાજુમાં જઈને હું ઊભો. તે વેપારીભાઈ બોલ્યા, 'લ્યો સ્વરાજ આવ્યું..... બધી જણસોના ભાવ આસમાને પહોંચવા લાગ્યા છે.....સ્વરાજ આવ્યું .....અમલદારો બે આંટા હવે વધારે ખવડાવે છે.'

તેમણે તો 'સ્વરાજ આવ્યું'ની આમ એક આખી માળા પૂરી કરી.

આ સાંભળી મારા મનમાં વિચાર આવ્યો. હા, સ્વરાજ આવ્યું પણ

માણસની નજર નં. બદલાઈ. સ્વરાજ ત્યારે જ સાચું આવ્યું કહેવાય કે દરેકદરેક માણસ સમજે કે આ રાજ્ય આપણું છે. આપણે સૌના કલ્યાણ માટે જીવવાનું છે માટે આપણાથી બને તેટલી સહાય સ્વરાજને જીવતું અને જાગતું રાખવા કરવી જોઈએ. સાચા સ્વરાજમાં જીવનાર માનવી બધાને મદદરૂપ થવા મથામણ કરશે. તે નાનાંમોટાં કામ સામે નહીં જુએ. તે અભણને, ગરીબને માર્ગદર્શન કરશે અને બનતી મદદ કરશે. પોતે ટીકા કરીને બેસી નહીં રહે, કેવળ ટૂંકા અંગત સ્વાર્થમાં રચ્યોપચ્યો નહીં રહે, પણ જવાબદારી સમજશે અને સમાજનું હિત લક્ષમાં રાખીને વર્તશે. આ પ્રમાણે જો દરેક નાગરિક સ્વરાજમાં વર્તે તો જ દેશમાં સ્વરાજની ઝાંખ ચમકે.

૬-૧૦-'૫૧ — પુષ્કર ચંદરવાકર

અવકાશ

કોઈ પણ જગ્યા સાચે જ ખાલી માલૂમ પડે તો તેને અવકાશ અથવા ખાલીખમ કહી શકાય. ખાલી વસ્તુઓ તો આપણે ઘણી જોઈએ છીએ, જેમ કે, દૂધ માટે ગરમ પાણીથી ધોઈ સૂકવી તૈયાર રાખેલી બરણી, દવા માટેની તેવી જ રીતે તૈયાર કરી રાખેલી શીશી, ખાલી પેટી અને ખાલી વાસણો. પરંતુ તે બધાં ખરી રીતે ખાલી નથી, કારણ તે દરેકમાં આંખથી જોઈ ન શકાય તેવા રંગ વગરના વાયુઓ આવેલા છે. તેમને તેમાંથી યાંત્રિક મદદથી કાઢી નાખવામાં આવે અને પાછા તેમાં તે પેસી ન જાય તેવી રીતે તેમને બંધ કરવામાં આવે તો તેમાં અવકાશ પેદા થયેલો કહી શકાય.

અવકાશ ઉત્પન્ન કરવાની સહેલામાં સહેલી રીત એક કાચના લોટામાં થોડું પાણી લઈ તેને એક કાણાવાળો રબરનો બરાબર બંધ બેસે તેવો દાટો બેસાડવામાં આવે અને એક છેડે પાતળી ખેંચેલી કાચની નળી કાણામાં દાખલ કરવામાં આવે અને પછી જો પાણી ગરમ કરી ઉકાળવામાં આવે તો પાણીમાંથી વરાળ ઉત્પન્ન થશે અને તે અંદરની હવાને બહાર કાઢી નાખશે. જ્યારે બરાબર પ્રવાહી પાણી સિવાયની જગ્યા પાણીની વરાળથી ભરાઈ જાય

ત્યારે જો નળીના પાતળા છેડાને ગરમ કરી બંધ કરી દેવામાં આવે તો બહારની હવા અંદર પેસી શકશે નહીં અને અંદરની પાણીની વરાળ ધીમે ધીમે ઠંડી થશે અને પછી જો ઠંડા પાણીમાં કે બરફમાં મૂકી વધુ ઠંડી કરતાં બધી પાણીની વરાળનું પ્રવાહીમાં પાછું રૂપાંતર થઈ જશે અને તેની અંદર પાણીની સપાટીની ઉપર અવકાશ રહેશે એટલે કે કોઈ પણ વસ્તુ તેમાં આવેલી હશે નહીં.

હવે જો તેને ઊંધો કરવામાં આવે તો અંદરનું પાણી એકદમ પડશે અને અવાજ કરશે. તેવી જ રીતે જો અવકાશમાં પીછું અને પૈસો રાખવામાં આવે અને પછી અવકાશવાળું વાસણ ઊંધું કરવામાં આવે તો બન્ને સાથે જ પડશે. જ્યારે હવાથી ભરેલું વાસણ ઊંધું કરવામાં આવે તો પ્રથમ પૈસો પડશે અને પીછું ધીમે ધીમે નીચે આવશે કારણ તે પૈસા કરતાં હલકું હોવાને લીધે હવા તેને નીચે આવતાં વધારે રૂકાવટ કરે છે. જ્યારે અવકાશમાં કોઈ વસ્તુ ન હોવાથી બન્ને પૈસો અને પીછું સાથે નીચે આવી શકે છે.

આનો ઉપયોગ યુરોપ તથા અમેરિકામાં કેટલાંક મોટાં કારખાનાંઓમાં સામાન હેરફેર કરવા તથા મોટાં શહેરોમાં ટપાલ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા લાવવા માટે હવાચુસ્ત નળી રાખી તેમાં બંધબેસતી પેટી રાખવામાં આવે છે. પછી એક બાજુથી હવાશોષક પંપથી કાઢી લેવામાં આવે છે. જ્યારે બીજી બાજુથી હવાપૂરક પંપથી ભરવામાં આવે છે એટલે પેટી આગળ ધકેલાય છે અને સરરર્ સટ્ અવાજ સાથે પેટી નળીના બીજે છેડે પહોંચી જાય છે.

આપણે કુલ્ફી વેચનાર છોકરાઓની પાસે લાંબી શીશીઓ (થરમોસ ફ્લાસ્ક) જોઈએ છીએ. જેને પૈસાવાળા લોકો ચા ભરી રાખવા તથા ઉનાળામાં બરફ રાખી મૂકવા વાપરે છે, તેની બનાવટમાં પણ અવકાશનો ઉપયોગ કરવામાં આવે છે. તે ફ્લાસ્કની બહાર ટિનનું નળાકાર વાસણ દેખાય છે. તેની અંદર જાડા મજબૂત કાચની બે શીશીઓ એકની અંદર બીજી એમ રાખવામાં આવે છે. બે શીશીઓની દીવાલો વચ્ચેથી શોષકપંપની મદદથી હવા કાઢી લેવામાં આવે છે. ઉપર ઢાંકણું

વાસવા માટે હોય છે તેમાં પણ કૉર્ક રાખવામાં આવે છે કે જે પણ ઠંડી તથા ગરમીને સહેલાઈથી પસાર થવા દેતું નથી. આ ફ્લાસ્કની અંદર આવેલી શીશીમાં ગરમ અથવા ઠંડી વસ્તુ મૂકવામાં આવે તો તે તેવી ને તેવી જ લાંબા વખત સુધી રહે છે. કારણ અવકાશમાં થઈ ગરમી સહેલાઈથી પસાર થઈ શકતી નથી. તથા શીશીઓની સપાટીઓ પણ ગરમી તથા ઠંડીને પાછી ફેંકે છે એટલે પસાર થવા દેતી નથી. ટૂંકમાં બહારથી અંદર ગરમીને આવવામાં અથવા અંદરની ગરમીને બહાર જવામાં રુકાવટ કરે છે. આવી રીતે થરમૉસ ફ્લાસ્કમાં અવકાશ, તથા કૉર્ક અને કાચની લીસી સપાટીઓની મદદથી અંદર મૂકેલી વસ્તુ મૂળ સ્થિતિમાં રાખી શકાય છે. એટલે કે ઠંડી વસ્તુ ઠંડી રહે છે અને ગરમ વસ્તુ ગરમ રહે છે.

શંકરભાઈ પટેલ

હવાનું વજન અને તેનું દબાણ

શિક્ષક—મોહન તારું વજન કેટલું છે?

મોહન—મારું વજન ૮૨ રતલ છે.

શિક્ષક—આ પુસ્તકનું વજન આશરે કેટલું હશે? (આવડે તે હાથ ઊંચા કરે) ગોવિંદ! બોલ, કેટલું હશે.

ગોવિંદ—આશરે પાંચ અધોળ.

શિક્ષક—બરાબર! હવે ત્યારે વિચાર કરો આ ઓરડાની અંદર રહેલી હવાનું વજન કેટલું હશે! (ગોવિંદ હાથ ઊંચો કરે છે) બોલ.

ગોવિન્દ—હવાને તે વળી વજન હોતું હશે! વજન હોય તો આપણી ચારો તરફ આટલી બધી હવા રહેલી છે, તે આપણને કચડી ન નાખે?

શિક્ષક—બહુ સારો પ્રશ્ન કર્યો. તે વિષે થોડી ધીરજ રાખ. આવતે અઠવાડિયે તને સમજ પડશે કે ચારો તરફ હવા હોવા છતાં કચડાઈ કેમ જતા નથી. બોલો કોઈ કહેશો! (બધા શાન્ત રહે છે). તમે ફૂગા હવામાં ઉડાડતા અને રમતા હશો જ.

વિદ્યાર્થીઓ—હા.

શિક્ષક—આ બે ફૂગા છે. એકમાં હવા ભરી દોરી બાંધું છું. હવે ત્રાજવાના આ પલ્લામાં ભરેલો મૂકું છું. અને બીજા પલ્લામાં ખાલી મૂકું

છું. હવે ત્રાજવું ઊંચું કરું છું. બોલ, રમણ, કયું પલ્લું નીચું નમેલું છે?

રમણ—ફૂલાવેલા ફુગા તરફનું પલ્લુ નીચું છે.

શિક્ષક—હવે તમે કહી શકશો કે હવાને વજન છે કે નહીં.

બધા વિદ્યાર્થીઓ—હા, હવાને વજન છે.

શિક્ષક—બોલો, હવે કોણ આ ઓરડાની હવાનું વજન ગણી શોધી શકશે. (કેટલાક હાથ ઊંચા કરે છે) બોલ, ચિનુ.

ચિનુ—ગુરુજી, આપણે ગયે વખતે એક ઘનફૂટ પાણીનું વજન ૬૨.૫ રતલ થાય છે તે શોધી કાઢયું હતું. તેવી જ રીતે જો આપણે એક ઘનફૂટ હવાનું વજન કાઢીએ તો ઓરડાનું કદ ગણી હવાનું વજન શોધી શકીએ.

શિક્ષક—બરાબર, જુઓ, (ાા તોલો ઊંચા પલ્લામાં મૂકે છે) આ હવાથી ભરેલા ફુગાની અંદરની હવાનું વજન ાા તોલો થાય છે. હવે તેનું કદ માપીએ. આ પાણીથી ભરેલા નાળચાવાળી વાસણમાં હું તેને ડુબાડું છું. (ઉપરથી પેનસિલ વડે દબાવે છે અને બહાર નીકળતું પાણી કદ માપવાના પ્યાલામાં ભેગું થાય છે) મહેન્દ્ર! અહીં આવ, બોલ! કેટલા ઘન ઈંચ પાણી છે.

મહેન્દ્ર—૨૯૦ ઘન ઈંચ.

શિક્ષક—બધાં તમારી નોટમાં એક ઘનફૂટ હવાનું વજન ગણી કાઢો અને આ ઓરડાની લંબાઈ ૨૦ ફૂટ પહોળાઈ ૨૦ ફૂટ અને ઊંચાઈ ૧૨ ફૂટ છે તો તેમાંની હવાનું વજન કેટલું થાય તે શોધો. (બધા ગણે છે. થોડી વાર પછી નવીન હાથ ઊંચો કરે છે.) નવીન, લાવ તારી નોટ. બરાબર, આના રતલ બનાવી લાવ. (બીજા કેટલાક હાથ ઊંચા કરે છે) વારાફરતી બતાવી જાઓ. બોલો કેટલું વજન થયું?

વિદ્યાર્થીઓ—૩૬૦ રતલ.

શિક્ષક—તમે બધા હવાને વજન છે એટલું જ નહીં પણ તેનું વજન કાઢવું હોય તો કેવી રીતે કાઢી શકાય તે સમજી ગયા હશો. ગોવિન્દ! ઊભો થા. બોલ, હવે આખા હવાસાગરનું વજન કાઢી શકાય કે કેમ?

ગોવિન્દ—હા! વજન કાઢી શકાય. પણ તેનું કદ કેવી રીતે ગણાય! કદ કહો તો ગણી કાઢું.

શિક્ષક—જુઓ, આ શીશીમાં શું છે!

બધા—પારો છે.

શિક્ષક—આ વાડકામાં ઊભી કરેલી પારાથી ભરેલી નળી છે તેમાંથી પારો કેમ નીકળી જતો નહીં હોય? (નવીન હાથ ઊંચો કરે છે). બોલ.

નવીન—નળીના અંદરના પારાનું વજન અને બહારની હવાનું વજન સરખું હશે તેથી તે બહાર નીકળી જતો નથી.

શિક્ષક—બરાબર, જેમ ત્રાજવાના પલ્લાંમાં બન્ને બાજુ સરખું વજન હોય તોજ દાંડી સીધી અને સ્થિર રહે છે, તેમ પ્યાલાના પારાની સપાટી ઉપર નળીમાંના પારાનું દર ચોરસ ઇંચે જેટલું વજન થાય તેટલું જ હવાના મહાસાગરનું વજન પ્યાલાના પારાની સપાટી ઉપર દર ચોરસ ઇંચે હોવાને લીધે પારો બહાર નીકળી જતો નથી. બોલો! અંદરના પારાનું દર ચોરસ ઇંચ સપાટી ઉપર કેટલું વજન હોવું જોઈએ તે કહી શકશો.

મોહન—હા.

શિક્ષક—કેવી રીતે.

મોહન—પારાની ઊંચાઈ માપી તેનું કદ શોધી શકાય અને પારો પાણી કરતાં ૧૩.૬ ગણો ભારે છે એટલે તેનું વજન ગણી શકાય.

શિક્ષક—બરાબર! જુઓ, વાડકાના પારાની સપાટી બહાર પારાથી ભરેલી નળીની લંબાઈ ૩૦ ઇંચ છે. તો પારાનું દર ચોરસ ઇંચ સપાટી ઉપર આવેલું વજન ગણી કાઢો. (થોડી વારમાં ઘણા હાથ ઊંચા કરે છે.)

શિક્ષક—બોલ, રમણ, કેટલું આવ્યું.

રમણ—૧૪.૭ રતલ.

શિક્ષક—બરાબર, બોલો, ત્યારે ૧ ચોરસ ઇંચ પારાની સપાટી ઉપર આવેલી હવાના મહાસાગરની બધી હવાનું વજન કેટલું હશે.

ગજેન્દ્ર—૧૪.૭ રતલ.

શિક્ષક—બરાબર, આને હવાનું દબાણ કહેવામાં આવે છે. બોલો! પર્વત ઉપર પારાની ઊંચાઈ વધશે કે ઘટશે?

જીતેન્દ્ર — ઘટશે.

શિક્ષક — શાથી?

જીતેન્દ્ર — પર્વત ઉપર હવાના મહાસાગરની ઊંચાઈ ઓછી થશે એટલે તેનું વજન પણ ઓછું થાય. તેથી પારાની ઊંચાઈ પણ ઓછી થવી જ જોઈએ.

શિક્ષક — બરાબર, તમે બધા હવે સમજ્યા હશો કે હવાને વજન છે અને હવાના મહાસાગરમાં કોઈ પણ જગ્યાએ એક ચોરસ ઇંચ જગ્યા ઉપર આવેલી બધી હવાના વજનને તે જગ્યાનું હવાનું દબાણ કહેવાય.

વિદ્યાર્થીઓ — હા, હા.

શંકરભાઈ કા૦ પટેલ

પૂરું થતું પખવાડિયું

ગઈ તા. ૧૬મીએ પાકિસ્તાનના વડા પ્રધાન જનાબ લિયાકતઅલીખાન રાવલપિંડીમાં એક જાહેર સભા સમક્ષ ભાષણ કરવા ઊભા થયા તે વખતે તેમના પર ગોળીબાર થયો હતો અને પરિણામે અર્ધા કલાકમાં તેમનું અવસાન થયું હતું. તેમના અકાળ અવસાનથી હિંદભરમાં શોક અને પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિની લાગણી ફેલાઈ ગઈ હતી.

લિયાકતઅલીખાનની જગ્યાએ પાકિસ્તાનના ગવર્નર જનરલ ખ્વાજા નઝીમુદ્દીન વડા પ્રધાન બન્યા છે અને પાકિસ્તાનના નાણાપ્રધાન જનાબ ગુલામ મહંમદ પાકિસ્તાનના ગવર્નર જનરલ થયા છે.

ગઈ તા. ૨૭મી તારીખે અમદાવાદ મુકામે રાષ્ટ્રીય મજદૂર કોંગ્રેસનું ચોથું અધિવેશન જાણીતા મજૂર આગેવાન શ્રી ખંડુભાઈ દેસાઈને પ્રમુખપદે મળ્યું હતું.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩ | છમાસિક „ „ રૂ. ૨

અમદાવાદ, ૧૫મી નવેમ્બર, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં રૂ. ૫; શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ | ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી | મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા | જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

સેવાધર્મ

[સરદારશ્રીના એક પત્રમાંથી]

. . . પણ સેવા કરનારનો પણ ધર્મ છે કે જેની સેવા કરે છે તેને નીતિભ્રષ્ટ થતાં અટકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. એટલે જાહેર સંસ્થામાંથી નાણાં ઉપાડયાં હોય તો તે વખતસર ભરપાઈ કરવાં જોઈએ. તે ન થાય તો ઉપાડનારની શાખ જાય છે અને એ નાણાં અપાવનાર કે આપનાર ઉપર ગુસ્સે થાય છે. એમ થાય તો દયા ડાકણને ખાય એવું થાય.

વર્ધા, ૪-૭-'૩૦

× × ×

મતભેદ હોવા છતાં (સામાની) પ્રામાણિકતા વિષે શંકા ન લાવવી એ જાહેરજીવનનો પ્રથમ પાઠ છે.

૩
સાપની પાસે ન જાઓ

એક શેઠ પરમહંસ પાસે આવ્યા અને બોલ્યા: 'સ્વામીજી, મેં મારી સઘળી સંપત્તિ મારાં કુટુંબીઓને નામે કરી દીધી છે. વેપાર સાથે હવે મારે કશો સંબંધ રહ્યો નથી. સાંભળ્યું છે કે, બધી વસ્તુઓનો ત્યાગ કરવાથી ભગવાનનાં દર્શન થાય છે. મેં તો બધું છોડી દીધું છે. પણ હજી સુધી મને ભગવાનનું દર્શન થયું નથી. એનું કારણ શું હશે?'

શ્રીરામકૃષ્ણે જવાબ આપ્યો: 'શેઠજી, જે વાસણમાં વરસો સુધી તેલ રહ્યું હોય તેમાંથી તેલની વાસ ખૂબ માંજવાથી પણ સહેલાઈથી જતી નથી. એ જ રીતે, સંસારનાં બંધનોમાંથી એકદમ છૂટી જવું અસંભવિત છે. તમે તમારી સઘળી સંપત્તિ બીજાઓને અવશ્ય આપી દીધી છે, પરંતુ મનમાં વૈરાગ્યનો ભાવ એકદમ આવવો સહેલ વાત નથી. જૂની આસક્તિનો થોડોઘણો અંશ રહી જ જાય છે.'

સઘળી માલમિલકત બીજાઓના નામ પર લખી આપવાનાં અનેક કારણો હોઈ શકે. ચિંતામાંથી મુક્ત થવું એ એક કારણ હોઈ શકે છે. માલમિલકત છોડી દેવા માત્રથી જ કોઈ સંન્યાસી ન કહેવડાવી શકે. માયા, મોહ, કામ વગેરેને મનમાંથી એકદમ કાઢી નાખીને ભગવાનની ભક્તિ કરવી જોઈએ. એ પછી જે જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે એ અસલી હોય છે. મનનો વિકાસ થયા વિના જ જો આપણે ધન અને સંપત્તિનો ત્યાગ કરીએ અને પછી એ છોડી

દીધેલા ધનનું જ નિરંતર ચિંતન કર્યા કરીએ તથા એ ચિંતનની બીજા કોઈને ખબર ન પડવા દેવા માટે વિવિધ પ્રકારના ઢોંગ કરતા રહીએ, એના કરતાં તો ગૃહસ્થાશ્રમ જ અનેક ગણો સારો.

જેમાં વીંછી, સાપ વગેરે ઝેરી જીવોનો પણ વાસ હોય એવા જૂના ઘરમાં જો આપણે રહેવાનું થાય તો આપણે ખૂબ સાવધાનીથી રહીશું. એટલા જ સાવધાની ધન અને કામરૂપી સાપની બાબતમાં પણ રાખવી જોઈએ. જરા સરખી પણ ગફલત થવાથી સાપ કયાંકથી અચાનક નીકળી આવી કરડી શકે છે. ઈશ્વરનું સતત ધ્યાન કરો. ગામડાંના લોકો સાપને જ્યારે પણ ફેણ ચડાવતો જુએ છે ત્યારે નાગદેવતાની પ્રાર્થના કરે છે. એટલા માટે કે તે પાછો ચાલ્યો જાય. મંત્રોચ્ચારણથી સાપ ચાલ્યો પણ જાય છે. પરંતુ કામરૂપી સાપ સાથે ખેલ કરવો એ બરાબર નથી. એનાથી દૂર રહેવું જોઈએ. હું સમજવાળો છું, સંયમી છું, મને એ શું કરી શકવાનો છે, એમ કદી ન વિચારવું જોઈએ. સાપની નજીક જવાથી એ અવશ્ય કરડવાનો.

બીજો એક ધનવાન માણસ શ્રીરામકૃષ્ણ પાસે ગયો. તે કહેવા લાગ્યો : 'આપને આપના ખાનગી ખરચ માટે એક મોટી રકમ આપવા ઇચ્છું છું. આ એક લો.'

એ ધનવાન પુરુષે પોતાની એ ઇચ્છા સારા વિચારથી પ્રેરાઈને જ પ્રગટ કરી હતી. પરંતુ પરમહંસે એનો સ્વીકાર ન કર્યો. તેમણે કહ્યું: 'નાજી તમારી પાસેથી એટલા પૈસા લઈ લઉં તો બસ એની જ ચિંતામાં ફસાઈ જાઉં. હું એ નથી ઇચ્છતો.'

ધનવાને ફરીથી આગ્રહ કરતાં કહ્યું: 'આ દાન હું કોઈ સુપાત્રને આપવા ઇચ્છું છું. આપ શાને રોકો છો? આપને પોતાને નામે નહીં તો પછી આપની સેવા-ચાકરી કરતો રહેતો હોય એવા કોઈ માણસના નામ પર મને એ પૈસા જમા કરાવવા દો. પછી આપને એ પૈસાને અડવાની પણ જરૂર નહીં રહે. આપ ના ન પાડશો. મારા પર કૃપા કરો.'

તોપણ શ્રીરામકૃષ્ણ એકના બે ન થયા; બોલ્યા: 'હું પોતે તમારા પૈસા લઉં અથવા તમે કહો છો એવી ગોઠવણ કરી દઉં, એમાં ફેર શો છે? સાચ છુપાવી શકાતું નથી. મારા ઉપયોગને માટે કોઈ બીજા પાસે પૈસા રહે તેથી એના જમા-ઉધારની મને ચિંતા ન સતાવે એ સંભવિત નથી. તમે પોતે જ વિચાર કરો. મને માફ કરજો.'

આમ કહીને શ્રીરામકૃષ્ણે દાન લેવાની ના પાડી. પણ દાન આપનાર મહાશય પણ જલદી માની જાય એવા નહોતા. તેમણે કહ્યું: 'આપ તો વિરક્ત પુરુષ છો, ધીર છો. આપને કોઈ પણ પ્રકારનો ડર કેવી રીતે હોઈ શકે? આપે પોતે જ કહ્યું છે કે, સંપત્તિ અને સ્ત્રીસૌંદર્ય પોતાની સામે સમુદ્રની પેઠે અપારતાથી ફેલાઈ જાય તોયે જે માણસનું મન પવિત્ર હોય, દૃઢ હોય તો તે એમાં કદી ડૂબી શકતો નથી. તેલના ટીપાની પેઠે તે ઉપર ને ઉપર રહેશે.'

શ્રીરામકૃષ્ણ હસી પડયા અને બોલ્યા: 'હા, તમારી વાત બરાબર છે. પણ તેલ ઘણા વખત સુધી પાણીના સંપર્કમાં રહે તો ચોખ્ખા તેલમાં પણ દુર્ગંધ આવવા લાગશે.'

સર્વથા નિર્મળ મનની શક્તિ

હંમેશાં અપાર હોય છે. એવું મન બિપદોને રોકી શકે છે અને આપણને જાળમાં ફસાઈ પડતાં બચાવી શકે છે. પરંતુ વિષની કસોટી પણ વધારે વખત સુધી ન કરવી જોઈએ. વિવેકવાળો માણસ પણ ભૂલ કરી બેસે છે. વાસનાઓથી દૂર રહેવામાં જ લાભ છે. જોઈએ તો ખરા, આપણી શક્તિ કેટલી છે એ ખ્યાલથી જો આપણે વાસનાની પાસે વારંવાર જઈએ તો આપણે અચૂક ફસાઈ પડવાના.

મિથ્યાભિમાન !

જાહેર જીવનના તેમ જ સેવાના ક્ષેત્રમાં ઘણી વાર મિથ્યાભિમાની માણસનું દર્શન થાય છે. સૌને આગળ પડતું સ્થાન મેળવવાના અભળખા થાય છે. પોતાની સાચી શક્તિનું એવા માણસો માપ કાઢી શકતા નથી અને ખોટું અભિમાન રાખી આગળ આવવા જ્યાં ત્યાં માથું માર્યા કરે છે. ઘણી વાર એવા માણસોને સંજોગવશાત્ આગળ આવવાની તક મળે છે, પણ તેને પોતાની શક્તિની સિદ્ધિ માની બેસે છે અને નકામા ફૂલણજી થઈને ફરે છે. એવા લોકોને છેવટે હાર પણ મળે છે. પરંતુ તેઓ નમ્રતાથી પોતાની હાર કબૂલ કરવાને બદલે તેને પણ પોતાના અભિમાનને પોષે એવું સ્વરૂપ આપી દે છે!

અહીં મને એક રશિયન વાર્તા યાદ આવે છે:

શહેરના રસ્તા પર પથરા જડેલા હતા. એક ગાડી આવી અને એક પથરાને ઉખેડતી ચાલી ગઈ. પથરો બોલ્યો : "હું શા માટે આ બીજા બધા પથરા સાથે પડી રહું ? હું તો સ્વતંત્ર જીવન ગાળીશ."

એવામાં રસ્તે થઈને એક છોકરો જતો હતો. તેણે પથરાને હાથમાં લીધો.

પથરો વિચારવા લાગ્યો : "ક્યારની મને મુસાફરી કરવાની ઇચ્છા થતી હતી અને જુઓને તે સફળ પણ થઈ! 'મન હોય તો માળવે જવાય.' પૂરેપૂરા બળથી ઇચ્છા એક વાર કરીએ તો તે પાર પડયા વિના રહે નહીં."

ત્યાં તો છોકરાએ પથરાને સામેના એક મકાન પર ફેંક્યો! પથ્થરે વિચાર્યું : "મને ક્યારનું ઊડવાનું મન થતું હતું અને છેવટે ઊડ્યો તો ખરો! મનથી એક વાર નક્કી કર્યું એટલે બસ."

પથરો જોરથી કાચની બારી સાથે અફળાયો. કાચના ચૂરેચૂરા થઈ ગયા! કાચ ચીસ પાડીને બોલી ઊઠયો : "અરે જંગલી, આ તેં શું કર્યું ?"

પથરો ગર્વથી બોલ્યો : "મારા રસ્તા વચ્ચે તું આવ્યો શા માટે ? મારા રસ્તાની આડે આવનાર પર મને ખૂબ ચીડ ચડે છે. મારી સગવડ પહેલી, પછી બીજી વાત; એવો મારો સિદ્ધાંત છે."

એવામાં પથરો તો સુંવાળી પથારી પર જઈને પડ્યો! તે વિચારવા લાગ્યો : "હાશ! ઊડવાનો ખૂબ થાક લાગ્યો હતો. જરા આરામ કરી લઉં."

એક નોકર આવ્યો. ચોખ્ખી પથારી પર પથરાને પડેલો જોઈ તે ગુસ્સે થઈ ગયો. તેણે તે પથરાને ઉપાડ્યો અને બારીની બહાર ફેંકી દીધો.

પથરો પાછો રસ્તા પર જઈને પડ્યો! પથરો પોતાના સાથીઓને કહેવા લાગ્યો : "કેમ છો દોસ્તો! હું હમણાં પેલા મોટા ઘેર તેના માલિકને મળવા ગયો હતો. પણ ધનવાનોના જીવનમાં મને જરાયે રસ પડ્યો નહીં. સામાન્ય જનતા માટે મારું હૃદય તલસી રહ્યું, એટલે હું તમારી પાસે પાછો આવ્યો છું! મને તમારા વિના ચેન ક્યાંથી પડે ?"

સુકુલભાઈ

મોટા માણસોનાં મન

(૧૨)

શ્રી દાદાભાઈ નવરોજી હિંદના દાદા તરીકે જાણીતા છે. તેમનું લગ્ન બાળપણમાં થયું હતું. દાદાભાઈ તો મોટા થઈ ભણીગણીને અધ્યાપક બન્યા. તે વખતે તેમની વૃદ્ધ માતાને તેમના લગ્ન વિષે દુઃખ થતું. પોતાના આવા વિદ્વાન પુત્રની આવી અભણ સ્ત્રી? માતા તેમને ફરીને મનપસંદ લગ્ન કરવા ખૂબ આગ્રહ કરતી. દાદાભાઈ માતાનું વચન કદી ઉથાપતા નહીં.

એક દિવસે માતાએ લગ્નની બાબતમાં ખૂબ આગ્રહ કર્યો, ત્યારે દાદાભાઈ શાંત અવાજે બોલ્યા:

"માયજી, એક વાત સાંભળી લો. ઘડીભર વિચારો કે, તમે મને ભણાવ્યો ગણાવ્યો ને આજે મારી પત્ની અભણ છે. પણ એથી ઊલટી સ્થિતિ હોત, મારી સ્ત્રી ભણેલીગણેલી હોત ને હું સાવ અભણ પતિ હોત તો શું તમે પત્નીનાં લગ્ન બીજા કોઈ ધણી સાથે કરત ખરાં કે?"

સ્નુવભાઈ

'હું હરિજન છું'*

'તું હરિજન છે?'

શું જવાબ આપું! કહું કે હા, હું હરિજન છું, તો લોકો સમજશે કે હું અછૂત છું. પરંતુ હવે આપણો દેશ આઝાદ થયો છે. એટલે હિંદની સમગ્ર પ્રજાએ જાહેર કર્યું છે કે અમારા દેશમાં હવે પછી કોઈને અછૂત યા અસ્પૃશ્ય માનવામાં નહીં આવે. હવે મને કોઈ માણસ જ્યાં આગળ દેશની આમ-જનતાને જવાનો, બેસવાનો, અડકવાનો નાહવાનો વગેરે અધિકાર છે એવી જગ્યાએ જતો, બેસતો, અડકતો કે નાહતો રોકી નહીં શકે. હવે કોઈ મને

* એ પાઠ્યપુસ્તક માટે આપેલો પાઠ.

એમ ન કહી શકે કે, 'તું બાજુએ ખસી જા, હું અભડાઈ જઈશ. ત્યાં ન જા, એ હરિજનો, અછૂતો માટે બંધ છે.' અગર જો કોઈ મને રોકે તો તે ગુનો થાય છે, એટલે હવે હું અછૂત તો નથી રહ્યો.

તો હું એમ કહું કે 'એક સમયે હું હરિજન હતો, પણ હવે નથી.' એમ પણ કેવી રીતે કહું? એક વાત તો એ કે, કાયદાએ મને પ્રજામાં સમાનતાનો હક આપ્યો છે એ ખરું, પણ દેશનો કોઈ બ્રાહ્મણ, જમીનદાર, જાગીરદાર કે વાણિયો મારી સાથે અછૂતપણાનો વર્તાવ ન કરે એવો ભરોસો મને નથી. એમ કરવું એ કાયદાથી ગુનો થાય એ વાત સાચી. પરંતુ હું એક ગરીબ, અભણ, નિરાધાર માણસ છું. મોટા માણસોની સામે અદાલતમાં જવાની તાકાત હું ક્યાંથી લાવું? સમજુ લોકો પોતે જો મને પ્રેમથી ન અપનાવે તો કાયદો મને કેટલી મદદ કરી શકવાનો હતો? આખરે તો સમજુ લોકો જેટલા પ્રમાણમાં મને ન્યાય આપશે, મને છાતી સરસો ચાંપશે અને મને સરખો કરશે તેટલા પ્રમાણમાં જ મારું અછૂતપણું મટવાનું છે. તો પછી હું કેવી રીતે કહું કે હું હરિજન નથી?

વળી એ સવાલ પણ ઊઠે છે કે હું જો હરિજન ન હોઉં તો હું કોણ છું? શું હું મહાજન છું કે દુર્જન?

કયે મોઢે હું મને મહાજન કહું? મારી પાસે જમીન નથી, પૈસા નથી, વેપાર નથી. હું ભણેલોગણેલો માણસ પણ નથી. મારાં કપડાં ફાટ્યાંતૂટ્યાં અને મેલાં છે. મોટા લોકો મને તેમની બહુ નજીક નથી આવવા દેતા. પોતાની શેતરંજી કે ખુરશી પર નથી બેસાડતા. હું ઘરડો થાઉં તોયે મને 'તમે', 'કાકા', 'બાબા' નથી કહેતા. વીસ માણસ વચ્ચે મારું અપમાન કરવામાં આવે છે. 'પહેલી લાત અને પછી વાત' એ ન્યાયે મારી સાથે તેઓ વર્તે છે. શું કહું? કદી કદી મને જોડાથી પણ મારવામાં આવ્યો છે. વળી હું પૈસા-પૈસા માટે લાચાર છું. કરજમાં ફસાયેલો છું. બીડી શરાબ વગેરેના નશામાં ડૂબેલો છું. મને નથી કોઈ વિદ્યા શીખવવામાં આવી કે નથી કોઈ હુન્નરઉદ્યોગ શીખવવામાં આવ્યો. હું કોઈ પ્રતિષ્ઠિત, સાફસૂથરો ધંધો કરી નથી શકતો, કેમ

કે મને તે આવડતો જ નથી. નાનપણથી હું ગાળો સાંભળતો આવ્યો છું, એટલે એ જ મારી બોલી થઈ ગઈ છે. બચપણથી માર અને ગુસ્સો સહેતો આવ્યો છું એટલે હું પણ મારાં બાળકો તેમ જ પત્નીને જરા જરામાં મારું છું, તેમના પર ગુસ્સો કરું છું. મને મોટાઓની પતરાળી સાફ કરીને, એઠું જૂઠું ખાઈને, મુડદાલ માંસ ખાઈને, ગંદકી સાફ કરીને, મેલાં કુચેલાં કપડાં માગીને અને પહેરીને ગુજારો કરવા ટેવ પાડવામાં આવી છે. નાહવું ધોવું, સાફસૂથરા રહેવું એ બ્રાહ્મણો અને જાગીરદારોનો ધર્મ છે, અમારે માટે એ નથી એવું જ મને શીખવવામાં આવ્યું છે. આથી મારી આદત એવી જ થઈ ગઈ છે, એના પર મને જરાયે સૂગ નથી ચડતી. તમે સફાઈની વાત કરો છો, પણ મને એ ટેવ પાડવી હવે મુશ્કેલ લાગે છે. તો પછી કેવી રીતે કહું કે હું મહાજન છું?

તો શું હું દુર્જન છું? દુર્જન તો હું હરગિજ નથી જ. મહાજન બનવાની તો કદી કદી ઇચ્છા થઈ આવે છે. આપણા આંબેડકર અને જગજીવનરામ અમારામાંથી જ મહાજન થયા છે. હું પણ કેમ ન થાઉં? હૃદય તો આખરે સૌનાં સરખાં જ છે! બધાં માણસોમાં એક જ જાતની ઉમેદ પેદા કરે છે. એટલે કોઈ વાર રાષ્ટ્રપતિ બનવાની ઇચ્છા પણ થઈ આવે છે. પણ દુર્જન બનવાની તો કદી ઇચ્છા નથી રાખતો. હું ભગવાનને માનું છું, અને ભગવાનને પ્રાર્થના કરું છું કે તે મને કદીયે દુર્જન ન બનવા દે. હું રોજ ભગવાનનું નામ લઉં છું. તેને હાથ જોડું છું અને માગું છું કે જે રસ્તે જવાથી ભગવાનની કૃપા થાય એ જ રસ્તો મને દેખાડજે, જે સંતોનો, ભગવાનના ભક્તોનો રસ્તો છે તે પર જ મને રાખજે. ખોટે રસ્તે જતો મને રોકજે, કેમ કે, તે દુર્જનોનો રસ્તો છે, અને એ રસ્તે જનારાઓ પર ભગવાન નારાજ થાય છે. ભગવાનનો ભક્ત થવામાં હું હજી સુધી સફળ નથી થયો. પરંતુ મારી શ્રદ્ધા તો હરિભક્તિમાં જ છે. તો હું મને દુર્જન કેવી રીતે કહું?

વળી આપણા મહાત્માજી—ગાંધીજી—બાપુજીએ અમારે માટે 'હરિજન' નામ પસંદ કર્યું છે. તેમણે કહ્યું છે કે લોકો બધે અમારી સાથે પૂરી રીતે વર્તે, અમને દૂર રાખે, પણ

ભગવાન અમને છોડશે નહીં. અમે તેને છોડવા ઇચ્છીએ તોયે તે અમને છોડતો નથી. તે ગરીબ-નવાજ છે, દીન-દુખિયાંનો બેલી છે. પતિતપાવન છે. તે અમને તેની પાસે બોલાવે છે એટલા માટે મહાત્મા ગાંધીએ અમને 'હરિજન' નામ આપ્યું. તેમણે કહ્યું કે દુનિયામાંથી અછૂતપણું દૂર કરીને અને ઊંચનીચનું ગુમાન છોડી દઈને દરેક માણસે હરિજન બનવું જોઈએ. ભારતવર્ષની સમગ્ર જનતાએ હરિજન નામ ધારણ કરવું જોઈએ.

આ બધો વિચાર કરીને હું એ જ જવાબ આપું છું કે :

'હા જી, હું હરિજન છું.'

(હિન્દી પરથી) કિશોરલાલ મશરૂવાળા

મીઠું—કાચા માલનો પુરવઠો

આખી પૃથ્વી ઉપર ઘણા બહોળા વિસ્તારમાં મીઠું રહેલું છે. જમીનના નાના મોટા અનેક ખડકામાં તે રહેલું છે. કેટલેક ઠેકાણે મીઠાની ખાણો મળી આવે છે. ખાણનું મીઠું 'સિંધવ' અગર 'સિંધાલૂણ' નામે ઓળખાય છે. આ ખાણોમાંથી ખોદીને કાઢવામાં આવતા સિંધવમાં ઘણો મોટો ભાગ મીઠાનો હોય છે. વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણિજ-સૃષ્ટિમાં પણ મીઠું ઠીક ઠીક હોય છે. કેટલેક સ્થળે જમીનમાં મીઠું ખૂબ હોય છે. તેથી તે સ્થળે ખારવાળું પાણી મળી આવે છે. કેટલેક સ્થળે મોટાં મોટાં તળાવો આવેલાં હોય છે અને આ તળાવોમાં વરસોવરસ જમીન ઉપરનો ખાર વરસાદ મારફત ઘસડાઈ આવતો હોય છે. વરસોથી જમા થયેલા આવા ખારને કારણે આવાં તળાવનાં પાણી ખારાં હોય છે. દરિયામાં તો વરસોવરસ અનેક નદીઓનાં પાણી ઠલવાયાં કરે છે. આ નદીઓ જમીનના બહોળા વિસ્તાર-માંથી ખાર લાવી દરિયામાં ઠાલવે છે. નદીનાં પાણી મીઠાં લાગે છે. તેમાં ક્ષારનું પ્રમાણ અત્યંત અલ્પ હોય છે. પણ વરસોવરસ દરિયામાં આવતો ખાર ખૂબ હોય છે. દરિયાનું પાણી ઊડતું જ જાય અને ઊડી ગયેલા પાણીનાં વાદળાં થાય, તેમાંથી વરસાદ આવે. આ વરસાદનું પાણી જમીન ઉપરનો ખાર ઘસડી નદી-ઓમાં લઈ જાય અને એ નદી ફરી સમુદ્રમાં મળે. આમ વરસોવરસ ચાલ્યાં કરે. આમ દરિયામાં ખાર જમા થતો જ

જાય. દરિયાના ખારમાં મોટો ભાગ મીઠાનો હોય છે.

એવી ગણતરી કરવામાં આવી છે કે દરિયાની એકંદર સપાટી ૧૩૧૦ લાખ ચોરસ માઈલની છે. તેમાંનું બધું પાણી ઊડી જાય અને એકલો ખાર રહે તો એ ખારનું પડ ૧૯૬ ફૂટ જેટલું જાડું બાઝે. ૧૩૧૦ લાખ ચોરસ માઈલની સપાટી ઉપર બાઝેલા ૧૯૬ ફૂટ જાડા ખારના પડમાં ૧૫૫ ફૂટનો થર તો નર્યા મીઠાનો જ હોય. કેટલું બધું મીઠું! એટલે મીઠું બનાવવા માટે મોટે ભાગે દરિયાના ખારા પાણીનો જ ઉપયોગ કરવો રહ્યો.

દરિયાની બાજુમાં ખાડાખાબડા વિસ્તારમાં, મોટો જુવાળ આવે ત્યારે પાણી ભરાઈ જાય. અને બીજો જુવાળ આવતા સુધીમાં આમાંનું કેટલુંક પાણી ઊડી જાય. આવું વારંવાર બનવાથી આવા ખાડાખાબડા વિસ્તારમાં જમીન ઉપર ખારનાં પડ બાઝે. આ ખારમાં મોટો ભાગ મીઠાનો હોય.

કચ્છના રણમાં પહેલાં દરિયો હતો. દરિયો ખસી જવાથી અગર તો રણની સપાટી ઊંચી આવવાથી હાલ ત્યાં દરિયો નથી. પરંતુ ત્યાંની જમીનની અંદર ખારનો સારા જેવો ભાગ છે. એ રણમાં પચેલું પાણી કાઢવામાં આવે તો તેમાં એ ખાર આવવાનો જ. આવા ખારમાંથી પણ મીઠું બનાવી શકાય.

જમીનના ખડકોમાં રહેલા મીઠાની ખાણો દુનિયાના કેટલાક વિસ્તારમાં જોવા મળે છે. હિંદુસ્તાનમાં પણ સિંધવની ખાણો હતી. તેમાંની ઘણીખરી પાકિસ્તાનની હદમાં આવેલી છે. આજે હિંદીસંઘમાં ફક્ત 'મંડી'નો એક જ 'સિંધવ'વાળો પ્રદેશ આવેલો છે.

હિંદુસ્તાન દ્વીપકલ્પ છે. એની ત્રણે બાજુ દરિયાનાં પાણી છે. કચ્છના રણમાં ભારોભાર મીઠું પડ્યું છે. રજપૂતાનાના વિસ્તારોમાં સાંભર, ડીડવાણા ઇ. પ્રદેશોની જમીનમાં પાર વગરનું મીઠું છે. આમ છતાં આપણે પરદેશથી મીઠું મંગાવવું પડે છે. આપણે ત્યાં મીઠાનું ઉત્પાદન ઓછું છે. મીઠાનું ઉત્પાદન વધારવા શું શું થઈ શકે તે માટે હિંદ સરકારે મીઠાના વિષયમાં નિષ્ણાત માણસોની એક કમિટી નીમેલી. અને તેમના સૂચનને આધારે મીઠાનું ઉત્પાદન વધારવાના અનેક પ્રયત્નો થઈ રહ્યા છે.

[illegible] ગાંધી

હવાના ગુણધર્મો

ચોખ્ખી હવાને રંગ નથી, સ્વાદ નથી કે ગંધ નથી એટલું જ નહીં તેને તો પોતાનું કદ પણ નથી અને આકાર પણ નથી. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે મોકો મળે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે ભરાઈ જાય છે. આપણે કપડું કાઢીએ કે તરત જ તેની જગ્યાએ હવા ભરાઈ જશે. બાલદીમાંથી પાણી લઈએ કે તુરત તેની જગ્યા તે ભરી દેશે. વળી બીજી વસ્તુને જગ્યા કરી આપવામાં પણ એટલી જ અનુકૂળ થઈ જાય છે. કોઈ વસ્તુ આવે કે પોતે ખસી જાય છે અને તેને જગ્યા કરી આપે છે. એક શીશાને બે કાણાંવાળા રબરના દાટા વડે બરાબર બંધ કરી એક કાણામાં ગળણી અને બીજા કાણામાં નળી દાખલ કરી, ગળણી મારફત પાણી રેડવામાં આવે તો બીજી નળી મારફત હવા નીકળતી માલૂમ પડશે.

હવે જો બીજી નળીને અંગૂઠા વડે બંધ કરી દેવામાં આવે તો હવા બહાર નીકળી શકશે નહીં. તેમ છતાં અંદરની હવા પોતે બને તેટલી હદ સુધી સંકોચાઈને પણ બહારથી આવતા પાણીને જગ્યા કરી આપશે. પછી જ્યારે પોતે વધુ સંકોચાઈ ન શકે ત્યારે બહારથી આવતા પાણીને રોકશે એટલે કે તેને પોતાનું કદ નથી પરંતુ પોતે થોડીઘણી પણ જગ્યા તો બીજા ઘન તથા પ્રવાહી પદાર્થો માફક જ રોકે છે. બરણીને વાંકી વાળવામાં આવે તો પાણી ગળણી મારફત બહાર નીકળવા લાગશે કે તુરત અંદરની હવા પાછી ફૂલી વધેલી જગ્યા ભરી દેશે. એટલે કે તે સ્થિતિ-સ્થાપક છે. તે સંજોગો પ્રમાણે સંકોચાઈ જાય છે અને સંજોગો પ્રમાણે ફૂલે પણ છે, કારણ તેના કણો ઘન કે પ્રવાહી પદાર્થોના કણોની માફક એકબીજા સાથે જોરથી બંધાયેલા કે જોડાયેલા હોતા નથી. એટલે કે તેના કણો વચ્ચે સંઘાતબળ ઘણું જ ઓછું હોય છે.

એક ત્રાજવું લઈ એક પલ્લામાં ખાલી સંકોચાયેલો જ રબરનો ફૂગો મૂકીએ અને બીજા પલ્લામાં તેના જેવડો જ પરંતુ હવાથી ભરેલો ફૂગો મૂકી ત્રાજવું ઊંચું કરવામાં આવે તો

હવા ભરેલા ફૂગા તરફનું પલ્લું નમેલું માલૂમ પડે છે તે બતાવી આપે છે કે હવાને પણ વજન છે. હવા ઘણી જ હલકી છે. એક ઘનફૂટ હવાનું વજન ત્રણ રૂપિયાભાર કરતાં પણ ઓછું થાય છે જ્યારે તેટલા જ પાણીનું વજન ૬૨ા રતલ અથવા ૨૭૦૦ રૂપિયાભાર થાય છે. હવા કરતાં પાણી ૯૦૦ ગણું ભારે છે. તેમ છતાં તે ૬૨૫ માઈલ કરતાં પણ વધુ ઊંચાઈ સુધી પૃથ્વીની ચારેતરફ આવેલી હોવાથી તેના કુલ વજનનો વિચાર કરીએ તો નવાઈ લાગશે કે તે ૬૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ટન થાય છે, કે જે આખી દુનિયાની વસ્તી કરતાં પણ ૩૦૦,૦૦૦ (ત્રણ લાખ) ગણા ટન છે.

દરેક માણસ અથવા વસ્તુની આજુબાજુ તથા ઉપર ૬૨૫ માઈલ સુધી તો હવા આવેલી જ છે તેમ છતાં તેનાથી માણસ કે વસ્તુ ચગદાઈ કેમ જતી નહીં હોય તે વિચારવા જેવી બાબત છે.

એક ટિનના ડબામાં થોડું પાણી લઈ ખૂબ ગરમ કરીએ તો અંદરનું પાણી ઊકળવા લાગશે. અને વરાળના ગોટેગોટા બહાર નીકળશે તથા અંદરની બધી હવાને બહાર કાઢી મૂકશે. હવે જો તેનું ઢાંકણું બરાબર ચસ્ત કરી બંધ કરીએ અને તેને ઠંડા પાણીના હોજમાં નાખીએ તો તેની અંદરની વરાળ ઠરી જઈ પ્રવાહી પાણી થઈ જશે કે જે વરાળ કરતાં ૧૬૦૦મા ભાગની ફક્ત જગ્યા રોકે છે, એટલે પાણીની સપાટી ઉપર ખાલી જગ્યા ઉત્પન્ન થશે. બહારની હવા તેને દાબી દેશે અને તે કચડાઈ જશે. જ્યારે તે ઉઘાડો રાખવામાં આવે છે ત્યારે બહારની હવા તેને દાબી કચડી શકતી નથી તે બતાવી આપે છે કે હવા જો વાસણમાં અંદર અને બહાર હોય તો અંદરની હવાનું દબાણ પણ બહારની હવા જેટલું જ રહે છે એટલે કે હવામાં એક જ બિંદુ આગળ દબાણ બધી દિશામાં સરખું રહે છે. પરંતુ જો અંદરની હવા કાઢી તેને હવાચુસ્ત રીતે બંધ કરવામાં આવે તો બહારની હવાનું દબાણ તેને દાબી શકે છે.

હવાનું દબાણ કોઈ પણ જગ્યાએ તેની ઉપર આવેલા હવાના કુલ પડના વજન ઉપર આધાર રાખે એટલે ઊંડે ખીણમાં જઈએ તો દબાણ વધે અને

ઊંચે પર્વત ઉપર જઈએ તો દબાણ ઘટે કારણ હવાના મહાસાગરની ઊંચાઈ બદલાય તેમ તેમ તેના વજનમાં પણ ફરક પડે જ.

પર્વત ઉપર હવા ખાવા ઉનાળામાં જઈએ ત્યારે આપણે જાણીએ છીએ કે દાળ ચઢતાં વાર લાગે છે. તેનું પણ કારણ એ જ છે કે પર્વત ઉપર પાણીનું ઊકળબિંદુ ઓછું થઈ જાય છે તેથી પર્વત ઉપર રાંધવા માટે હવા ચુસ્ત રીતે બરાબર બંધ કરી શકાય તેવી તપેલી વાપરવામાં આવે છે. જેથી તેની અંદરના પાણીની વરાળ થતાં અંદર દબાણ વધે અને સાથે સાથે પાણીનું ઊકળબિંદુ પણ વધે.

શંકરભાઈ પટેલ

કેનિયાની ગૌશાળા

ગાયોની વ્યવસ્થિત સંભાળ કેવી રીતે રાખવી જોઈએ તેનો ખ્યાલ મને કેનિયા (આફ્રિકા)ની એક ડેરી જોવાથી આવ્યો. તેનું વર્ણન આપણા પાક્ષિકના વાચકોને ઉપયોગી થશે એમ માનીને લખી મોકલું છું.

કેનિયામાં આવેલ પ્રખ્યાત નૈરોબી શહેરથી ૨૫ માઈલ દૂર કુરી નાગની જગ્યાએ કેનિયા ડેરી ફાર્મની એક શાખા આવેલી છે. તે ૪૦ માઈલના વિસ્તારમાં આવેલી છે અને તેમાં ૫૦૦૦ ગાયો છે. તે ગાયોની વૈજ્ઞાનિક ઢબે માવજત કરવામાં આવે છે અને તેમને ઉછેરવામાં આવે છે.

આ ડેરીની ગાયોને હરરોજ સવારે ત્રણ વાગ્યે ગરમ અને ઠંડા પાણીના ફુવારામાંથી પસાર કરવામાં આવે છે. તેનું પાણી જંતુનાશક દવાથી મિશ્રિત કરેલું હોય છે. ફુવારા-સ્નાન પછી તેમને કપાસિયાનો ભૂકો ગોળ સાથે મેળવીને ખાણ તરીકે આપવામાં આવે છે. એક બાજુ ગાયો ખાણ ખાતી હોય ત્યારે બીજી બાજુ તેમના આંચળો સાથે નોકરો અમુક જાતનાં રબરની નળીઓને જોડી દે છે. એ નળીઓને મોટા એલ્યુમિનિયમના હોજ સાથે જોડેલી હોય છે. દોહવાનું મશીન ચાલુ થાય એટલે દૂધ દોવાઈને હોજમાં એકઠું થાય છે. અને સાત મિનિટમાં દરેક ગાયનું આવડું દૂધ વિનાનું થઈ જાય છે. આ ક્રિયા કરવામાં હવા મુખ્ય કામ કરે છે અને આંચળને

કંઈ ઈજા થતી નથી. દૂધ દોવાઈ જાય એટલે રબરની નળીઓને વીજળીથી ચાલતા યંત્રથી સાફ કરી દેવામાં આવે છે અને ગાયોના આંચળને ધોવામાં આવે છે.

પછી ગાયોને ચરવા લઈ જવામાં આવે છે. બપોરે બે વાગ્યે પાછી ગૌશાળામાં લાવીને, ખાણ વગેરે આપવામાં આવે છે. અને ઉપરની માફક સાંજે ફરી દોહવામાં આવે છે.

દોહેલા દૂધને શીશીઓમાં પેક કરવામાં આવે છે અને બરફથી ઠંડા કરેલા ડબાઓમાં ગોઠવીને નિયત સ્થળે પહોંચાડવામાં આવે છે. સરકારે નિયમ કર્યો છે કે, દરેક ડેરીનું દૂધ સવારે ૯ વાગ્યે આખા દેશમાં ગમે તે સ્થળે પહોંચી જવું જ જોઈએ. આથી સવારના જે સમયે નૈરોબીનો નાગરિક જે સમયે દૂધ પીતો હોય તે જ સમયે મોમ્બાસાનો નાગરિક પી શકે છે.

દૂધનાં વાસણોને ખળખળતા ગરમ પાણીથી ધોવામાં આવે છે અને ડેરીમાં દૂધનો ડાઘ ન રહે તેની કાળજી રાખવામાં આવે છે. વધેલા દૂધનું યંત્રથી માખણ બનાવીને ઠંડાગારોમાં રાખવામાં આવે છે. આ બધું કામ ઘડિયાળના કાંટાની માફક નિયમિત અને વ્યવસ્થિત થાય છે અને પૂરેપૂરી સ્વચ્છતા જળવાય છે.

માંદી અને રોગાળી ગાયોને મારી નાખે છે, જેથી તેનો રોગ બીજીને ન લાગે. દરેક ગાયને દર સોમવારે તેના નિષ્ણાત દાક્તર તપાસે છે અને યોગ્ય સારવાર કરે છે.

ગાયોને કૃત્રિમ વીર્યદાન પણ વૈજ્ઞાનિક ઢબે આપવામાં આવે છે. સારા સાંઢના વીર્યને ઈંગ્લન્ડથી દર અઠવાડિયે એરોપ્લેનમાં લાવવામાં આવે છે અને તેનો શાસ્ત્રીય ઢબે ઉપયોગ કરીને ઉત્તમ ઓલાદનાં ઢોર પેદા કરવામાં આવે છે.

અલબત્ત અહીંની ગાયો ડેન્માર્કની ગાયો જેટલું દૂધ આપતી નથી. ૧૮થી ૨૦ રતલ જેટલું દૂધ આપે છે. વધુમાં વધુ ૩૦ રતલ આપી શકે છે. આપણા દેશની ગાયો ટંકે ૨થી ૩ રતલ આપે છે તે હિસાબે આ ઘણું વધારે છે. આપણે ત્યાં પણ પદ્ધતિસર કામ થાય તો શા માટે આવી ગાયો ન થઈ શકે?

કુરિયા (યુગાન્ડા), સૂર્યકાન્ત પટેલ
૨૮-૯-'૫૧

પૂરું થતું પખવાડિયું

કાશ્મીરની બંધારણસભાની બેઠક ગઈ ૧લી નવેમ્બરથી શરૂ થઈ છે.

રાજાજીએ મધ્યસ્થ સરકારમાંથી ગૃહપ્રધાનના પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે. હવે તેઓ નિવૃત્તિમય જીવન ગાળવા ઇચ્છે છે.

રાજાજીને સ્થાને ગૃહપ્રધાન તરીકે બંગાળના ગવર્નર શ્રી કૈલાસનાથ કાટ્જુની નિમણૂક કરવામાં આવી છે. શ્રી કાટ્જુની જગ્યાએ બંગાળના ગવર્નર તરીકે બંગાળના જાણીતા ખ્રિસ્તી આગેવાન શ્રી ચેટરજીની નિમણૂક કરવામાં આવી છે.

ભારતની વડી અદાલતના વડા ન્યાયાધીશ નાયમૂર્તિ કણિયાનું ગઈ તા. ૬ ઠ્ઠીએ હૃદય બંધ પડવાથી મરણ થયું છે. રાષ્ટ્રપતિએ તેમની જગ્યાએ વડી અદાલતના ન્યાયાધીશ શ્રી પતંજલિ શાસ્ત્રીની વડા ન્યાયાધીશ તરીકે નિમણૂક કરી છે.

નેપાળના પ્રધાનમંડળના કૉંગ્રેસ પક્ષના પ્રધાનોએ પોતાનાં રાજીનામાં આપી દીધાં છે. રાજીનામાનું કારણ પ્રધાનમંડળમાં વિચારોની એકતાનો અભાવ છે એમ જણાવવામાં આવે છે.

ઇંગ્લંડમાં તાજેતરમાં થયેલી સામાન્ય ચૂંટણીમાં મજૂર પક્ષની હાર થઈ છે. અને કૉન્ઝરવેટિવ પક્ષને વધુમતી મળી છે. આથી એ પક્ષના આગેવાન વિન્સ્ટન ચર્ચિલે પોતાના પક્ષનું પ્રધાનમંડળ રચ્યું છે.

મ૦

વિષયસૂચિ		પૃષ્ઠ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪ — અંક ૮

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક ,, ,, રૂ. ૨

અમદાવાદ, ૧લી ડિસેમ્બર, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫ શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
જગતભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

પુરુષાર્થ એ જ ધર્મ

[સરદારશ્રીના પત્રમાંથી]

. . . ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે એમ માનવું. વળી આ જગતમાં આપણું કર્યું કે ધાર્યું કંઈ થતું નથી. કર્તા-હર્તા ઈશ્વર છે. માણસ તો માત્ર નિમિત્ત બને છે. એટલે પ્રયત્ન કે પુરુષાર્થ એ જ ધર્મ છે. બાકી જે થાય તેમાં આનંદ માનવો અને તેમ ન થાય તો સંતોષ માનવો જ જોઈએ નહીં તો જીવન વિના કારણ ખારું થઈ જાય. . . .

બેંગલોર, ૬-૮-'૩૦

× × ×

. . . માણસમાત્ર ભૂલને પાત્ર છે. પણ નિર્દોષ ભૂલ ક્ષમ્ય હોય છે.

૨૦-૧-'૩૧

મોટા માણસોનાં મન

(૧૩)

સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ જયપુરમાં કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા એક દિવસ જીપ-ગાડીમાં બેસીને આવતા હતા. સરદારશ્રી આગલી બેઠક પર બેઠા હતા અને મણિબહેન પાછળની બાજુએ બેઠાં હતાં. જીપ-ગાડી 'નેતા શિબિર'ના પ્રવેશ-દ્વાર પાસે આવીને ઊભી રહી. સરદારશ્રી ધીમેથી ઊતરવા લાગ્યા. એક પગ જમીન પર મૂક્યો અને બીજો પગ હજી મોટરમાં જ હતો. એવામાં ડ્રાઈવરે એમ માન્યું કે, સરદારશ્રી મોટરમાંથી ઊતર્યા છે અને તેણે જીપ-ગાડી ચાલુ કરી દીધી. મોટર ચાલતાં જ સરદારશ્રી જમીન પર ગબડી પડયા. એમને થોડું વાગ્યું પણ ખરું.

તરત જ 'નેતા શિબિર' પાસે ઊભેલા લોકો દોડી આવ્યા અને સરદારશ્રીને મદદ કરવા લાગ્યા. શીખ ડ્રાઈવર ગાડીને પાછી ફેરવીને ત્યાં આવી પહોંચ્યો. તે બિચારો ધ્રૂજી રહ્યો હતો અને બીકના માર્યા તેનું મોં પડી ગયું હતું. તેને થયું કે, સરદારશ્રી જરૂર ગુસ્સે થઈ જશે.

સરદારશ્રી ધીમેથી ઊઠયા. પરંતુ તેમના મુખ પર જરાયે ગભરામણ કે ગુસ્સાનું ચિહ્ન ન હતું. તેઓ સ્વસ્થ હતા. આસપાસના લોકોને પણ મનમાં થતું કે, સરદારશ્રી ડ્રાઈવરને ઠપકો આપશે. પરંતુ સરદારશ્રી તો ડ્રાઈવરને કે કોઈને કંઈ પણ કહ્યા વિના મણિબહેનની સાથે શાંતિથી શિબિર તરફ ચાલવા લાગ્યા!

મુકુલભાઈ

કહેવત-કથાઓ

કેટલાક લોકો વાત કરતાં કરતાં વચ્ચે કવિતાની લીટી જેવું ટૂંકું વાક્ય બોલે છે. તેથી તેમના કહેવાનો ભાવ ઝટ સમજાઈ જાય છે. એવાં વાક્ય 'કહેવત' કહેવાય છે. અરબ લોકો તો માને છે કે, 'ભોજનમાં જેમ નમક, તેમ બોલીમાં કહેતી.' સારામાં સારું ભોજન પણ જેમ મીઠા વગર બેસ્વાદ લાગે, તેમ સારું લખાણ કે વાત પણ કહેવતના ઉમેરા વિના ઝમકદાર કે અસરકારક બને નહીં.

જુદી જુદી કહેવતો જુદા જુદા પ્રસંગો ઉપરથી ઊભી થાય છે. તે પ્રસંગોની વાત જાણવાની બહુ મજા આવે. ઘણી વાર એ વાતો ભુલાઈ પણ જાય છે. કેટલીક વાતો પછીથી પણ જોડી કાઢવામાં આવે છે. એવી કહેવતોની કેટલીક વાતો સાંભળો.

૧. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં

એક ભરવાડણ રોજ પાસેના શહેરમાં દૂધ વેચવા જાય. રસ્તામાં એક છીછરી નદી આવતી હતી. એક દિવસ તેની દાનત બગડી. તેણે નદી ઓળંગતી વખતે થોડું પાણી દૂધમાં ઉમેરી લીધું. દૂધ વેચીને વધારે પૈસા મળવાથી રાજી થતી થતી તે પાછી ફરી. નદી ઓળંગતી વખતે તે નીચે નમી પોસ ભરીને પાણી પીવા લાગી. તે વખતે તેના ખીસામાંથી થોડા પૈસા પાણીમાં પડી ગયા. તેણે નીચા નમીને તે પૈસા શોધવા ઘણી મહેનત કરી; પણ તે હાથ આવ્યા નહીં. તેથી તે ઘણી હાય-વોય કરવા લાગી. તે વખતે તેની સાથે આવેલી બીજી ભરવાડણે તેને કહ્યું, 'બાઈ, નકામી હાય-વોય શું કામ કરે છે? આજે તેં નદીનું પાણી દૂધમાં ભેળવ્યું હતું

તેના જે પૈસા તેં લીધા તે જ પાણીમાં ગયા, એમ સમજીને સંતોષ માન !'

તેથી કહેવાય છે કે, 'દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.'

૨. બેની લડાઈમાં ત્રીજાને લાભ

બે બિલાડીઓ કોકના ઘરમાંથી રોટલો લઈ આવી. પછી તે રોટલાના બરાબર બે સરખા ભાગ કરવાની બાબતમાં તેમને તકરાર પડી. એક કહે કે, 'તું સરખા ભાગ નહીં કરે,' અને બીજી કહે કે, 'તું નહીં કરે.' એક વાંદરો તેમની આ તકરાર સાંભળતો હતો તેણે કહ્યું: 'હું તમને ત્રાજવું લાવી બરાબર સરખા ભાગ કરી આપું.'

બિલાડીઓ કબૂલ થઈ. વાંદરો એક ઘરના ઉપલા માળમાંથી ત્રાજવું ઉપાડી લાવ્યો અને પછી બંને પલ્લામાં રોટલાના બે કકડા મૂકી તોળવા લાગ્યો. એક પલ્લાનો રોટલાનો ટુકડો જરા વધારે મોટો હોવાથી તે પલ્લું નીચું નમ્યું. એટલે તે ટુકડો નાનો કરવા વાંદરે તેમાંથી બચકું ભરીને ખાઈ લીધું. પછી ત્રાજવું ઊંચકી જોયું, તો બચકું ભરેલો ટુકડો વધારે હલકો થયો એટલે તે પલ્લું ઊંચું ગયું. ત્યારે વાંદરે સામા પલ્લાના ટુકડાને થોડો હલકો કરવા તેમાંથી બચકું ભર્યું. એમ દરેક ટુકડા-માંથી વારાફરતી તેણે બચકાં ભરીને ખાવા માંડ્યું, પણ એકે વખત રોટલાના બંને કકડા બરાબર સરખા થયા નહીં. છેવટે એક નાનો કકડો એક બાજુના પલ્લામાં બાકી રહ્યો. વાંદરે કહ્યું: 'મેં તમને રોટલો વહેંચી આપવા આટલી મહેનત કરી, તેના મહેનતાણા તરીકે આટલો ટુકડો મને મળવો જોઈએ.' આમ કહીને તે કૂદકો મારી ચાલતો થયો.

બંને બિલાડીઓ અત્યાર સુધી વાંદરાની આ બચકાં ભરી ભરીને રોટલો ખાવાની રમત જોઈ રહી હતી. તે હવે ઘણું પસ્તાઈ તથા કહેવા લાગી કે, આપણે તકરાર કરવાને બદલે સંપીને રોટલાના બે ટુકડા કરી લીધા હોત તો આખો રોટલો ગુમાવવો ન પડત.

તેથી કહે છે કે, 'બેની લડાઈમાં ત્રીજાને લાભ.'

નૂતન ચીન

વર્તમાનપત્રોમાંથી નૂતન ચીન વિષે પ્રમાણભૂત વિગતો મળતી નથી. ગ્રામઉદ્યોગ સંઘના શ્રી કુમારપ્પા હમણાં ચીનનો પ્રવાસ કરે છે. આપણી સરકારે એમને ભારતની શુભેચ્છાનો સંદેશ લઈ ચીન મોકલ્યા છે. ત્યાંના રાજ્યતંત્ર વિષે તેમ જ ત્યાંનાં પ્રજાકલ્યાણનાં કાર્યો વિષે એમના પ્રથમ અનુભવો 'ગ્રામઉદ્યોગ પત્રિકા'માં એઓ નિયમિત રીતે લખતા રહે છે. કેટલીક વિગતો જાણવા જેવી છે. કેન્ટોનની મુલાકાત પછી આ વિગતો એમણે લખી છે.

ચીન હમણાં જ પ્રજાસત્તાક સ્વતંત્ર રાજ્ય થયું છે. ત્યાંની પ્રજાએ સામ્યવાદને અપનાવ્યો છે — રશિયાની અસર ત્યાંના રાજ્યતંત્ર પર છે. પરંતુ ચીનના સામ્યવાદમાં ત્યાંની સંસ્કૃતિ તેમ જ પરિસ્થિતિ પ્રમાણે મહત્વના ફેરફારો સામ્યવાદી રાજ્યકર્તાઓએ કર્યા છે.

(૧) રશિયાના હુકમ પ્રમાણે ત્યાંનો બધો કારભાર ચાલે છે એ ગેરસમજ છે. ત્યાંનો વહીવટ સ્વતંત્ર રીતે જ ચાલે છે.

(૨) ત્યાં બધી જ જમીનનું રાષ્ટ્રીયકરણ થયું નથી. ત્યાંની સામ્યવાદી સરકારે જમીનની ખાનગી માલિકીનો મર્યાદિત હક સ્વીકાર્યો છે. ખેડૂતો પોતાની

જમીનના માલિક છે અને જાતે ખેડે છે.

(૩) ત્યાં જંગી યંત્રોદ્યોગો વધુ પ્રમાણમાં ચાલતા નથી. યંત્રનો ઉપયોગ થતો હોય તોયે ઉદ્યોગો નાના પાયા પર ચાલે છે.

(૪) ખેતી વિકાસ અને ખેતી સુધારણા પર ત્યાં સૌથી વધુ લક્ષ અપાય છે. એવી ગણતરી થઈ છે કે ત્યાંની શ્રમજીવી પ્રજાને ખોરાક, પોશાક તેમ જ ઘર મફત મળવા ઉપરાંત માસિક ૧૫થી ૨૦ રૂપિયા મળતા રહે છે.

આનું પરિણામ એ આવ્યું છે કે ખેડૂત પ્રજા પુષ્કળ ઉત્પાદન કરે છે. અનાજ તેમ જ બીજી ખાદ્ય વસ્તુઓની ત્યાં વિપુલતા છે. બધી વસ્તુ સસ્તી મળે છે. ત્યાં મોંઘવારી સામાન્ય રીતે નથી.

ત્યાંની પ્રજાની મોટી વિશેષતા એ છે કે પ્રજા બહુ જ ઉદ્યમી છે. બધા જ હંમેશાં કંઈ ને કંઈ કામમાં રોકાયેલા રહે છે.

(૧) બાળકોની માવજત પાછળ માતાઓ ખૂબ ધ્યાન આપે છે.

(૨) શેરીઓની સ્વચ્છતા સુંદર હોય છે. કાગડા કે માખીનો ત્યાં બિલકુલ ઉપદ્રવ નથી.

(૩) પ્રજાને પૂરતું કામ મળી રહે છે એટલે ત્યાં ભિખારીઓ નથી.

સામ્યવાદી સરકાર પ્રજા સાથેનો સંબંધ વિશિષ્ટ રીતે કેળવે છે. એમાં અમલદારો તેમ જ પ્રધાનોની અતિશય સાદાઈ ધ્યાન ખેંચે એવી છે. માસિક રૂ. ૬૦૦ વધુમાં વધુ પગાર ત્યાંના મોટા અમલદારને મળે છે. પોશાકમાં પણ એટલી જ સાદાઈ હોય છે. સામાન્ય પ્રજાના જેવો જ પોશાક પ્રધાનો તેમજ અમલદારો પહેરે છે.

કેન્ટોનમાં તો વેશ્યા સંસ્થાને નાબૂદ કરી છે. હવે એ બહેનો માટે સંતોષ આપે એટલા ઉત્પાદક ઉદ્યોગોની વ્યવસ્થા થઈ છે.

એકંદરે ત્યાંની સામ્યવાદી સરકાર પ્રજાકલ્યાણનાં કાર્યોમાં સફળ તેમ જ લોકપ્રિય નીવડતી જાય છે.

દિલખુશ બ૦ દીવાનજી

ભારત-સંઘ અને તેનાં રાજ્યો

[ભારતના રાજ્યબંધારણનો આગળનો હપ્તો]

આપણો દેશ અનેક પ્રદેશરાજ્યોનો સંઘ કે સમવાય છે. આ રાજ્યો મોગલ રાજ્યમાં દેશના સૂબા પાડયા હતા એવા સૂબા નથી; સૂબા તો કેવળ વહીવટી જરૂર જોઈને રચાતા વહીવટી વિભાગો જ ગણાય. ભારત-સંઘ જે રાજ્યોનું બનેલું છે, તે રાજ્યો એવા કેવળ વહીવટી એકમો નથી; પરંતુ બંધારણમાં તેમને પણ અમુક દરજ્જો અને કુલહક મળેલો છે. સંઘ અને તેનાં રાજ્યો એકમેક સાથે કેવી રીતે વર્તે, તેની વ્યવસ્થા બંધારણે કરી આપી છે. એ વ્યવસ્થામાં રહીને તે પૂરતાં સંઘનાં બધાં રાજ્યો પણ સર્વસત્તાથી ચાલી શકે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે, એ બધાં રાજ્યો પોતે સ્વતંત્ર જુદાં જુદાં રાજ્યો કે રાષ્ટ્રો છે. રાજ્ય કે રાષ્ટ્ર તો એક છે અને તે હિંદુસ્તાન અથવા ભારત. આ સાધવાને માટે બંધારણે એવું ઠરાવ્યું છે કે, કોઈ પણ રાજ્યમાં રહેતો માણસ તે તે રાજ્યનો નહીં, પણ ભારતનો નાગરિક છે, અને તે તરીકે તેને જે હકો બંધારણથી મળે છે તે એ આખા ભારતમાં ગમે ત્યાં ભોગવી શકે છે; પોતાના વતનના રાજ્યની એને મર્યાદા નથી.

પોતાની મર્યાદામાં રાજ્યો પણ અમુક બંધારણીય સત્તાઓ ધરાવે છે. તેની બાબતોમાં તેઓ ઇચ્છે તેવા કાયદા કરી શકે છે. તેને સારુ તેમને ધારાસભાઓની જોગવાઈ બંધારણે કરી આપી છે. એટલે આપણા બંધારણ મુજબ દરેક રાજ્યમાં અમુક ઢબની ધારા ઘડનારી વ્યવસ્થા પણ રહેશે. આ વ્યવસ્થા કેવી રીતની હશે એ હવે પછી અલગ વિચારીશું.

સંઘની પાર્લમેન્ટ તથા રાજ્યોની ધારાસભાઓ—એમ અનેક ધારા ઘડનારાં મંડળો થયાં. એટલે કોણ કયા કે કેવા ધારા ઘડી શકે એની મર્યાદા આંકી આપવી જોઈએ. બંધારણે તેની કલમ ૨૪૬ સાથે ત્રણ યાદીઓ આપી તેમાં નિરનિરાળા વિષયો નક્કી કરીને, આ મર્યાદા આંકી છે. એ યાદીઓ નીચે પ્રમાણે છે :

૧. સંઘની યાદી : આમાં એવી બાબતો ગણાવી છે કે જે આખા સંઘ માટે એકરૂપે વિચારવી ઘટે અને તેથી જેમને વિષે સંઘની પાર્લમેન્ટ જ ધારા ઘડી શકશે. એવી કુલ ૯૭ બાબતો તે યાદીમાં છે. જેવી કે, સંઘનું સંરક્ષણ, પરદેશો સાથે સંબંધ, લશ્કર, વિમાન-વ્યવસ્થા, રેલવે, તારટપાલ.

૨. રાજ્યની યાદી : એમાં એવી બાબતો છે કે જેની સાથે સ્થાનિક સ્થિતિ જોઈને જે તે રાજ્યે ધારા ઘડવા ફાવે. એવી કુલ ૬૬ બાબતો આ યાદીમાં મૂકી છે. જેમ કે, શાંતિ અને વ્યવસ્થા, પોલીસ, સ્થાનિક સ્વરાજ, શિક્ષણ ઇ૦ સામાન્ય રીતે આ વિષે રાજ્યો જ ધારા ઘડી શકશે. પરંતુ બંધારણમાં એવી જોગવાઈ કરી છે કે રાષ્ટ્રનું સમગ્ર હિત વિચારીને અમુક વિશેષ સંજોગોમાં તે યાદીના વિષયોમાં પણ પાર્લમેન્ટ ધારા ઘડી શકે.

૩. આમ મોટે ભાગે બધા વિષયો બે વચ્ચે વહેંચાયા છતાં, કેટલાય એવા વિષયો પણ હોય કે જેમાં સંઘ - અને રાજ્ય .બંનેને લેવાદેવા હોઈ શકે. આથી કરીને ત્રીજી 'સહિયારી' યાદી આપવામાં આવી છે. તેમાં ૪૭ બાબતો મૂકવામાં આવી છે. અને એવું નક્કી કરવામાં આવ્યું છે કે, આ સહિયારી યાદીના કોઈ વિષયમાં સંઘની પાર્લમેન્ટ જો ધારો ઘડે તો તે રાજ્યે તે વિષે ઘડેલા કોઈ ધારાથી ચડિયાતો ને ઉપર ગણાશે.

આમ ગણાવ્યા છતાં કોઈ બાબત રહી જતી હોય તો તે વિષે ધારા ઘડવાની બાકી સત્તા સંઘની પાસે રાખવામાં આવી છે.

આમ ધારા ઘડવા માટેનાં ક્ષેત્રો નિયત કરવા ઉપરાંત કારોબારી તથા નાણાંકીય ક્ષેત્રો પણ નિયત થવાં જોઈએ. તેને માટે પણ બંધારણમાં જોગવાઈ વિચારી છે. આ બધાની અંદર મુખ્ય મુદ્દો એ જળવાયો છે કે, આપણું બંધારણ જડ ન બને, જેથી સંઘનાં રાજ્યોને પોતપોતાની સ્થિતિ પ્રમાણે વિચારીને વિકાસ કરવાની મોકળાશ રહે; પરંતુ તેની સાથે એ પણ સચવાય કે કેન્દ્રીય સંઘ એક ને મજબૂત રહે અને રાષ્ટ્રનાં રાજ્યો છૂટાં કે નિરંકુશ બનીને સંઘને નબળો ન પાડે. તેથી કરીને, આ ઉદ્દેશ જાળવવા માટે, સંઘની વડી સરકારને

તથા રાષ્ટ્રપતિને કટોકટીમાં વાપરવાની ખાસ સત્તાઓ પણ આપવામાં આવી છે. કોઈ રાજ્યનો કારોબાર સાવ કથળી કે વણસી જાય તો રાષ્ટ્રપતિ ખાસ જાહેરનામું કાઢીને તે પોતાને હસ્તક લે કે પોતે જેમ ઠીક માને તે રીતે ગોઠવી શકે, એવી ખાસ જોગવાઈ પણ બંધારણે વિચારી રાખી છે.

૨૪-૧૧-'૫૧ મગનભાઈ દેસાઈ

ભલા સાહેબ

૨૦૦૮નું બેસતું વર્ષ. તે દિવસે હું વડોદરાથી અમદાવાદ આવતો હતો. ત્રીજા વર્ગમાં ગાડીના ડબ્બાઓ લગભગ ખાલી જેવા જ હતા. ન છૂટકે પ્રવાસ કરનાર પ્રવાસીઓ હતા. તેમાં આણંદ સ્ટેશનેથી બેત્રણ ભાઈઓ ચડ્યા. તેમાં એક વેપારી જેવા ભાઈ હતા. તે નીચલી બેઠકો પર બેસવા માટે ઘડીભર અમારા સૌની સામે તાકી રહ્યા. થોડી પળ વાર બેઠા પણ હશે. અને અચાનક તે ઊભા થઈ કૂદકો મારી તેમના સંગાથીને છોડી ઉપરની બેઠકમાં ગયા અને લાંબા લસ થઈ સૂતા. તેમને ક્યાં ઊતરવાનું છે તે કહ્યા વગર.

તે ઉપરના પાટિયા પર સૂઈ ગયા હશે કે જાગતા પડ્યા રહ્યા હશે. પણ નડિયાદનું સ્ટેશન આવ્યું ત્યારે તેમના સંગાથી નડિયાદના સ્ટેશને ઊતરવાની ગોઠવણમાં પડ્યા. તેમણે પાટિયા પર ઉપરની બેઠકમાં સૂતેલ ભાઈને નીચે ઊતરવા માટે સાદ પણ દીધો. તે ન જાગ્યા, તેથી નડિયાદ ન ઊતરી શક્યા. સામાન્ય નિયમ એવો છે કે નડિયાદ તે ગાડી પાંચ મિનિટ થોભે છે. આજે તે ગાડી સ્ટેશનમાં વહેલી આવવાના કારણે લગભગ તેર મિનિટ થોભી. પેલા વેપારી ભાઈ તેટલી વારમાં પણ ન જાગ્યા.

ગાડી ઊપડી, કે તરત જ ટિકિટ તપાસવા માટે રેલવે અધિકારી આવ્યા. તેમણે વારાફરતી સૌની ટિકિટ જોવા માગી. પેલા ભાઈને જગાડીને તેમની ટિકિટ જોઈ. તે જરા ચમક્યા અને કહ્યું: 'તમારું સ્ટેશન તો ગયું-ભાઈ!'

'હેં સાહેબ!' બોલી તે નીચે આવ્યા. 'સ્ટેશન ગયું?' બાઘા દેખાવાનો ડોળ કરતા હોય તેવું અમને સૌને લાગ્યું. ટિકિટ તપાસનાર અધિકારી તેમની સામે જોઈ રહ્યા. 'મહેમદાવાદ

ઊતરી જશો.' તેમણે જતાં જતાં વિનયપૂર્વક કહ્યું. 'ને મહેમદાવાદથી ટિકિટ લઈ વળતી ગાડીમાં નડિયાદ આવશો.'

વેપારીભાઈને મનમાં સંશય જન્મ્યો કે આ બધા વચ્ચે હું થોડો અપ્રામાણિક દેખાઈશ તેથી નીચે ઊતરી અમારી વચ્ચે બેઠા, 'મારું તો શું માથું દુઃખે છે!'

'પણ તમે ઊંઘી ગયા હતા!'

તેમણે માથું ધુણાવ્યું.

'પણ તમને તમારા સંગાથીએ જગાડ્યા તો હતા.'

'પણ માથું બહુ ચડયું છે!' બોલી તે માથું દુખતું હોય તેવો અભિનય કરવા લાગ્યા.

પછી અમે અંદરોઅંદર વાતોએ વળગ્યા અને તેમાં એક ભાઈએ કહ્યું: 'ભલા સાહેબ, નહીં તો પૈસા કઢાવત.'

'બેસતું વર્ષ છે માટે આ ભાઈને હેરાન ન કર્યા.' અમારામાંથી કોઈક છેવટે બોલ્યું. 'ભાઈ, રહેવા દો ને! આ આખા ખુદાબક્ષ નહીં, અડધા.'

ત્યાં મહેમદાવાદનું સ્ટેશન આવ્યું. પેલા ભાઈ નીચે ઊતરવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે અમારી વાતોમાંથી પકડેલ એક વાક્ય તે બોલ્યા, 'ભલા સાહેબ.'

મારાથી ન રહેવાયું તેથી મેં તેમને કહ્યું: 'સાહેબની ભલમનસાઈ વખાણો છો તો તેમને જઈને કહો કે, સાહેબ! આ પ્રવાસ માટે થતી દંડ ને ભાડાની રકમ લઈ લો. તમારી ભલમનસાઈ તો ત્યારે દેખાય.'

હેં.... હેં ....હેં .... હેં .... ટોપી માથે હાથ લગાવતા લગાવતા તે ચાલી નીકળ્યા.

અમે પછી તે જ વાતે વળગ્યા. અમે કહ્યું; ફોગટિયા પ્રવાસીભાઈ આપણા દેશના ગુનેગાર છે. પણ ભલમનસાઈ બતાવનાર રેલ અધિકારી પણ દેશના ગુનેગાર છે. તેમનો ધર્મ એ હતો કે ભૂલ કરી બેઠેલા માણસને કાયદાને અમલી બનાવવા માટે પદાર્થપાઠ પઢાવવો જોઈતો હતો. આપણા દેશની સરકાર અત્યારે નાણાંભીડમાં છે ત્યારે કાયદેસર જે નાણું સરકારને મળતું હોય તો આવી ખોટી માનવતાભરી દૃષ્ટિએ ઉદારતા બતાવીને જતું ન કરી શકાય. ભલા અમલદારે ઉદારતા બતાવી દેશની કુસેવા કરી છે.

પુષ્કર ચંદરવાકર

સહુથી વધુ ચેપી રોગ

૧

મનપસંદ ગીતની પંક્તિઓનું ગુંજન કરતાં કરતાં જહોન જોન્સે ઑફિસે જવા માટેની બસ પકડી. બેફિકર અને મસ્ત માનવીની અદાથી એક બેઠક પર એ ગોઠવાઈ ગયો. આગળની બેઠક પરના ઉતારુનું મોં છાપાથી ઢંકાયેલું હતું એટલે એના ચહેરા પરના ભીતિ અને આશંકાના ભાવો એ જોઈ શક્યો નહીં. પરંતુ આ શું? જહોન જાતે જ અકારણ બેચેન બનવા લાગ્યો. ઊંડે ઊંડે એ પણ ભયગ્રસ્ત હોય એમ લાગવા માંડ્યું. ઑફિસે પહોંચતાં પહોંચતાં તો, એના પર ભયની લાગણી સવાર થઈ બેઠી. ન તો એ એનું કારણ જાણી શક્યો કે ન એનું નિવારણ કરી શક્યો.

વિજ્ઞાન હવે, આ પરિસ્થિતિ સ્પષ્ટ કરી શકે એમ છે. પ્રયોગશાળાઓમાં થયેલા અખતરા પરથી એ હકીકત સિદ્ધ થઈ છે કે ચેપીમાં ચેપી રોગ કરતાં પણ કોઈક વાર, ભીતિની લાગણી વધુ ચેપી નીવડે છે. ભીતિગ્રસ્ત માનવીની પાસે બેઠેલો માનવી પણ અકારણ ભીતિગ્રસ્ત બની જાય છે એમ અખતરા પરથી જાણી શકાયું છે. કેલિફોર્નિયા યુનિવર્સિટીની પ્રયોગશાળાઓમાંના તાજેતરના અભ્યાસ પરથી એ હકીકત જણાઈ આવે છે કે ભીતિગ્રસ્ત માનવીઓનો 'રેકર્ડ' કરેલો અવાજ સાંભળીને પણ માનવી તરત જ ભયની લાગણી અનુભવવા માંડે છે.

યુનિવર્સિટીમાં એક રસદાયક પ્રયોગ પણ કરવામાં આવ્યો હતો. ૨૨ જેટલા માનસશાસ્ત્રીઓ પર આ પ્રયોગ થયો હતો. પ્રથમ તો, પોતાના ભય અને ચિંતા વિશે ચર્ચા કરતા મગજના રોગીઓના અવાજે 'રેકર્ડ' કરવામાં આવ્યા. ત્યાર બાદ એ ચૂડીમાં ઉતારેલો અવાજ માનસશાસ્ત્રીઓને સંભળાવવામાં આવ્યો. પરિણામ ચોંકાવનારું આવ્યું. 'રેકર્ડ' કરેલો અવાજ વહેતો મૂકવામાં આવ્યો તે પહેલાં માનસશાસ્ત્રીઓ શાંત-ચિત્ત હતા. આ અવાજ તેમણે સાંભળ્યો કે તરત જ એમની એ ચિત્તશાંતિ સરી જતી દેખાઈ. ઘણા તો બેચેન બન્યા. ભાઈના સાશંક ચહેરે એકબીજા સામે જોવા લાગ્યા. ચહેરા પર કંપ અને

ચિંતાના સ્પષ્ટ ભાવો પથરાઈ ગયા, આ પ્રયોગ પૂરો થઈ ગયા પછી એ માનસશાસ્ત્રીઓએ કબૂલ કર્યું કે દરદીઓના અવાજ સાંભળીને તેઓ બેચેન અને ભીતિગ્રસ્ત બની ગયા હતા.

તાજેતરનાં નિરીક્ષણ પરથી જણાય છે કે, ભયની લાગણી સામાન્યતઃ આપણામાં જન્મતી નથી પરંતુ બીજી વ્યક્તિના મનમાં ભય જન્મે છે અને એની અસર આપણા પર થાય છે. આવી 'લદાયેલી ભીતિ'નું મૂળ શોધવા જવું એ તો માનવીને શરદીનો ચેપ ક્યાંથી લાગ્યો એ શોધવા જેવું છે. ગઈ કાલે તમારામાં ભયની લાગણી જન્મી હોય તો એ ચેપ તમને તમારા શેઠ પાસેથી લાગ્યો હોય. તમારા શેઠને, એમણે જેમની સાથે ભોજન લીધું હોય એની પાસેથી અસર થઈ હોય અને એ વ્યક્તિને વિમાની મુસાફરી દરમિયાન એના સહ-પ્રવાસી પાસેથી આ લાગણીનો ચેપ લાગ્યો હોય. સાથે જ, આજે સવારે તમારામાં દેખાયેલી ચિંતાની અવ્યક્ત લાગણી તમે જેને ઓળખતા પણ ન હો એવી હજારો માઈલ દૂર વસેલી કોઈ વ્યક્તિના માનસમાં સૌ પ્રથમ જન્મી હોય.

આ 'ચેપી' ભય વિલીન થઈ જાય ત્યાં સુધી ક્યાં ક્યાં અસર કરી શકે, કેટલાં માનવીઓને એનો ચેપ લાગે એ બધી બાબતોનો આંક કાઢવાનું તો કોઈ પણ માનસશાસ્ત્રી માટે મુશ્કેલ છે. નિરીક્ષકોનું તો માનવું છે કે, સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ આ ચેપથી મુક્ત નથી, પ્રાણીઓ પણ ભીતિગ્રસ્ત માનવીઓને કારણે ભયગ્રસ્ત બને છે.

માતાને ભય લાગતાંવેંત જ એના હાથમાં સૂતેલું નાનકડું બાળ પણ એકાએક કેવી રીતે રડી ઊઠે છે એનો નિર્દેશ જ્યૉર્જ પ્રેસ્ટન નામના માનસશાસ્ત્રી કરે છે. શ્રી પ્રેસ્ટન જણાવે છે કે, બાળકોને રાત્રે ઉંઘાડવામાં નડતી મોટા ભાગની મુશ્કેલીઓ બાળકને રખેને રાતના કંઈક થઈ જશે એવા માતાના દિલમાં ભંડારાઈ જતા અઘટિત ભય — જે બાળકને પણ અસર કરે છે — ને આભારી છે. આ જ પ્રમાણે અંધારી કોટડીમાં એકલા સૂવાનું મુશ્કેલ તો નહીં પણ વ્યથાપૂર્ણ લાગે છે.

વિચારશક્તિ પર પણ ભયની નીપજતી અસર જાણવા જેવી છે.

તાજેતરના પ્રયોગો સાબિત કરે છે કે, ભયને કારણે માણસ બાવરો બની જાય છે. હળવી ચિંતાને કારણે માનસિક પ્રક્રિયાઓ રૂંધાય છે. અતિભય આ પ્રક્રિયાઓને સંપૂર્ણતઃ નામશેષ કરી શકે છે. દાખલા તરીકે અતિશય ભીતિગ્રસ્ત માનવી પૂરેપૂરો વિચારશૂન્ય બને છે. એને લીધે યાદદાસ્ત પર જબરી અસર થાય છે. ભય લાગતાં માનવી કંઈક ભૂલકણો બને છે એ સંભવિત છે. અનહદ ભીતિને કારણે માનવી એનું નામ સુધ્ધાં પણ વીસરી જાય છે.

ભીતિની શરીર પર થતી અસર વિશે ન્યૂયોર્ક એકેડેમી ઓફ મેડિસિન નામની તબીબી સંસ્થા ખાતેના વૈજ્ઞાનિકોએ એવી શોધ કરી છે કે, ભીતિને કારણે એક પ્રકારનું રસાયણ પેદા થાય છે જે લોહીમાં ભળે છે અને એને લીધે શરીરના મહત્ત્વના અવયવો સંકોચાય છે. આ વિચિત્ર રસાયણ, જે ચિંતા દૂર થતાં અદશ્ય થઈ જાય છે, એ જ ભયને કારણે શરીર પર થતી મોટા ભાગની અસર માટે કારણભૂત છે. હૃદય-રોગો, મીઠી પેશાબ, લોહીનું ભારે દબાણ, પેટનું શૂળ, અસ્થમા (દમ) અને એનાં દરદો લાંબા સમયના ભય અને ચિંતામાંથી જન્મે છે એમ તબીબી સંશોધકો માને છે.

૨

આ વિચિત્ર રસાયણ કયું છે તેમ જ શરીર પર તેની કઈ નિશ્ચિત અસર થાય છે એ વિશે વૈજ્ઞાનિકોને પૂરી માહિતી નથી. છતાંય, પ્રયોગો પરથી જણાય છે કે આ રસાયણ આપણા આંતરિક અવયવોની ક્રિયાઓમાં ખલેલ કરે છે અને આંતરડાને જોડતા અવયવો પર ખાસ અસર નિપજાવે છે. ચિંતા અને ભીતિ હળવાં હોય તોપણ એથી શરીર પર ભારે અસર થાય છે. જેમ જેમ ભીતિ અને અને ચિંતાનો આવેગ વધતો જાય છે તેમ તેમ એ કાતિલ ઝેર જેટલાં વિનાશક નીવડે છે. સૌ પ્રથમ તો એક આંચકી સાથે રક્તાશય સંકોચાય છે. ત્યાર પછી હૃદયનો તીવ્ર સંકોચ થાય છે અને અંતે આખી પદ્ધતિ પડી ભાંગે છે અને મોત નીપજે છે.

આપણે માનીએ છીએ તે કરતાં વધુ મરણો ભીતિને કારણે નીપજ્યાં છે. પ્રમાણ તો ત્યાં સુધીનું મળે છે કે,

હોય તો કોઈ માર્ગ નથી. તમને જે કામ કરવાં ડર લાગતો હોય એ પહેલું કરો."

જો ભયની લાગણી ઘર કરી ગઈ હોય તો એમાં ધીમે ધીમે આગળ વધવું અને કોઈ ખાસ નિષ્ણાતની દોરવણી લેવી.

૩. માણસને ભય અને ચિંતા જેવું કંઈ લાગે કે તરત જ કામ કરવા મંડી પડવું. મનમાં ને મનમાં તર્કવિતર્ક કરવાથી મોટા ભાગના ભયો ઊભા થાય છે. આ કંટાળાજનક ટેવ છોડવાનો સાચો માર્ગ ચિંતા ઓછી કરી વધુ શારીરિક શ્રમ કરવાનો છે.

('સાયન્સ ડાયજેસ્ટ'માંથી)

પૂરું થતું પખવાડિયું

ચીન તથા તિબેટ વચ્ચે થયેલી સંધિને તિબેટની સરકારે બહાલી આપી છે. આ સંધિથી ચીનને તિબેટની વિદેશનીતિ અને સંરક્ષણ પર અંકુશ મળે છે.

ગઈ તા. ૨૨મીએ રાત્રે સાડાઆઠ વાગ્યે વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ રેડિયો પર આવતી સામાન્ય ચૂંટણીઓ અંગે રાષ્ટ્રજોગું વાયુપ્રવચન કર્યું હતું. એમાં તેમણે આગામી ચૂંટણી પુખ્ત વયના મતાધિકારથી થનાર છે એની યાદ આપી હતી અને ચૂંટણીકાર્ય કોઈ પણ પ્રકારની મેલી રીતરસમો અજમાવ્યા વિના અને શાન્તિથી કરવા દેશને અપીલ કરી હતી.

મ૰

વિષયસૂચિ — પૃષ્ઠ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૩
છમાસિક " " રૂા. ૨

અમદાવાદ, ૨૫મી ડિસેમ્બર, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં રૂા. ૫; શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

સેવાની મર્યાદા

અગ્નિ એમ વિચાર કરતો નથી કે હું ચૂલામાં સળગું છું, પરંતુ કોઈ વાસણ મૂકનારું નથી; જો કોઈ વાસણ મૂકશે તો પાણી કોણ નાખશે? કોઈ પાણી નાખશે તો ભાત કોણ ઓરશે? — વગેરે. અગ્નિ વિચાર કરે છે કે હું સળગું છું. જેણે મને સળગવાની બુદ્ધિ આપી છે, તે કોઈકને વાસણ મૂકવાની બુદ્ધિ જરૂર આપશે. સૂર્યનારાયણ એમ વિચારતા નથી કે મારો ઉદય થતાં કોણ ઊંઘતું રહે છે, અને કોણ જાગે છે અને પોતાનું કામ કરે છે. સૂર્યનાં કિરણો, જેનાં બારણાં ખુલ્લાં હોય છે તેને ત્યાં જાય છે. જો કોઈનાં બારણાં બંધ હોય તો દરવાજો ખોલીને પેસવા જતાં નથી. થોડાં ખુલ્લાં હોય તો થોડાં અંદર જાય છે. પૂરાં ખુલ્લાં હોય તો પૂરાં અંદર જાય છે: આ

પ્રમાણે તે સેવાની મર્યાદા જાણે છે, હું પણ મારી મર્યાદા સમજું છું.

(શ્રી વિનોબાના એક પ્રવચનમાંથી)

ભક્તરાજ નંદ—૨

રથયાત્રાનો તહેવાર હતો. મહાદેવજીને રથમાં પધરાવી આખા ગામમાં તેમની સવારી નીકળી. હરિજનો પણ તે વખતે મહાદેવજીનાં દર્શન કરી શકતા. નંદે દર્શન કર્યાં. તે દિવસે એક બ્રાહ્મણ કથા કરતો હતો. ત્યાં નંદે સાંભળ્યું કે ચિદંબરમ્ ગામમાં મહાદેવ નટરાજનું મંદિર છે. તે નટરાજનાં જે દર્શન કરે, તે ચંડાળ હોય તો પણ તરી જાય.

નંદ તો તરત જ ત્યાંથી સીધો ચિદંબરમ્ તરફ જવા તૈયાર થયો. પણ તેના દોસ્તોએ તેને કહ્યું: 'શેઠની રજા વિના તેનું કામ છોડી આપણાથી શી રીતે જવાય? આપણું કામ છોડીને જઈએ તો ભગવાન પણ રાજી ન થાય.'

ભગવાનનું નામ સાંભળી નંદ થોભ્યો. તે શેઠની રજા લેવા ગયો. શેઠ તો નંદની વાત સાંભળી ખૂબ ગુસ્સે થયો. તેણે નંદને કહ્યું: 'મારાં છ ખેતરોમાં પાક ઊભો છે. તેની લણણી પૂરી થયા પછી જવાની વાત કરજે.'

નંદ તો તરત ખેતરે જ દોડ્યો. રાતે પણ ઘેર પાછો ન આવ્યો. આખી રાત કામ કર્યું. સવાર થતાંમાં તો શેઠને ઘેર પાછો આવ્યો અને કહેવા લાગ્યો, 'શેઠ, તમારાં છયે ખેતરની લણણી પૂરી થઈ છે; હવે મને નટરાજનાં દર્શન કરવા જવા દો.'

શેઠે કહ્યું: 'સાચું કહે છે?

છયે ખેતરની લણણી થઈ ગઈ? એ બને શી રીતે?'

નંદે કહ્યું: 'આખી રાત જાગ્યો છું. ખાતરી ન થતી હોય તો આવીને જોઈ જાઓ.'

શેઠ ખળા ઉપર ગયા. બધું કામ પૂરું કરેલું હતું. એ જોઈને તે તો નવાઈ જ પામી ગયા. તેમણે ખુશીથી તેને દર્શને કરવા જવાની રજા આપી.

'નટરાજ', 'નટરાજ'નું નામ પોકારતો નંદ અને તેના દોસ્તો ચિદંબરમ્ ગયા. પણ મંદિરમાં તેમને કોણ પેસવા દે?

નંદ બિચારો મંદિરના શિખર સામું જોતો ઊભો રહ્યો. રાત પડી. પૂજારી વગેરે સૌ રસ્તે પડયા. પણ નંદ નટરાજનાં દર્શન કર્યા વિના શી રીતે જાય? તે આખી રાત મંદિરના શિખર સામું જોતા જોતા ઊભો રહ્યો.

તે રાતે મંદિરના બધા પૂજારીઓને એક સાથે એક જ સ્વપ્નું આવ્યું. નટરાજે જાણે તેમને હુકમ કર્યો કે, 'નંદ નામનો અંત્યજ પરગામથી મારાં દર્શને આવ્યો છે; તેને કાલે દેહશુદ્ધિ કરીને મારાં દર્શન કરાવજો.'

બીજે દિવસે પૂજારીઓ ભેગા થયા, અને પોતપોતાના સ્વપ્નની વાત કહેવા લાગ્યા. નટરાજનો હુકમ છે. નંદને મંદિરમાં લઈ દર્શન કરાવવાં જ જોઈએ. પણ તેના દેહની શુદ્ધિ કેમ કરીને કરવી તેની ચર્ચા ચાલી. કેટલાક કહે, તેને પાણીથી નવરાવવો; કેટલાક કહે, અંત્યજ વળી પાણીમાં નાહવાથી શુદ્ધ થાય? તેને તો અગ્નિમાં સ્નાન કરાવવું જોઈએ.

નંદને આ વાતની ખબર પડી. તે તો રાજી થઈને નાચવા લાગ્યો. તેના દોસ્તો ગભરાઈ

ગયા. પણ નંદે તો બ્રાહ્મણોને કહેવરાવ્યું કે, તમે અગ્નિ પ્રગટાવો. હું તેમાં જરૂર સ્નાન કરીશ. જો ભગવાન નટરાજની ઇચ્છા હશે તો મને કશું નહીં થાય.

બ્રાહ્મણોએ અગ્નિ સળગાવ્યો. નંદ નાહીધોઈને ત્યાં આવ્યો; અને નટરાજનું નામ લેતો લેતો હસતે મોઢે તેમાં થઈને સામે પાર નીકળી ગયો!

બ્રાહ્મણો શરમાઈ ગયા. તેમણે નંદને પ્રણામ કર્યા અને પછી તેઓ તેને આદરપૂર્વક મંદિરમાં લઈ ગયા.

ત્યારથી દક્ષિણમાં શિવની ૬૨ મૂર્તિઓમાં ૬૩મી મૂર્તિ નંદની ઉમેરાઈ. શિવની મૂર્તિઓની સાથે તે મૂર્તિ પણ આજે પૂજાય છે.

ગરીબાઈમાં દૃઢતા અને ઉદારતા

'૪૨ની ક્રાંતિનો સમય એ આપણા રાષ્ટ્રની તવારીખમાં મહત્ત્વનો સમય છે. એ સમય દરમિયાન આપણી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખપદે મૌલાના અબુલ કલામ આઝાદ હતા. એક રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા, વિદ્વાન પત્રકાર, મોટા સાહિત્યકાર અને કુરાનના ઊંડા અભ્યાસી તરીકે દેશપરદેશમાં તેમની ખ્યાતિ પ્રસરેલી છે. હાલમાં તેઓ ભારતીય સરકારનું કેળવણી-ખાતું સંભાળી રહ્યા છે.

આપણા દેશમાં પ્રથમ પંક્તિના જે નેતાઓ ગાંધીજી સાથે કાર્ય કરવા જાહેર જીવનમાં બહાર આવ્યા, તેમાંના તેઓ એક છે. ગાંધીજી સાથે જોડાયા પછી તેમણે પોતાની બધી શક્તિ રાષ્ટ્રને ચરણે ધરી. અને જીવન-નિર્વાહ માટે ખાનગી ધંધો છોડી દીધો! આથી વડીલોપાર્જિત

કેટલીક મિલકત તેમને વેચવી પડી છે. નાનપણથી વૈભવી જીવનમાં ઊછરેલા છતાં જ્યારે પોતાની પાસે પૈસા ન હતા ત્યારે એ વાત કોઈને પણ જણાવતા નહીં. ગરીબાઈ અને આર્થિક મુશ્કેલીમાં મૌલાના કેટલા દૃઢ રહેતા એ પ્રસંગ સૌને પ્રેરણાદાયી થઈ પડે અને તેમના પ્રત્યે ભક્તિભાવ પેદા કરે એવો છે.

એક વાર તેમની આર્થિક પરિસ્થિતિ એટલી ખરાબ હતી કે નવી ચાદર ખરીદવાને પૈસા ન હોવાથી જૂની ચાદરને પાંચ પાંચ મોટાં થીંગડાં મારીને તેઓ વાપરતા હતા. એ જ ગાળામાં એક દિવસ પ્રાતઃકાળમાં તેમના એક મિત્ર તેમને મળવા આવ્યા. જ્યારે મિત્ર ઘરના ઓરડામાં આવ્યા ત્યારે મૌલાના પોતાના કાર્યમાં એટલા તલ્લીન હતા કે મિત્ર તરફ તેમનું ધ્યાન ન ગયું. કામમાં ને કામમાં ઠીકઠીક સમય પસાર થયો, ત્યારે પેલા મિત્રે ચિઠ્ઠી લખીને યાદ કરાવ્યું કે બપોરે જમવાનો સમય થયો છે. તોયે મૌલાના પોતાના કાર્યમાંથી ઊઠયા નહીં! ઘડિયાળમાં બેના ટકોરા પડયા. મિત્રને કકડીને ભૂખ લાગી. તેથી સંકોચ છોડીને મૌલાનાને તેમણે કહ્યું: "મૌલાના સાહેબ! હવે તો ભૂખ લાગી છે." મૌલાનાએ કંઈ જ જવાબ આપ્યો નહીં. પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. અર્ધો કલાક પસાર થયો. આખરે મિત્રે નમ્રતાપૂર્વક જણાવ્યું કે "સાહેબ! આપને ખાધેલું પચ્યું નહીં હોય તો ઉપવાસ કરી શકો છો. પણ મને તો કકડીને . . . ."

મૌલાના મિત્રનું વાક્ય પૂરું થતાં પહેલાં જ બોલ્યા: "અપચો હોય ત્યારે ઉપવાસ કરવા જરૂરી છે. પણ અહીં સાચી વાત એ છે

કે આજે ખાવાના પૈસા જ નથી.”

પેલા મિત્રના અચંબાનો પાર ન રહ્યો. પૈસાના અભાવે મૌલાના જેવા વિદ્વાન આજે ભોજન વિના બેસી રહ્યા! છતાં કોઈને વાત પણ કરતા નથી! ધરતી જાણે તેમના પગ નીચેથી સરી જતી લાગી. ગાંધીજીએ દરિદ્રનારાયણના રંગે તેમને કેવા રંગી દીધા! રાષ્ટ્રસેવા માટે તેમનો કેટલો બધો ત્યાગ! આવા વિચારો કરતા કરતા મિત્ર તરત જ ત્યાંથી ઊઠ્યા અને એક ડૉક્ટરને મૌલાનાની આ ભૂખની વાત કહી. ડૉક્ટરે તરત જ બધો પ્રબંધ કરી દીધો.

પોતાના સ્વમાન પ્રતિ તેઓ જેટલા જાગ્રત રહે છે તેટલા જ જાગ્રત બીજાની આબરૂ જાળવવામાં પણ તેઓ રહે છે. બીજાની નબળાઈ જોઈ તેમના પ્રત્યે ઘૃણાને બદલે સહાનુભૂતિ કેવી રીતે તેઓ પ્રગટ કરે છે તેનું ઉદાત્ત ઉદાહરણ તેમના જીવનમાં બનેલો એક બીજો પ્રસંગ પૂરું પાડે છે.

એક વાર પોતાનાં વાચન-ખંડમાં ટેબલ પર બેસી તેઓ વાંચી રહ્યા હતા. ટેબલના એક ખૂણે સો સો રૂપિયાની બે નોટો પેપરવેઇટથી દબાવીને મૂકેલી હતી. એ જ વેળા કોઈ મુલાકાતી તેમને મળવા આવ્યા. મૌલાનાની સહેજ નજર ચૂકવી તેમણે પોતાનો હાથ પેલી નોટો પર મૂક્યો. મૌલાના પેલા મુલાકાતીની દાનત સમજી ગયા. મુલાકાતીનું કાર્ય પૂરું થાય ત્યાં સુધી મૌલાનાએ પોતાનું મોં બીજી દિશામાં ફેરવી લીધું. જાણે કશું જ ન બન્યું હોય એમ મૌલાનાએ વાતો ચાલુ રાખી. મુલાકાત પૂરી થઈ ત્યારે બસોની નોટો પોતાના ગજવામાં મૂકી મુલાકાતી બહાર નીકળ્યા!

જ્યારે આ પ્રસંગ મૌલાનાએ પોતાના એક મિત્રને કહ્યો ત્યારે મિત્રે પૂછ્યું : "મૌલાના સાહેબ, આમ શા માટે થવા દીધું ?"

મૌલાનાએ ઠંડે પેટે હસીને જવાબ આપ્યો: "અરે ભાઈ! મારાથી તેમને પૈસાની વધુ જરૂર હશે. નહીં તો આમ કોઈના પૈસા ઉપાડે ખરા ?"

મટવાર ઉસ્માનભાઈ અકબરજી

મોટા માણસોનાં મન

(૧૪)

મૌલાના અબુલ કલામ આઝાદ ઉર્દૂ, ફારસી તથા અરબી ભાષાના મોટા વિદ્વાન છે. જ્યારે અસહકારની લડત ચાલતી હતી ત્યારે તે જેલમાં ગયા હતા. ત્યાં તેમણે કુરાને શરીફનો અરબીમાંથી ઉર્દૂમાં અનુવાદ સરળ ભાષામાં કર્યો. આજે તો તેમનો એ અનુવાદ મુસલમાનોમાં પ્રમાણભૂત મનાય છે.

આવા સરળ અનુવાદનું અર્પણ પોતાને નામે થાય એ માટે ભલભલા મોટા વિદ્વાનો અને પૈસાદારોએ ધન તેમ જ કીર્તિની લાલચ તેમની સામે ધરી. પણ તેમણે તેનો સ્વીકાર ન કર્યો.

એક દિવસે તેમને ત્યાં એક અજાણ્યો પઠાણ આવ્યો. મૌલાનાને ચરણે ચાળીસ રૂપિયા ધરીને કુરાનનો અનુવાદ ખરીદવાની પોતાની ઇચ્છા તેણે દર્શાવી.

મૌલાના અબુલ કલામ આઝાદ બોલ્યા: "ભાઈ, હજુ એ પ્રેસમાં છપાય છે. જો, આ હું એનાં છેલ્લાં પ્રૂફ તપાસી રહ્યો છું. પણ તું ક્યાંથી આવે છે?"

પઠાણે કહ્યું: "કાબુલથી, પગરસ્તે. કુરાન ખરીદવા માટે માંડ માંડ બચાવેલા રૂપિયા ચાળીસ બચ્યા છે તે સાથે લાવ્યો છું. મેં સાંભળ્યું છે કે, ગરીબ લોકો પણ સમજી શકે એવો કુરાનનો તરજુમો આપે તૈયાર કર્યો છે. એટલે તે લેવા આવ્યો છું."

મૌલાના સાહેબે તેને આઠ–પંદર દિવસ પોતાને ત્યાં મહેમાન તરીકે રાખ્યો. પુસ્તક તૈયાર થતાં એની પહેલી પ્રત એ પઠાણને આપી. સાથે સાથે મૌલાના સાહેબે રૂપિયા ચાળીસ તેને પાછા કાબુલ જવા આપ્યા.

પઠાણ તો ખુશ ખુશ થઈ ગયો. પહેલું પાનું ઉઘાડીને જોયું તો ત્યાં છાપ્યું હતું:

"અર્પણ, એ અજાણ્યા મુસાફરને, જે કાબુલથી કલકત્તા સુધી આ કુરાન લેવા ખાતર આવી પહોંચ્યો હતો."

મુકુલભાઈ

રામકૃષ્ણ ઉપનિષદ

૪
ચિત્તશુદ્ધિ

કદી કોઈ સુંદર સ્ત્રી તમારી સામે આવે તો આપણે જેને દુર્ગા, ભવાની વગેરે નામોથી પૂજીએ છીએ તે પરમેશ્વરરૂપ દેવીનું ચિંતન કરવું જોઈએ. એ સુંદર સ્ત્રીને લોકમાતાનું જ એક સ્વરૂપ સમજીને એમ વિચારવું જોઈએ કે, તે અવશ્ય દેવીનો અવતાર છે, નહીં તો તેનામાં આવું સૌંદર્ય કેવી રીતે આવી શકે? તે જ વાત્સલ્યમય જનની પ્રસન્ન થઈને દર્શન દઈ રહી છે એમ સમજીને તમારી સામે ઊભેલી સ્ત્રીને પ્રણામ કરો. એ પછી મનમાં વિકાર રહેવો અસંભવિત છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ આવી જ યુક્તિ અજમાવતા હતા. તેમનો એ ઉપદેશ મનને કાબૂમાં રાખવા માટે નિ:સંદેહ સર્વોત્તમ સાધન છે.

સ્ત્રીમાત્રની ઘૃણા કરવી અનુચિત છે. સ્ત્રીઓને વિષે ખરાબ ખરાબ વાતો કહેવી અને તેમનું અપમાન કરવું એ ઇચ્છવાજોગ નથી. કદી પણ માતાની નિંદા કરી શકાય ખરી કે? માતાને આપણે ગાળ કેવી રીતે દઈ શકીએ? સ્ત્રી તો સર્વવ્યાપી પરમેશ્વરનું બીજું રૂપ મહાશક્તિમયી જગન્માતા છે તે દેવીનો અવતાર છે. સ્ત્રીનું હાસ્ય

સ્વાભાવિક હોય છે, મનોહારી હોય છે. તે વાત્સલ્યથી પ્રેરાઈને પ્રગટ થાય છે. દેવીને નમસ્કાર કરો, કામનું નામનિશાન પણ નહીં રહે.

પરમહંસના આ સદુપદેશનું પાલન કરીએ તો આપણે જોઈશું કે મન પવિત્ર થાય છે.

કોઈ સ્વરૂપવાન સ્રીને જોઈને ચિત્ત ચંચળ થવા લાગે તો અશોક વૃક્ષ નીચે બેઠેલી ધ્યાનમગ્ન સીતાજીનું સ્મરણ કરો. રાક્ષસ બની જશો, કે હનુમાનની ક્ષમા માગીને પોતાનો મેલ દૂર કરવાનો પ્રયત્ન કરશો? સ્રીના રૂપમાં જગન્માતા આવી છે, તે તમારી ભક્તિ ચાહે છે. તમે તેની કૃપાની માગણી કરો. એને બદલે તમે જો તમારામાં કામવિકાર ઉત્તેજિત કરવા લાગશો તો તમારા જેવો બેવકૂફ બીજો કોઈ નહીં હોય. જે મિથ્યા છે તેને સત્ય માનીને પતનને રસ્તે ન જાઓ.

મનની અંદર સારા કે નરસાની પ્રેરણાથી જ આપણે બધાં કામ કરીએ છીએ, મનને અશુદ્ધ રાખીને આપણે સારાં કામ નહીં કરી શકીએ. મારા મનની વાત બીજાઓ થોડા જ જાણવાના છે એમ વિચારીને મનને વળી વધુ કલુષિત ન કરો, નહીં તો તમારા જીવનનાં બધાં કાર્યો એટલાં બગડી જશે કે તમે તેને સુધારી નહીં શકો. જેમાંથી ગામના લોકો પીવાનું પાણી ભરી જાય છે એવા કૂવામાં આપણે જો ગંદી વસ્તુઓ નાખીએ તો આખા ગામનું આરોગ્ય બગડશે એ નિશ્ચિત છે. એ જ રીતે અશુદ્ધ વિચારવાળાઓનું જીવન બરબાદ થાય છે એ પણ એટલું જ નિશ્ચિત છે.

* * *

બે મિત્રો કશા હેતુ વિના શહેરની ગલીઓમાં લટાર મારતા હતા. તેમને કશું ખાસ કામ નહોતું. કોઈક ઘરમાં ભાગવતની કથા વંચાતી હતી. ત્યાં ઘણા લોકો એકઠા થતા હતા. બંને મિત્રો ત્યાં થઈને જતા હતા ત્યારે એકે કહ્યું,

ચાલો, આપણે પણ કથા સાંભળીએ.

બીજાને એ સલાહ પસંદ ન પડી. તે બોલ્યો, 'મને કથા-પુરાણમાં રસ નથી. એ લોકો સાચું-જૂઠું ગમે તેવું બક બક કરે છે. વેશ્યાનું ઘર પાસે જ છે; ચાલો, આજની રાત ત્યાં મોજથી કાઢીએ. એક દિવસ જરા દિલ ખુશ કરી લઈએ તેમાં શું બગડી જવાનું છે?'

પહેલા મિત્રને એ વાત ન રુચી. તેણે વેશ્યાને ઘેર જવાની ના પાડી અને તે કથા સાંભળવા બેઠો. બીજો ગણિકાની શોધમાં નીકળ્યો. એકને ઘેર તે પહોંચી પણ ગયો. પણ તેનું મન ઘણું જ બેચેન બની ગયું. તેને આખો વખત એમ જ લાગ્યા કર્યું કે હું પણ ભાગવત સાંભળવા રોકાઈ ગયો હોત તો કેવું સારું થાત? પાસે જ ચાર જણા પાનાં રમતા હતા, પણ તેમાંયે તેનું મન ચોંટ્યું નહીં.

ભાગવત સાંભળવાને બેઠો હતો તે મિત્રને આખો વખત આવા વિચારો જ આવ્યા કર્યા: 'અહીંયાં રોકાઈ જઈને હું ખરો બેવકૂફ બન્યો. મારો મિત્ર આ વખતે કેવી મોજ ઉડાવતો હશે.' કથામાં તેને જરાયે રસ ન આવ્યો. તેનું મન વેશ્યાના ઘર આગળથી ખસ્યું જ નહીં. અને જે વેશ્યાને ઘેર બેઠો હતો તેનું મન હરિકથા તરફ જ ખેંચાતું રહ્યું.

સારા વિચારોને લીધે બૂરી સોબતમાં રહેવા છતાંયે તે પવિત્ર રહ્યો, જ્યારે કથા સાંભળતો હતો તેમ છતાં તેનો મિત્ર ખરાબ વિચારોને લીધે પાપનો સંચય કરતો રહ્યો.

રસોઈ બનાવવા માટેનાં બધાં વાસણો તમારી પાસે હોય તેમ છતાં તમે ઊઠીને રસોઈ કરવા ન લાગી જાઓ તો ખાવાનું કેવી રીતે તૈયાર થશે? જાતે પ્રયત્ન કર્યા વિના કોઈ પણ કામ થઈ શકતું નથી. કેવળ ઉપદેશ સાંભળવાથી કશો લાભ નથી થતો. ભક્તિમાં મન સારી પેઠે પરોવો.

ગરીબોના આશીર્વાદ

સાબરકાંઠાના પછાત પ્રદેશમાં એક મેળામાં એક વૃદ્ધ ભીલને પૂછ્યું: 'દારૂબંધીથી તમને ફાયદો થયો કે નુકસાન?' તેણે જવાબ આપ્યો: 'આ મેળામાં જે ઝમક દેખાય છે તે દારૂબંધીના પ્રતાપ છે. દારૂબંધીથી અમે ખાતાપીતા તથા પહેરતા ઓઢતા થયા છીએ.' ડાંગ બાજુ ગયા ત્યારે ત્યાંના ભીલોએ પણ આવો જ જવાબ આપ્યો હતો.

મહીકાંઠાની એક બારૈયા બહેને પોતાના જીવનની વાત કરતાં જણાવ્યું કે 'દારૂબંધી થઈ એટલે અમારું તો એક મોટું દુઃખ ટળ્યું. વારતહેવારે દારૂ પીને તોફાન કરતા અને ઘરમાં મારઝૂડ કરતા તે હવે નથી થતું અને સારું ફરી ખાવાય પામીએ છીએ. પહેલાં તો એમનો પૈસો દારૂમાં જ તણાઈ જતો. ત્યારે હવે તો એ પૈસો પણ બચ્યો છે અને અમને શાંતિ થઈ છે.'

દારૂબંધી માટે આના કરતાં વધારે આશીર્વાદની જરૂર છે?

(વિદ્યાર્થીઓની પ્રવાસ-નોંધ પરથી) દિ૦

સરદારની શીખ

[સરદાર અસરકારક વક્તા હતા તે જ રીતે કુશળ પત્રલેખક પણ હતા. પોતાના લાંબા જાહેર જીવન દરમ્યાન પત્રો દ્વારા તેમણે અનેક સેવકોને માર્ગદર્શન કર્યું છે. એ પત્રોમાં આપણને તેમનાં અગાધ ડહાપણ, દીર્ઘદૃષ્ટિ અને સમાજહિત માટેની તેમની ધગશનું દર્શન થાય છે અને તેમાં રહેલો બોધ જીવનપર્યંત માટેય સૌ કોઈને ઉપકારક થઈ પડે એમ છે. એ પત્રોમાંથી તેમનાં પુત્રી કુ. મણિબહેને કરેલાં તારણો આ વિભાગમાં વખતો વખત આપવામાં આવશે.]

. . . પ્રજાનો દોષ હોય કે આગેવાનોનો દોષ એ ચર્ચામાં ઊતરવાની જરૂર નથી. દરેક પોતાનું અંતર તપાસે તો બસ થાય. આપણે આપણી ફરજ અદા કરીએ તો બીજાનો દોષ જોવાની જરૂર ન રહે. ઘણી વખત આપણે અંતર દૃષ્ટિ કરીએ તો બીજાના કરતાં પોતાના દોષ વધારે માલૂમ પડે.

નવી દિલ્હી, ૧૯–૫–૩૧

. . . મતભેદ હોવા છતાં પ્રામાણિકતા વિષે શંકા ન લાવવી એ જાહેર જીવનનો પ્રથમ પાઠ છે.

વર્ધા, ૧૯-૪-'૩૬

. . . માણસમાત્ર ભૂલને પાત્ર છે. પણ નિર્દોષ ભૂલ ક્ષમ્ય હોય છે.

મુંબઈ, ૨૦-૧-'૩૬

. . . જેને સેવા એ જ ધર્મ છે એને ઊંઘમાં પણ બીજા વિચાર ન આવે. . . .

લોકોને મરવા તૈયાર કરવા કઠણ નથી પણ લાંબા સમય સુધી દુઃખ સહન કરવાને માટે તૈયાર કરવા મુશ્કેલ છે. એથી આપણે નિરાશ થવાનું કશુંયે કારણ નથી.' પણ આ સ્થિતિ અનિવાર્ય છે એ સમજવું જોઈએ. અને એને માટે કોઈને દોષ દેવો નકામો છે. . . . સિપાઈઓ જેવા સેનાપતિ મળે છે. અને આગેવાન જેવા સિપાઈઓ મળે છે. એ બધું અરસપરસ ચાલે છે. હું એક જ સૂત્રમાં માનું છું. આપ ભલા તો જગ ભલા. આપણે સીધા અને સાચા હોઈશું તો સૌ ઠીક થઈ રહેશે.

અમદાવાદ, ૧૩-૨-'૩૬

ભારતનાં રાજ્યોની સરકાર

[ભારતના રાજ્યબંધારણનો, આગળનો હપતો]

ભારત અનેક રાજ્યોનો એક સમવાય કે સંઘ છે, એ આપણે જોઈ ગયા. આવાં રાજ્યો કુલ ૨૯ છે. તેમની યાદી બંધારણની પહેલી સૂચિમાં આપી છે. આ રાજ્યો અંગ્રેજી રાજ્યના જમાનાનાં પ્રાંતો તથા દેશી રાજ્યોના મુલકનાં બનેલાં છે; તે યાદીમાં એ બંને ભાતના પ્રદેશો આવી જાય છે. ભારતના સ્વતંત્ર બંધારણે એક મોટું કામ કરી આપ્યું છે તે એ, કે, બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજાઓનાં રાજ્યોને એક સાંકળમાં મૂકી આપીને આખા દેશને એકસૂત્ર કર્યો છે. પરંતુ એ બંનેનો ઇતિહાસ જુદો છે; તેમાં ચાલતી રાજ્યપદ્ધતિ જુદી હતી. વળી દેશી રાજ્યોમાં પણ થોડાંક ગામનું નાનકડું રાજ્ય પણ હતું અને નિઝામનું હૈદરાબાદ પણ હતું. વળી તે રાજ્યોમાં પ્રજાતંત્રની લોકશાહી ઢબ નહોતી, પણ રાજાશાહી અને તેની આપખુદી ચાલતી હતી. આવા આવા મોટા ફરકોને ધ્યાનમાં લઈને ભારતના રાજબંધારણમાં તેનાં રાજ્યોના ક, ખ, ગ એમ ત્રણ મોટા

ભાગ પાડવામાં આવ્યા છે. क વિભાગમાં જૂના બ્રિટિશ પ્રાંતો મૂકયા છે:

૧. આસામ, ૨. બિહાર, ૩. મુંબઈ, ૪. મધ્ય પ્રદેશ (જૂનું નામ સી. પી.), ૫. મદ્રાસ, ૬. ઓરિસા, ૭. પંજાબ ૮. યુક્ત પ્રાંત (ઉત્તર પ્રદેશ), ૯. પશ્ચિમ બંગાળ.

ख વિભાગ

૧. હૈદરાબાદ, ૨. જમ્મુ અને કાશ્મીર, ૩. મધ્ય ભારત, ૪. મૈસૂર, ૫. પતિયાળા અને પૂર્વ પંજાબ રાજ્યમંડળ (ટૂંકમાં અંગ્રેજીમાં 'પેપ્સુ' કહે છે.), ૬. રાજસ્થાન, ૭. સૌરાષ્ટ્ર, ૮. ત્રાવણકોર-કોચીન, ૯. વિંધ્ય પ્રદેશ.

ग વિભાગ

૧. અજમેર, ૨. ભોપાળ, ૩. બિલાસપુર, ૪. કૂચ બિહાર, ૫. કુર્ગ, ૬. દિલ્હી, ૭. હિમાચલ પ્રદેશ, ૮. કચ્છ, ૯. મણિપુર, ૧૦. ત્રિપુરા.

ઉપરાંત આંદામાન અને નિકોબાર ટાપુ બાકી રહે છે તેને ચોથા घ વિભાગ તરીકે મૂકવામાં આવ્યા છે.

બંધારણમાં આ ચારે વિભાગની હકૂમત કઈ રીતે ચાલે તેનો પ્રબંધ અલગ અલગ વિચાર્યો છે. તે ક્રમે ક્રમે જોઈએ.

क વિભાગની સરકાર

આ વિભાગમાં કુલ નવ રાજ્યો છે તે દરેક માટે એક એક ગવર્નર રહેશે. આ દરેક રાજ્યની હકૂમત તેના હાથમાં રહેશે. તે એનું સંચાલન બંધારણ મુજબ પોતે કે પોતાના તાબાના અમલદારો મારફત કરશે.

ગવર્નરની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે, અને તે સામાન્યપણે ૫ વરસને માટે હશે. પણ તે દરમિયાન રાષ્ટ્રપતિ તેને દૂર કરી શકે અથવા ગવર્નર પોતે રાષ્ટ્રપતિને રાજીનામું આપી શકે.

જે ગવર્નર નિમાય તે ભારતનો નાગરિક હોવો જોઈએ અને પૂરાં ૩૫ વરસથી ઓછી ઉંમરનો તે ન હોય. તે ભારતની પાર્લમેન્ટ કે क વિભાગના કોઈ રાજ્યની ધારાસભાનો સભ્ય ન હોય; અને જો હોય અને તેની નિમણૂક થાય તો તેથી આપોઆપ તે તેનો સભ્ય મટી જશે.

ગવર્નરને મફત રહેવાનું, તથા પાર્લમેન્ટ ઠરાવે તે પગાર અને ભથ્થાં મળશે. એક વાર નક્કી થયા પછી તેની

કારકિર્દી દરમિયાન તેમાં ફેરફાર નહીં કરી શકાય.

ગવર્નર હોદ્દા પર આવે ત્યારે તેણે બંધારણને વફાદારીના નક્કી કરેલા સોગન લેવા જોઈશે.

ગવર્નરના કામકાજમાં કોઈ અણધારી મુશ્કેલી આવે કે જેને માટે ઘટતી જોગવાઈ બંધારણમાં ન મળે, તો તે વખતે રાષ્ટ્રપતિ તેમને ઠીક લાગે તેવી જોગવાઈ કરી શકશે.

ગવર્નરને સલાહ આપવાને માટે પ્રધાનમંડળ હશે, જેનો પ્રમુખ વડો પ્રધાન રહેશે. પ્રધાનમંડળની સલાહ પ્રમાણે ગવર્નર પોતાનું કામ કરશે, સિવાય કે બંધારણે એવી બાબત સૂચવી હોય જેમાં ગવર્નરને ઇચ્છે તેમ વર્તવાની છુટ આપી હોય.

વડા પ્રધાનની નિમણૂક ગવર્નર કરશે, અને વડો પ્રધાન જેમને પ્રધાનો તરીકે લેવાની સલાહ આપે તેમને પ્રધાન તરીકે ગવર્નર નીમશે.

પ્રધાનમંડળ રાજ્યની ધારાસભાને જવાબદાર રહીને વર્તશે.

કોઈ પ્રધાન લાગલાગટ છ મહિના સુધી જો તેના રાજ્યની ધારાસભાનો સભ્ય નહીં હોય, તો તેટલા સમયને અંતે તે પ્રધાન નહીં રહી શકે.

પ્રધાનોને પગાર, ભથ્થાં ૬૦ ધારાસભા ઠરાવે તે મુજબ અપાશે.

આ ઉપરાંત ગવર્નર રાજ્યને માટે સરકારી વડો વકીલ કે ઍડવોકેટ-જનરલ નીમશે. તે માણસ હાઈકોર્ટનો જજ થઈ શકે એવી લાયકાતવાળો હોવો જોઈએ. રાજકારભારમાં કાયદાને અંગે જે જે બાબતો વિચારવાની આવે તેવી બધી બાબતો સંભાળવાનું તેનું કામ રહેશે.

ગવર્નરની મરજી હોય ત્યાં સુધી તે પોતાના પદે રહેશે અને તે ઠરાવે એ પગાર એને મળશે.

ક. વિભાગનાં રાજ્યો માટેની સરકાર રચવાની વ્યવસ્થા આ પ્રમાણે છે. એક વસ્તુ એ રહે છે કે, બિહાર, મધ્ય પ્રદેશ અને ઓરિસા કે જે રાજ્યોમાં આદિવાસી કહેવાતી જાતિઓ ખૂબ સંખ્યામાં છે, ત્યાં તે જાતિઓના કલ્યાણ માટે ખાસ પ્રધાન નીમવો જોઈએ, એવી ફરજ બંધારણે મૂકી છે. આ પ્રધાન બીજાં કામો પણ તેની સાથે કરી શકશે, પણ ઉપરનું ખાસ કામ એક

અલગ પ્રધાનને ભાળવવું જોઈએ એવું બંધારણીય ફરમાન છે.

ખ તથા ગ વિભાગ વિષે આવતે વખતે જોઈશું.

૧૧-૧૨-'૫૧ મગનભાઈ દેસાઈ

સંવત્સરી

આ અંક બહાર પડશે તે દિવસે સરદારશ્રીના અવસાનને એક વર્ષ પૂરું થશે. દિવસો કેટલા ઝપાટાબંધ પસાર થઈ જાય છે! જાણે ગઈ કાલે જ તેમને વળાવ્યા હોય એમ લાગે છે. ચૂંટણીની મોસમમાં કોંગ્રેસને જ નહીં પણ બીજાયે પક્ષો અને ઢગલાબંધ સ્વતંત્ર ઉમેદવારોને તથા સામાન્ય મતદારોનેયે તેમની દોરવણીની ખોટ લાગે એવું છે. એમના પ્રત્યેની આમન્યાને લીધે આજે જે ચૂંટણી અંગે અરાજકતા જેવું ઊભું થયું છે તે બહુ મોટે અંશે અટકી શકત.

પણ પરમેશ્વરનો નિયમ અટળ છે. એ જીવને સમાજની વચ્ચે જન્મ આપે છે, પણ જાય છે ત્યારે સમાજને મૂકીને એકલો જ જાય છે. પોતાની વચ્ચે ઉત્પન્ન થયો હોય, છતાં તેના વિના ચલાવવાની ઈશ્વરે સમાજ ઉપર જવાબદારી નાખી છે. જન્મનારને ઈશ્વરનો હુકમ છે કે સમાજની વચ્ચે તને મોકલું છું, સમાજની મદદ પર તું નભીશ. માટે જીવે ત્યાં સુધી સમાજની સેવા કરી તેનું ઋણ ચૂકવજે. સમાજને ફરમાવે છે કે મારો એક દિવ્ય અંશ મેં તમારી વચ્ચે મોકલ્યો છે. તેને સંભાળજો અને ખીલવજો. એ પાછો મારી તરફ ખેંચાઈ આવે ત્યાં સુધીમાં એનો સાશમાં સારો ઉપયોગ કરી લેજો. એને હું જ તમારી તરફ મોકલું છું, અને પાછો ખેંચી લઈશ. દરમ્યાન જોઈશ કે તમે એ મારા અંશનો સદુપયોગ કરી જાણ્યો. તે મુજબ તમને આગળ ઉપર મદદ મળશે, માટે સાવધ રહેજો.

બાપુ ગયા, સરદાર ગયા, પાછળ ઠક્કરબાપા ગયા. તે સૌએ સમાજ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવામાં કશી બાકી નહોતી રાખી એમ એમના વિરોધીઓનેયે સ્વીકાર્યા વિના ન ચાલે. આપણા જમાનાને ભારેમાં ભારે જ્યોતિર્ધરો આપવાની ઈશ્વરે કૃપા કરી એ પણ બધા કબૂલ કરશે. ગુજરાત દ્વારા જ એ સર્વે દિવ્યાંશો

મળ્યા એ, ઈશ્વરની જેવી તેવી કૃપા ન કહેવાય. આપણે એમનો ઘણો ઉપયોગ કર્યો, અને આદર-કદર પણ કર્યાં છે, એ પણ સાચું. પણ પૂરો અને સઘળો સદુપયોગ જ કર્યો હશે કે કેમ તે વિષે આપણે ખાતરી આપી શકીશું? મારી દૃષ્ટિએ એની બે કસોટીઓ છે. એ મહર્ષિતુલ્ય સમાજ-સેવકોની પરંપરા તૂટે નહીં, પોતાને કાળે જાય ત્યારે પ્રાપ્ત રહેલા સમાજને પંગુ બન્યા જેવું લાગે નહીં. જેટલે અંશે આ બે કસોટીમાં પાર પડીએ, તેટલે અંશે સમાજ ઉન્નત થતો જાય છે એમ કહેવાય.

વર્ધા, ૪-૧૨-'૫૧ કિશોરલાલ મશરૂવાળા
('હરિજનબંધુ'માંથી)

પૂરું થતું પખવાડિયું

પૂર્વ પંજાબની પ્રાંતિક સમિતિની કાર્યવાહક સમિતિએ ૬૭ સભ્યોને કોંગ્રેસ પક્ષના સભ્યપદેથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. એમાં પૂર્વ પંજાબના માજી વડા પ્રધાન ડૉ. ગોપીચંદ ભાર્ગવનો પણ સમાવેશ થાય છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના ભારતના કાયમી સભ્ય શ્રી બી. એન. રાવને હેગ ખાતેની આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે.

ગઈ તા. ૫મીએ સવારે ૬ વાગ્યે રાજકોટ ખાતે, દરબાર સાહેબ ગોપાળદાસનું હૃદયરોગથી અવસાન થયું છે.

નવા બંધારણ મુજબ હિંદમાં પહેલવહેલી ચૂંટણી હિમાચલ પ્રદેશમાં થઈ છે અને તેનું પરિણામ પણ બહાર પડી ગયું છે. એ પ્રદેશમાં કોંગ્રેસની ચોખ્ખી બહુમતી આવી છે.

મ૦

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯